# અંશ પ્રવચનના

:: પ્રવચનસ્રોત ::

**શ્રી સિંદૂરપ્રકરસ્તવ**

:: પ્રવચન ::


પ.પૂ. પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ

સ્વ.આ.ભ.શ્રી.વિ. રામચન્દ્રસૂરીશ્વરજીમ.ના પટ્ટાલંકાર

પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. મુક્તિચન્દ્રસૂ.મ.ના શિષ્યરત્ન

પ.પૂ. સ્વ.આ.ભ.શ્રી.વિ. અમરગુપ્તસૂ.મ.ના શિષ્યરત્ન

**પ.પૂ.આ.ભ.શ્રી.વિ. ચન્દ્રગુપ્તસૂ.મ.**



:: પ્રકાશન ::

**શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ**

:: આર્થિક સહકાર ::

**સુશ્રાવિકા યશોમતીબેન જસવંતલાલના સ્મરણાર્થે**

**હ. સોનલબેન-મુંબઇ**

□ પુસ્તક : અંશ પ્રવચનના : શ્રી સિંદૂરપ્રકરસ્તવ
□ આવૃત્તિ : પ્રથમ
□ નકલ : ૧૦૦૦
□ પ્રકાશન : શ્રી અનેકાંત પ્રકાશન જૈન રિલીજીયસ ટ્રસ્ટ
□ પ્રાપ્તિસ્થાન :
(૧) શા. મુકુંદભાઇ રમણલાલ
૫, નવરત્ન ફ્લેટ્સ, નવા વિકાસગૃહ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(૨) પ્રમોદભાઇ છોટાલાલ શાહ
૧૦૨, વોરા આશિષ, પં. સોલીસીટર રોડ, મલાડ (ઇસ્ટ),
મુંબઇ-૪૦૦ ૦૯૭.
(૩) જતીનભાઇ હેમચંદ શાહ
'કોમલ' છાપરીયા શેરી, મહીધરપુરા,
સુરત-૩.
(૪) તનીલ એ. વોરા
૪/૭૪, કૃષ્ણકુંજ, જૂના પુલગેટ પાસે,
૨૩૯૨/૯૩, જનરલ થીમૈયા રોડ,
પૂના-૪૧૧ ૦૦૧.
□ આર્થિક સહકાર :
સુશ્રાવિકા યશોમતીબેન જસવંતલાલના સ્મરણાર્થે
હ. સોનલબેન-મુંબઇ
□ મુદ્રક :
*Tejas Printers*
F/5, Parijat Complex, Swaminarayan Mandir Rd., Kalupur, A'bad-1.
**(M) 98253 47620 □ Ph. (O) 22172271**

# શ્રી ઉપધાનતપપ્રવેશ-દિને

વિ.સં. ૨૦૬૮, વણી મા.વ. ૬ થી મ.સુ. ૮

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનને પામેલા મહાપુરુષોએ આપણા હિતની ચિંતા કરતી વખતે મોક્ષમાર્ગ કોને કહેવાય છે એ બતાવવાનું કામ કર્યું છે. જ્ઞાન, સંયમ અને તપ : આ ત્રણ મોક્ષમાર્ગ છે. ગૃહસ્થપણામાં શ્રેષ્ઠ આરાધના આ ઉપધાનતપની છે. ઉપધાનતપ આકરામાં આકરો છે. આમાં તપ ફરજિયાત થઈ જશે, સંયમ પળાઈ જશે પણ જ્ઞાન માટે સમય ફાળવવો અઘરો પડશે. સાચું ને ? વિકથામાં સમય પસાર ન થાય અને જ્ઞાન મળે એના માટે પુરુષાર્થ કરી લેવો. જ્ઞાન, સંયમ અને તપ : આ ત્રણ એક થશે તો મોક્ષે પહોંચાશે. જ્ઞાનના કારણે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ થશે, દર્શનાવરણીયકર્મનો ક્ષયોપશમ થશે. સંયમથી ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ થશે અને તપથી ભૂતકાળનાં કર્મોની નિર્જરા થશે. સાધુભગવંતો પંદર કલાક ભણી શકે તો તમે પણ પૌષધમાં એટલું ભણી શકો ને ? તપથી આત્માની શુદ્ધિ થશે, જ્ઞાનથી માર્ગ દેખાશે અને સંયમથી આશ્રવ દૂર થઈને નવો કર્મબંધ અટકશે. માર્ગે ચાલવા માટે જ્ઞાનની જરૂર છે. આશ્રવ બંધ ન થાય, ભૂતકાળનાં કર્મોનો નિકાલ ન થાય અને આત્માની અશુદ્ધિ દૂર ન થાય તો માર્ગે નહિ ચલાય. ઉપધાન જેવું અનુષ્ઠાન ફાવી જાય તો સાધુપણું સારામાં સારી રીતે પળાય. સુડતાળીસ દિવસ માટે બધું છૂટી જાય તો કાયમ માટે કેમ ન છૂટે ? ચાર દિવસ રોગ જાય એ ગમે કે કાયમ માટે જાય એ ગમે ? ઉપધાન ફાવી જાય તો નીકળવું છે કે રહી જવું છે ? જો નીકળશે તો અમે સમજીશું કે ઉપધાન ફાવ્યાં નથી. ઉપધાનમાં પ્રવેશ થયો એનો અર્થ એ નથી કે - ફળ મળી ગયું.

ફળ મેળવવા માટે પુરુષાર્થ કરવો પડશે. અપ્રમત્તપણે ક્રિયા કરવાની, જ્ઞાનને મેળવતા રહેવાનું, તો મોક્ષમાર્ગે આગળ વધીશું. રસ્તો ગમે તેટલો સારો હોય પણ અંધારામાં ચાલવાનું ન ફાવે ને ? તેમ ક્રિયા ગમે તેટલી સારી હશે પણ જ્ઞાન વગર નકામી જશે.

દરેકને પોતપોતાના સ્થાને ક્રિયા કરાવવાનું કામ અશક્ય હોવાથી અને એક સ્થાને બધાને ક્રિયા કરાવવાનું કામ શક્ય હોવાથી આયોજકે આ રીતે અનુકૂળતા કરી આપી છે. તેથી ગુરુની નિશ્રામાં એક સ્થાને રહીને તેમની પાસેથી જ્ઞાનક્રિયા પ્રાપ્ત કરી લેવાં છે. ઘર છોડીને આ રીતે રહ્યા છો તો તેનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેવો છે. જ્ઞાન, સંયમ અને તપની એકાત્મતા સાધી લેવી છે. એક વાર આ લક્ષ્ય આવી જશે તો મોક્ષમાર્ગ આપણા માટે સુલભ બનશે.

**अपारे संसारे कथमपि समासाद्य नृभवम् ।**
**न धर्मं यः कुर्याद् विषयसुखतृष्णातरलितः ।।**
**ब्रुडन् पारावारे प्रवरमपहाय प्रवहणम् ।**
**स मुख्यो मूर्खाणामुपलमुपलब्धुं प्रयतते ।।७।।**

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શ્રીસોમપ્રભસૂરીશ્વરજીમહારાજા શ્રી સિંદૂરપ્રકરમાં ફરમાવે છે કે – અપાર એવા સંસારમાં વિષયસુખથી ચંચળ બનેલા જીવો ધર્મ કરતા નથી. હજુ સુધી આપણા ધર્મની શરૂઆત જ થઈ નથી. જે ઈરાદાથી ધર્મ કરવો છે એ ઈરાદો જો આપણો સચવાય નહીં તો ધર્મ થયો જ નથી. ઉપધાનતપના આરાધકો માટે વ્યાખ્યાન ફરજિયાત છે. સૂત્ર તો જે તમે બોલો છો એ જ અમે બોલીએ છીએ છતાં ગુરુભગવંતની નિશ્રાની જરૂર એટલા માટે જ છે કે આપણે આપણા ધર્મને મોક્ષ સુધી પહોંચાડવો છે. ધર્મની પ્રાપ્તિ



સંખ્યાના કારણે નથી, ગુણના કારણે છે. ભગવાનના વચનની સાથે મેળ બેસે તો મોક્ષે પહોંચી જઈશું. સગાસંબંધી સાથે મેળ જામશે તો સંસારમાં રખડવું પડશે. તમે ઉપધાન શા માટે કરવા તૈયાર થયા છો ? મોક્ષે જવા માટે જ ને ? જો મોક્ષે જવું હશે તો ઘરવાળા સામે જોવાનું બંધ કરવું પડશે. મોક્ષે જવા માટે ચાર ગતિમાંથી માત્ર મનુષ્યગતિ જ કામ લાગે છે. મનુષ્યજન્મ આપણે પ્રાપ્ત કર્યો ને ? શુદ્ધધર્મ કર્યો નહિ માટે મનુષ્યપણામાં આવ્યા છીએ, હવે શુદ્ધ ધર્મ કરીને ચાર ગતિને ટાળવી છે.

સ૦ કહેવાય છે ને કે – મહાપુણ્યથી મનુષ્યપણું મળ્યું છે.

પુણ્ય તો ધર્મ કરતાં ન આવડે ત્યારે બંધાય છે, શુદ્ધ ધર્મ કરતાં જેને આવડે તે તો કર્મ ખપાવી મોક્ષે પહોંચી જાય. શાસ્ત્રમાં જ્યાં પણ 'તમે પુણ્ય કરો પુણ્યવંત' એવું આવે એનો અર્થ 'તમે પવિત્ર કામ કરો' એ છે. કર્મનો બંધ કરવો એ પવિત્ર કામ નથી, કર્મ છોડીએ એ પવિત્ર કામ છે.

આ શ્લોકની બીજી લીટીમાં આપણે ધર્મ કેમ નથી કરી શકતા એ બતાવ્યું છે. વિષયસુખની તૃષ્ણાથી વ્યાપ્ત હોવાથી ધર્મ થતો નથી. અપાર એવા સંસારમાં મનુષ્યપણું મળવું દુર્લભ છે. મનુષ્યપણું મળ્યા પછી વિષયતૃષ્ણા કાઢવા માટે પ્રયત્ન ન કરીએ તો મળેલું મનુષ્યપણું નકામું જશે. વિષયની તૃષ્ણાને કાઢવા માટે આજથી શરૂઆત કરવી છે. આયોજકે નીવીમાં ગમે તેટલી વસ્તુઓ બનાવી હોય તોય આપણે માત્ર રોટલી દાળ ભાત અને શાક : આ ચાર સિવાય બીજી એકે વસ્તુ નથી લેવી. ધર્મ કરવાની ઉતાવળ કરવાની જરૂર નથી. યોગ્યતા મેળવી લેવી છે. વિષયની તૃષ્ણા હોય અને સાથે ધર્મની પ્રવૃત્તિ હોય તો શાસ્ત્રકારો કહે છે કે – એ અધર્મની પ્રવૃત્તિ છે અને વિષયની તૃષ્ણા ન હોય સાથે અધર્મની પ્રવૃત્તિ હોય છતાં એ ધર્મની

પ્રવૃત્તિ છે. આના માટે બ્રહ્મચારી રાજા અને નિત્યોપવાસી મુનિની વાર્તા આવે છે ને ? સુખ ભોગવવાની ભાવના ન હોય એનું નામ બ્રહ્મચર્ય અને ખાવાની ઇચ્છાનો અભાવ એ તપ છે. પ્રવૃત્તિનો ત્યાગ કરીએ એ ધર્મ નથી, પરિણામનો ત્યાગ એ ધર્મ છે. ધર્મ કરતી વખતે આપણી ઈચ્છા ઓછી થઈ કે ઈચ્છાએ માઝા મૂકી છે ? દૂધપાકની સાથે રોટલી વાપરીએ કે પૂરી શોધ્યા કરીએ ? વસ્તુના કારણે ઈચ્છા વધે છે માટે વસ્તુથી દૂર રહેવું છે. બજારમાં ગયા પછી પૈસા ન હોય તો ગમે તેટલું લેવાનું મન હોય છતાં નથી લેતા ને ? તેમ ધર્મ કરતી વખતે વિષયની ઈચ્છા ન હોય તો ગમે તેટલી વસ્તુઓ મળે છતાં નથી લેવી. સંસારસાગરથી પાર ઊતરવા માટે સાધન તરીકે મનુષ્યપણું જ છે. અનુત્તરવિમાનના દેવો પણ પોતાને અનુપમ સુખ મળવા છતાં મનુષ્યપણું ન મળ્યું એના માટે માથું પછાડે છે. જવું હતું ક્યાં અને આવ્યા ક્યાં - એવું એમને લાગે છે. પોતાની ઈચ્છા મુજબ ન મળે તો માણસ દુઃખી દુઃખી થાય ને ? એમના જેવા દુઃખી આ સંસારમાં કોઈ નથી. આપણને તો મનુષ્યજન્મ મળી ગયો છે ને ? તો એનો ઉપયોગ કરી લેવો છે ?

જે લોકો ધર્મ કરે છે એ લોકો સંસારને અપાર માનીને ધર્મ કરે છે. જે લોકો આ સિવાયના ઈરાદાથી ધર્મ કરે છે તે લોકો ધર્મ નથી કરતા, અધર્મ કરે છે. સંસાર અપાર છે - આ વાત જે જે લોકો માને છે, ઓળખે છે, એને છોડવા માટે પ્રયત્ન કરે છે તેઓ મોક્ષમાર્ગથી દૂર નથી, મોક્ષમાર્ગની યોગ્યતા તે લોકોએ આત્મસાત્ કરી છે. 'ધર્મ કરવો છે' - એના કરતાં 'ધર્મનું ફળ પ્રાપ્ત કરવું છે' એ વધુ મહત્ત્વનું છે. સંસારનું સુખ એ ધર્મનું ફળ જ નથી. ધર્મ કરતાં ન આવડે ત્યારે સંસારનું સુખ પ્રાપ્ત થાય. ધર્મનું ફળ સંસાર છૂટી જાય એ છે. આપણને એ ફળ નથી જોઈતું ને ? વર્તમાનમાં આપણને



ધર્મનું ફળ નથી મળતું એ સુખ ભોગવવાની ઈચ્છા જીવતી ને જાગતી પડી છે માટે. સુખ ભોગવવા માટે દુઃખ વેઠીએ ને ? જ્યારે ધર્મ માટે દુઃખ ભોગવીએ ? સુખ જોઈતું નથી માટે દુઃખ ભોગવીએ એનું નામ ધર્મ. સુખ માટે દુઃખ ભોગવીએ એનું નામ અધર્મ. સુખ જોઈતું નથી માટે સાધુપણામાં આવવાનું છે એવી રીતે ગૃહસ્થપણામાં ઉપધાન પણ સુખ છોડવા માટે કરવાનાં છે, દુઃખ વેઠવા માટે કરવાનાં છે. સુખ પ્રત્યેનો લગાવ અને દુઃખનો અણગમો આપણને ધર્મમાં જોડે છે : આ દશા આજે નહિ તો કાલે બદલવી જ પડશે. વિષય-કષાયની પરિણતિથી છૂટવા માટે જ્યારે ધર્મ કરતા હોઈએ ત્યારે વિષય-કષાય ન થાય એનું ધ્યાન રાખવું પડશે. સુખની અપેક્ષા છોડી દઈએ તો વિષય છૂટી જાય અને દુઃખની અપેક્ષા રાખી લઈએ તો કષાય જાય. દુઃખ વેઠવું હોય એને ગરમ થવાની જરૂર ખરી ? સુખ ભોગવીને ધર્મ કરવાની વાત ખોટી છે, દુઃખ વેઠીને ધર્મ કરવાની વાત સાચી છે. સમજીને દુઃખ વેઠવાનું કામ માત્ર મનુષ્યપણામાં છે. દેવલોકમાં દુઃખ નથી, તિર્યંચમાં વિવેક નથી અને નારકી તો હંમેશને માટે દુઃખ કાઢવા માટે જ તૈયાર હોય છે માટે મનુષ્યજન્મની વિશેષતા છે. અનુકૂળતા મળે તો છોડી ન શકીએ એ બને પણ ન મળે તો માંગીને પણ અનુકૂળતા ભોગવીએ - એવું ન બને : સાચું ને ? સંસારના સુખના આશયથી થનારો બધો ધર્મ અધર્મ છે : એવું સાંભળ્યા પછી પણ સંસારના સુખનો આશય જતો ન હોય અને સુખ માટે ધર્મ કરતા હોય તેવા લોકો મૂર્ખશેખર છે. આપણે ધર્મ કરવો છે કે અધર્મ જ ચાલુ રાખવો છે ? અધર્મ તો કરવો જ નથી અને ધર્મ શક્તિ મુજબ ભગવાનની આજ્ઞા પ્રમાણે કર્યા વગર રહેવું નથી.

**भक्तिं तीर्थंकरे[१] गुरौ[२] जिनमते[३] सङ्घे[४] च हिंसा[५]ऽनृत[६]–,**
**स्तेया[७]ब्रह्म[८]–परिग्रहा[९]द्युपरमं क्रोधाद्य[१०–१३]रीणां जयम् ।**

**सौजन्यं गुणिसङ्गमिन्द्रियदमं दानं तपो भावनां,**
**वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गन्तुं मनः ।।८।।**

શ્રી તીર્થંકરભગવંત, ગુરુભગવંત, જિનમત અને સંઘ પ્રત્યે ભક્તિ; હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહાદિથી વિરામ પામવો; ક્રોધ, માન, માયા, લોભ આ ભાવશત્રુનો જય કરવો; સુજનતા; ગુણીનો સંગમ; પાંચ ઇન્દ્રિયોનું દમન; દાન; તપ; ભાવના અને વૈરાગ્ય આ ઉપાયોને જો મોક્ષમાં જવાનું મન હોય તો તમે સેવો. આ મોક્ષના ઉપાયમાં સૌથી પહેલો ઉપાય પરમાત્માની ભક્તિ જણાવી છે. આ ભક્તિનું ફળ જણાવે છે :

**(૧) તીર્થંકર ભગવંતની ભક્તિ :**

**पापं लुम्पति दुर्गतिं दलयति व्यापादयत्यापदं,**
**पुण्यं सञ्चिनुते श्रियं वितनुते पुष्णाति नीरोगताम् ।**
**सौभाग्यं विदधाति, पल्लवयति प्रीतिं प्रसूते यशः,**
**स्वर्गं यच्छति निर्वृतिं च रचयत्यर्चार्हतां निर्मिता ।।९।।**

આપણે જ્યારે પણ મોક્ષે જવા તૈયાર થઈશું ત્યારે શ્રી તીર્થંકરપરમાત્માનો ધર્મ આરાધવો જ પડશે. મોક્ષે જવાના જેટલા ઉપાયો છે તે આ શ્લોકમાં જણાવ્યા છે. તેમાં સૌથી પહેલાં તીર્થંકરભગવંતની ભક્તિ જણાવી છે. ધર્મની શરૂઆત ભક્તિથી કરવાની છે. ભવથી તરવાની ભાવના સ્વરૂપ ભક્તિ વિના ધર્મની શરૂઆત થતી નથી. પહેલાં જિનેશ્વરભગવંતની ભક્તિ કરવાની અને ત્યાર બાદ જિનમતની ભક્તિ કરવાનું જણાવ્યું છે.

સ૦ મત એટલે ?

મત એટલે માન્યતા.



સ૦ જિનમત અને જિનશાસનમાં ફરક ?

મત અને શાસનમાં ફરક છે. મત એટલે દરેકની માન્યતા અને શાસન એટલે જેનું રાજ્ય ચાલે, જેની આજ્ઞા માનવાની હોય તે. આપણને જિનશાસન તો મળી ગયું, પરંતુ એ શાસનની આરાધના કરતી વખતે મત આપણો ચલાવીએ છીએ ને ? તેથી અહીં 'શાસન' ન લખતાં 'મત' લખ્યું છે. જિનશાસનની આરાધના જિનમત પ્રમાણે કરવાની છે, આપણા મત (ઈચ્છા) પ્રમાણે નહિ. એ જિનમતની ભક્તિ કરવાની વાત છે. આજે તો જિનશાસનમાં પણ બધા પોતપોતાની ઈચ્છા મુજબ ક્રિયા કરે ને ?

સ૦ ઈચ્છા મુજબ નહિ, શક્તિ મુજબ કરીએ, સહનશક્તિ નથી.

સહનશક્તિ નથી એમ બોલીને નહિ ચાલે, સહનશક્તિ કેળવવી પડશે. તમે દુઃખના ડરથી ધર્મ કરો છો તેથી શક્તિ ઓછી પડે છે. પાપનો ડર પેદા થાય તો શક્તિ પ્રગટે. દુઃખના ડરથી સહનશક્તિ ખલાસ થાય છે, પાપના ડરથી સહનશક્તિ પ્રગટે છે. 'દુઃખ પડશે' એવા ડરથી શક્તિ ખલાસ થાય ને 'પાપ લાગશે !' એવા ડરથી શક્તિ ખીલે છે. મત અને શાસન બંન્ને એક જ નથી. બે વચ્ચે ઘણો ફરક છે. જ્યાં મોહનું સામ્રાજ્ય હોય તેને મત કહેવાય. જ્યાં આજ્ઞાનું સામ્રાજ્ય હોય તેને શાસન કહેવાય.

અહીં શ્લોકમાં છેલ્લે પૂછ્યું છે કે यद्यस्ति गन्तुं मनः । જો તમને નિર્વૃત્તિપદે જવાનું મન હોય તો જિનેશ્વરભગવંતની ભક્તિથી શરૂઆત કરવાની છે. જેઓ મોક્ષની આરાધના કરવા જ આવ્યા હોય તેમને આવો પ્રશ્ન પૂછવો - એ એમનું અપમાન કર્યું કહેવાય ને ? છતાં અહીં એવો અપમાન કરવાનો ભાવ નથી. સંસારના સુખની ઈચ્છાથી પણ ધર્મ કરનારા લોકો હોય છે, એવા લોકો માટે આ પ્રશ્ન છે. આપણને મોક્ષમાં જવાનું

મન હોય તો આપણને એમ થાય કે આવો પ્રશ્ન કેમ પૂછે છે ? જમણવારમાં જાઓ ને કોઈ પૂછે કે 'જમવું છે ?' તો તમે શું કહો ? મોક્ષમાં જવાનું મન હોય તો આમાંથી એક પણ ઉપાય બાકી નહિ રાખીએ.

સૌથી પહેલાં તીર્થંકરની ભક્તિ જણાવી છે. તીર્થંકરપરમાત્માએ આપણી ઉપર જે ઉપકાર કર્યો છે તેની કિંમત સમજાય તો ભક્તિ જાગ્યા વિના ન રહે. આપણને જે ગમતું નથી તે કાયમ માટે છૂટી જાય તેનો ઉપાય આપણા ભગવાને બતાવ્યો છે. દુ:ખ આપણને ગમતું નથી ને ? દુ:ખ વેઠીને દુ:ખથી કઈ રીતે છૂટવું તે ઉપાય આપણા ભગવાને બતાવ્યો છે. જન્મ, જરા, મરણનું દુ:ખ; સંયમનું દુ:ખ ભોગવ્યા વિના નહિ ટળે. આ સંસારમાં માતા, પિતા, સ્વજનો વગેરે કોઈ આપણને મરણના દુ:ખથી બચાવવા માટે સમર્થ નથી. આપણા ભગવાન જ આપણને જન્માદિના દુ:ખથી બચાવવા માટે સમર્થ છે, માટે આપણે ભગવાનની ભક્તિ કરવી છે. ભગવાનના અતિશય પણ નિકાચિત કોટિનાં કર્મોવાળાનાં દુ:ખ ટાળવા માટે સમર્થ નથી, પરંતુ એવા જીવો ઉપર પણ ભગવાનના વચનની અસર થઈ શકે છે. દુ:ખ ટાળવા માટે અતિશય કામ ન લાગે પણ દુ:ખ સમતાથી વેઠવા માટે ભગવાનનું વચન સહાય કરે.

આપણે ઉપધાન કરીએ છીએ એ બહુ મોટો ગૌરવનો વિષય નથી. આપણે આઠમે વર્ષે દીક્ષા ન લીધી તેથી ઉપધાન કરવાનો વખત આવ્યો છે. માટે આપણે બરાબર કામે લાગવું છે. દુ:ખ વેઠવાનો અભ્યાસ પાડવો છે તેથી બધી જ ક્રિયા ઊભાં ઊભાં કરવી છે. વિકથા ઊભા ઊભા કલાક સુધી કરો તો ય થાક ન લાગે ને ? તો કાઉસ્સગ્ગમાં કે ખમાસમણાં આપતાં થાક કેમ લાગે ?



તીર્થંકર પરમાત્માની ભક્તિ એ મોક્ષનો પહેલો ઉપાય છે. જે તીર્થની સ્થાપના કરે તેને તીર્થંકર કહેવાય અને જે આ સંસારથી તારે તેને તીર્થ કહેવાય. વર્ત્તમાનમાં આપણા તીર્થોમાં તારકતા રહી નથી. કારણ કે તીર્થયાત્રા ફરવા માટે કરાય છે, તરવા માટે નહિ. તીર્થસ્થાનોમાં જે સામગ્રી મળે તે સંસારથી તારનારી હોય કે સંસારમાં મજા કરાવનારી હોય ? તીર્થમાં નહાવા-ધોવાની, હરવા-ફરવાની, રમવાની બધી જ વ્યવસ્થા હોવી જોઈએ ને ? શાસ્ત્રમાં કહ્યું છે કે શ્રાવક તો પૂજા કરવા માટે જ સ્નાન કરે. જેઓ નાહીને પૂજા નથી કરતા, તેમને સ્નાનક્રિયામાં જે છજીવનિકાયની વિરાધના થાય તે બધું જ પાપ લાગે. જેઓ પૂજા માટે સ્નાન કરે તેને વિરાધના થવા છતાં સ્વરૂપહિંસાનો જ દોષ લાગે. એ સિવાય સ્નાન કરે તો હેતુહિંસા કે અનુબંધહિંસાનું પાપ લાગે. જ્યાં એકકાયની વિરાધના થાય ત્યાં મોટેભાગે છજીવનિકાયની વિરાધના થાય જ. નહાતી વખતે પાણીની સાથે પૃથ્વીકાયની, પાણી ગરમ કરે તો અગ્નિકાય-વાઉકાયની વિરાધના થાય. જ્યાં પાણી હોય ત્યાં સામાન્યથી વનસ્પતિ હોય જ. (જત્થ જલં તત્થ વણં) અને તમે બાથરૂમમાં નહાઓ એટલે કીડી-વાંદા વગેરે ત્રસજીવો પણ મરે ને ?

ભગવાનની ભક્તિ શા માટે કરવાની છે એ જણાવવાના આશયથી અહીં ભગવાનની ભક્તિનું ફળ જણાવ્યું છે. તેમાં સૌથી પહેલાં જણાવ્યું છે કે ભગવાનની ભક્તિ આપણા પાપનું વિલોપન કરે છે. આપણે ભક્તિ શા માટે કરીએ છીએ ? પુણ્ય બાંધવા માટે કે પાપ કાઢવા માટે ? મિથ્યાત્વ અવિરતિ, કષાય અને પ્રમાદ : આ ચાર પાપ છે - એ કાઢવા માટે ભક્તિ છે. જે ભગવાનનું કહ્યું માને તેનું મિથ્યાત્વનું પાપ જાય. આથી જ 'મન્નહ જિણાણં' ની સજ્ઝાયમાં સૌથી પહેલાં મિથ્યાત્વનો ત્યાગ કરવાનો છે, પછી અવિરતિનું પાપ દૂર કરવું છે. ભગવાનનું વચન ન માનવું એ મિથ્યાત્વ

તેમ જ સુખનો રાગ અને દુઃખનો દ્વેષ એ અવિરતિ છે. આજે નક્કી કરવું છે કે ભગવાનની ભક્તિથી પુણ્ય ભલે બંધાતું, આપણે પાપના નાશ માટે ભક્તિ કરવી છે, પુણ્ય બાંધવા માટે નહિ. આપણે આપણા હૈયાને પૂછવું છે કે પુણ્ય બંધાય એ ગમે છે કે પાપ જાય એ ગમે છે ? ભગવાનની ભક્તિથી પાપ જાય છે, આ પાપના કારણે તો આપણે આપણો સંસાર ઊભો કર્યો છે. હવે પાપ જાય તો મારા સંસારનો પણ નાશ થશે - એમ સમજીને ભગવાનની ભક્તિ કરવી છે. મિથ્યાત્વ જાય તો સમ્યક્ત્વ મળે, અવિરતિ જાય તો વિરતિ મળે, કષાય જાય તો વીતરાગતા મળે, પ્રમાદ જાય તો કેવળજ્ઞાન મળે અને યોગ જાય તો મોક્ષ મળે.

ભગવાનની ભક્તિ માત્ર ભગવાનની સેવાપૂજા કરવામાં નથી સમાઈ, ભગવાનની આજ્ઞા માનવામાં ભક્તિ સમાયેલી છે. ભગવાનની સેવાપૂજા કરનાર જો ભગવાનનું કહ્યું ન માને તો તેઓની સેવાપૂજા ભક્તિમાં નથી ગણાતી. જે ભગવાનની પૂજા ન કરે, પણ ભગવાનનું કહ્યું માને તે ભગવાનના ભક્ત છે. સાધુ કરતાં શ્રાવકો ભગવાનની ભક્તિ વધુ કરે છે છતાં સાધુની ભક્તિ ચઢિયાતી કહી છે. કારણ કે સાધુભગવંત ચોવીસ કલાક ભગવાનની આજ્ઞા માને છે. આ ભગવાનનું કહ્યું માનીએ તો આપણાં (૧) પાપ સૌથી પહેલાં નાશ પામે છે. ત્યાર બાદ ભગવાનની ભક્તિ (૨) દુર્ગતિનું દલન કરે છે - એમ જણાવ્યું છે. તમે દુર્ગતિ કોને કહો ? જ્યાં સુખ મળે તે સદ્ગતિ અને જ્યાં દુઃખ આવે તે દુર્ગતિ. આ વ્યાખ્યા આપણી છે. જ્યારે શાસ્ત્રકારો કહે છે કે જ્યાં મોક્ષ મળે તે સદ્ગતિ અને જ્યાં મોક્ષ દૂર થાય તે દુર્ગતિ. કર્મના યોગે જે મળે તેને સદ્ગતિ ન કહેવાય, કર્મના ક્ષયથી જે મળે તેને સદ્ગતિ કહેવાય. તમારે નરકતિર્યંચ ગતિ ટાળીને દેવલોક કે મનુષ્યગતિ જોઈએ છે તેથી તમારી દુર્ગતિ ટળતી નથી.



સ૦ 'નરકતિર્યંચગતિ નિવારા' કહ્યું છે ને ?

નરકતિર્યંચગતિમાં દુઃખ ઘણું આવે છે માટે તેને ટાળવાની વાત નથી. ત્યાં ધર્મ નથી મળતો, મોક્ષની સાધના થતી નથી માટે તેને દુર્ગતિ કહી છે. મનુષ્યદેવગતિમાં સુખ મળે છે માટે તેને સદ્ગતિ કહી છે - એવું નથી, ત્યાં મોક્ષની આરાધના થાય છે માટે તેને સદ્ગતિ કહી છે. બાકી તો કર્મના યોગે જે ગતિ મળે તેને સદ્ગતિ ન કહેવાય. સદ્ગતિ તો એકમાત્ર પંચમગતિ છે. જેને દુઃખ ચાલે એવું છે એના જેવું કોઈ સુખી નથી અને જેને સુખ જોઈએ છે - એના જેવું કોઈ દુઃખી નથી. દુઃખને દુઃખ લાગવા ન દે - એવો આ ધર્મ છે. આથી જ ભક્તિના કારણે (૩) આપત્તિનો નાશ થાય છે - એમ જણાવ્યું. દુઃખ આવે એ આપત્તિ નથી, સુખ જાય એ આપત્તિ નથી. દુઃખ ટાળવાનું મન થાય અને સુખ ભોગવવાનું મન થાય એ જ આપત્તિ છે. આ આપત્તિનો નાશ ભગવાનની ભક્તિથી થાય છે. ભગવાનની ભક્તિ કરનારને દુઃખ ખરાબ ન લાગે અને સુખ સારું ન લાગે. એને તો દુઃખ વેઠી લેવા જેવું લાગે અને સુખ કાઢવા જેવું લાગે. ધર્માત્મા દુઃખની ફરિયાદ ન કરે અને સુખની માંગણી કરે નહિ. ધર્મ કરતી વખતે, દુઃખ ગમે તેટલું આવશે તે ચાલશે, સુખ જોઈતું નથી : બરાબર ને ? ઉપધાન કરતાં દુઃખ ગમે તેટલું પડે તોપણ ચાલશે, સામાયિક કરતાં કે પૂજા કરતાં દુઃખ ગમે તેટલું આવે તોય ચાલશે. કારણ કે ભગવાનની ભક્તિનો આ પ્રભાવ છે કે દુઃખ દુઃખ નથી લાગતું. આ ઉપધાનમાં સુડતાલીસ દિવસ ભગવાનની ભક્તિ કરીને પાછા ઘરે જાઓ તો ફરિયાદનો સૂર નાબૂદ થઈ જવો જોઈએ. સંસારમાં બીજાના દુઃખનો વિચાર કરીએ તો આપણા દુઃખની ફરિયાદ કરવાનું મન નહિ થાય. આ સંસારમાં દુઃખનો, ઉપાધિનો, આપત્તિનો પાર નથી તો હવે તે દુઃખની ફરિયાદ શું કરવાની ? હવે આપણું દુઃખ કોઈની આગળ રોવાની

જરૂર નથી. આપણને જે દુઃખ આવ્યું છે તે બીજાના કરતાં ઓછું છે અને એ દુઃખ શાંતિથી ભોગવી લઇએ તો આપણાં કર્મો પૂરાં થાય છે - એમ સમજીને દુઃખમાં પણ મજેથી જીવવું છે. ભગવાનની ભક્તિથી ઘાતીકર્મોરૂપ પાપ નાશ પામે છે, ધર્મમાં અંતરાય કરનાર દુર્ગતિ દૂર થાય છે અને આપત્તિ-દુઃખ દુઃખરૂપ લાગતી નથી.

ભગવાનની ભક્તિ (૪) પુણ્યને ભેગું કરી આપે છે. આ પુણ્યનો સંચય કરવાનું કામ સહેલું નથી. અનાદિકાળથી અકામનિર્જરા દ્વારા પુણ્ય ભેગું કરવાનું કામ તો આપણે કરતા જ આવ્યા છીએ. એવું પુણ્ય ભેગું કરવાની વાત નથી. ભગવાનની ભક્તિથી જે પુણ્યનો સંચય થાય છે તે તો પુણ્યાનુબંધી પુણ્ય છે. આ પુણ્યાનુબંધી પુણ્ય માંગીને નથી મળતું. માંગીને જે મળે તે પાપાનુબંધી પુણ્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પાપાનુબંધી પુણ્ય એ અસલમાં પાપ છે અને પુણ્યાનુબંધી પુણ્ય એ જ પુણ્ય છે. જે સુખની પાછળ દુઃખ પડેલું હોય તેને સુખ ન કહેવાય ને ? તેમ જેની પાછળ પાપનો અંશ પડેલો હોય તેને પુણ્ય ન કહેવાય. બકરીની આગળ વાઘ બાંધ્યો હોય તો લીલુંછમ ઘાસ નીરવા છતાં બકરીનું શરીર ન વળે ને ? તેમ જે સુખની પાછળ દુઃખ પડ્યું હોય એવું સુખ મળે તો એ ભોગવવા માટે ધર્માત્મા રાજી ન હોય ને ? ભગવાનની ભક્તિથી પુણ્યનો સંચય થાય છે, એનો અર્થ એ નથી કે પુણ્ય બાંધવાની ઈચ્છાથી ભક્તિ કરવાની છે. ભગવાનના શાસનમાં નિયમ છે કે જેને પુણ્ય બાંધવું હોય તેને પુણ્ય ન બંધાય, જેને પુણ્ય છોડવું હોય તેને પુણ્ય બંધાય. ભગવાનની ભક્તિ કરનારની ઈચ્છા સુખ ભોગવવાની હોય કે દીક્ષા લેવાની ? મારા ગુરુમહારાજ કહેતા હતા કે આ દુનિયામાં બે જ વસ્તુ માંગીને મળે એવી છે - એક દીક્ષા અને બીજો મોક્ષ. ભગવાનની ભક્તિ જે પુણ્યનો સંચય કરે છે તે પુણ્ય સંસારનાં



સુખો આપનારું નથી, એ તો દીક્ષા માટે જે અનુકૂળતા જોઈતી હોય તેને પૂરી પાડવાનું કામ કરે છે.

સ૦ દીક્ષા માટે કયું પુણ્ય જોઈએ ?

મનુષ્યજન્મ જોઈએ, પંચેન્દ્રિયપરિપૂર્ણતા, આર્યદેશકુળજાતિ, સારા ગુરુનો યોગ, સારાં માતા-પિતા, સારી પત્ની આ બધું જ પુણ્યથી મળે છે. તમને પાપ કરતાં અટકાવે એવી ધર્મપત્ની મળે તો સારું કે તમને પાપમાં સહાય કરે એવી ? તમે બહાર ફરવા જવાની વાત કરો તો પત્ની કહે કે 'ચાર ગતિમાં આપણે ઘણું રખડ્યા છીએ હવે કાંઈ ફરવું નથી, તમારી પાસે સમય હોય તો આપણે ઉપાશ્રયે જઈએ...' ભગવાનની ભક્તિ કરનારને જો પત્ની મળે તો આવી મળે. ભગવાનની ભક્તિથી સંચિત પુણ્ય આપણને મોક્ષમાર્ગની અનુકૂળ સામગ્રી આપે છે માટે અહીં પુણ્યની સ્તવના કરી છે. સંસારથી તારવામાં સહાય કરનારું પુણ્ય ભગવાનની ભક્તિથી ભેગું થાય છે, સંસારમાં સારી રીતે રાખે એવા પુણ્યની વાત જ નથી. ભવિષ્યમાં દીક્ષાની પ્રાપ્તિમાં અવરોધ ઊભો ન થાય તે માટે આવું પુણ્ય ભેગું કરવાની વાત છે. સુખ મળે ને દીક્ષા ન મળે તો એવા સુખને લાત મારવી છે ને ? દીક્ષા લઈશું તો દુઃખી થઈશું - આ માન્યતા મિથ્યાત્વની છે. દીક્ષા લઈશું તો મુક્ત થઈશું આ માન્યતા સમ્યક્ત્વના ઘરની છે. આવી શ્રદ્ધાવાળા જ ધર્મ કરી શકે.

આ સંસાર અનંતદુઃખમય છે એનું કારણ એક જ છે કે તે પાપમય છે. આ સંસારની એક પણ ચીજ જન્મજરામૃત્યુથી બચાવવા માટે સમર્થ નથી. કર્મથી જનિત કોઈ પણ સુખ દુઃખરૂપ છે. દુઃખનું જે કારણ હોય તેને પાપરૂપ જ માનવું પડે ને ? આ તો જન્મદિવસ પણ ઊજવવાનું કામ કરે. ધર્માત્મા જન્મદિવસ ન ઊજવે. કારણ કે જન્મમાત્ર પાપના ઉદય વિના,

ઘાતીકર્મના ઉદય વિના નથી થતો. અત્યાર સુધી અનંતાં જન્મો કર્યાં અને એ જન્મ કરીને સંસારમાં રખડ્યા, આ દિવસ ઊજવવાની ચીજ છે ?

સ૦ સારો જન્મ પણ નહિ ઊજવવાનો ?

જન્મ સારો હોય જ નહિ. જે જન્મ અજન્મા બનાવે એને સારો માનશું. તીર્થંકરપરમાત્માના સત્યાવીસ ભવમાંથી અનેક ભવ સારા હતા છતાં તેમાંથી એકે નથી ઊજવતા. માત્ર સત્યાવીશમા ભવનો જન્મ જન્મકલ્યાણક તરીકે ઊજવાય છે. કારણ કે ભગવાનનો જન્મ આપણને અજન્મા બનાવે છે. જે સંસારનું સુખ આપે તે પુણ્ય નથી, જે આપણને સંસારથી તરવાની સામગ્રી આપે તે પુણ્ય કહેવાય. રોગીને પુણ્ય કયું લાગે ? પૈસા મળે તે કે દવા મળે તે ? હવે સમજાય છે ને કે ભગવાનની ભક્તિથી જે પુણ્યનો સંચય થાય છે તે પુણ્ય સંસારમાં સુખી બનાવનારું નથી, સંસારથી છૂટવામાં સહાય કરનારું હોય છે.

ત્યાર બાદ જણાવે છે કે ભગવાનની ભક્તિ (૫) લક્ષ્મીનું વિતરણ કરે છે. તમે ધનને લક્ષ્મી માનો કે જ્ઞાનને લક્ષ્મી માનો ? ઉપધાન કરીને જશો તો જ્ઞાન લઈને જશો કે પ્રભાવના લઈને જશો ? આપણે પ્રભાવના અહીં જ મૂકીને જવી છે અને જ્ઞાન લઈને જવું છે. અસલમાં સાધર્મિકને પ્રભાવના ન હોય. પ્રભાવના તો જેઓ ધર્મ ન કરતા હોય તેમને ધર્મ કરતાં કરવા માટે છે. સાધર્મિકનું તો વાત્સલ્ય હોય. ઉપધાનમાં ચોવીસ કલાક ભગવાનની આજ્ઞા પાળવા સ્વરૂપ ભક્તિ કરવાના કારણે જ્ઞાનરૂપ લક્ષ્મી વધે છે. ભગવાનની ભક્તિ કરવાના કારણે પૈસા વધે એ કાંઈ ભક્તિનું ફળ ન મનાય. ધર્માત્માને મન તો જ્ઞાન જ લક્ષ્મીરૂપ લાગતું હોય છે. ધર્મથી ધન વધે છે એવું બોલનારા અજ્ઞાન છે, ધર્મથી જ્ઞાન વધે છે - એવું માનનારા



બુદ્ધિશાળી છે. ધર્માત્મા જ્ઞાની હોય. ધનવાન બનવું એ ધર્મનું ફળ નથી ગણાતું. ભગવાનના શાસનમાં પુણિયાશ્રાવક ધર્માત્મા ગણાયા, તેનું કારણ એ હતું કે તેમની પાસે સમ્યગ્જ્ઞાન વૃદ્ધિ પામતું હતું. ભગવાનની ભક્તિ કરનારના આત્માના ગુણોનો વૈભવ વધે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે આઠ દૃષ્ટિનો વિકાસક્રમ બુદ્ધિના એક એક ગુણના વિકાસ સાથે સંકળાયેલો છે. ગુણઠાણાનો વિકાસ પણ આત્માના ગુણોરૂપી લક્ષ્મી વધવાના કારણે ગોઠવાયેલો છે. જેને કેવળજ્ઞાન જોઈએ તે શ્રુતજ્ઞાન માટે જ મહેનત કરે, પૈસા માટે ન કરે. આપણો પ્રયત્ન શેના માટે છે ? પૈસાની જેટલી કિંમત છે તેટલી જ્ઞાનની નથી ને ? વ્યાખ્યાનમાં ગમે તેટલો રસ હોય છતાં મોબાઈલ આવે તો વ્યાખ્યાન છોડીને બહાર જાઓ ને ? વસ્તુતઃ જ્ઞાનના આનંદ આગળ પૈસાનો આનંદ તુચ્છ છે. પૈસાથી સ્વસ્થતા, મનની શાંતિ, સમાધિ નહિ મળે; એ તો જ્ઞાનથી જ મળશે. જેને જ્ઞાન મળે તેને કશાની જરૂર ન પડે. ગમે તેવા દુઃખમાં પણ સ્વસ્થ બનાવે અને ગમે તેવા સુખમાં પણ સાવધ બનાવે, અલિપ્ત બનાવે - એવું સામર્થ્ય આ જ્ઞાનરૂપી લક્ષ્મીમાં છે. આવી લક્ષ્મી ભગવાનની ભક્તિથી મળે.

ત્યાર બાદ જણાવ્યું છે કે ભગવાનની ભક્તિ (૬) નીરોગતાને પુષ્ટ કરે છે. આ નીરોગતા પણ કેવી છે ? રોગ ન જ આવે કે જતો રહે એ નીરોગતા નથી. ગમે તેવો રોગ પણ રોગ ન લાગે એ જ નીરોગતા છે. જેને રોગ નથી તેને પણ ભવિષ્યના રોગની ચિંતા છે. તેથી રોગની હાજરીમાં પણ રોગ નડે નહિ, આરાધનામાં બાધક બને નહિ તે જ નીરોગતા છે. સનત્કુમાર ચક્રવર્ત્તીને સાતસો વર્ષ સુધી રોગ હોવા છતાં નડ્યો નહિ - એ જ નીરોગતા છે. ભગવાનના ભક્તને રોગનો ભય ન હોય, કારણ કે તેને દુઃખ વેઠવાની તૈયારી પૂરી હોય છે.

ભગવાનની ભક્તિનાં જે ફળો બતાવ્યાં છે - તે આપણને જોઈએ છે ખરાં ? કે એના વગર ચાલે એવું છે ? જો આપણે પાપને દૂર નથી કરવું, દુર્ગતિ ટાળવી ન હોય... તો ભક્તિ કરવાની જરૂર જ નથી. અહીં છેલ્લે આપણે જોયું કે ભગવાનની ભક્તિથી લક્ષ્મી મળે છે. આ લક્ષ્મી પુણ્યથી મળનારી નથી. ક્ષયોપશમભાવથી તથા ક્ષાયિકભાવથી જે લક્ષ્મી મળે છે તેની અહીં વાત છે. ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવના ગુણો મળે એ જ લક્ષ્મી છે. ત્યાર બાદ જણાવે છે કે ભગવાનની ભક્તિથી (૭) સૌભાગ્ય મળે છે. જેને પૈસો મળે અને સંસારનાં સુખો પૂરતા પ્રમાણમાં મળે તે ભાગ્યશાળી કે જેને સાધુપણું મળે અને કેવળજ્ઞાનની યોગ્યતા પ્રગટે તે ભાગ્યશાળી ? અહીં ભાગ્યના બદલે 'સૌભાગ્ય' શબ્દ વાપર્યો છે. કારણ કે ભાગ્ય તો આપણે જનમતાં જ લઈને આવ્યા છીએ. મનુષ્યજન્મ, જૈનકુળ, પંચેન્દ્રિયપૂર્ણતા વગેરે લઈને આવ્યા તે ભાગ્યથી જ લઈને આવ્યા છીએ ને ? હવે એ ભાગ્યનો ઉપયોગ ચારિત્ર પામવા માટે કે કેવળજ્ઞાન પામવા માટે કરીએ તો જ સૌભાગ્ય મળે. સૌભાગ્ય સાધુપણામાં હોય. ગૃહસ્થપણામાં માત્ર ભાગ્ય જ હોય. કેવળજ્ઞાન પામવાની યોગ્યતા સાધુમાં છે, ગૃહસ્થમાં નહિ. માટે સાધુ સૌભાગ્યશાળી છે, ગૃહસ્થો નહિ. જે સુખ ભોગવે તે ભાગ્યશાળી નથી, જે સુખ છોડે તે ભાગ્યશાળી છે. પુણ્ય ભોગવવા મળે તે સૌભાગ્ય નથી, સાધુપણાની યોગ્યતા મળે તે સૌભાગ્ય. પુણ્ય ભોગવવું પડે તે ભાગ્ય, પુણ્ય છોડવાનું મન થાય તે સૌભાગ્ય. પુણ્ય છોડવાની યોગ્યતા મળે તે જ સૌભાગ્ય છે. પુણ્ય ભોગવવા મળે તે ભાગ્ય છે. તમને સાધુમહાત્મા પુણ્યશાળી કે ભાગ્યશાળી કહે તો તમે રાજી થાઓ ને ? કે આપણી પાસે ભાગ્ય હોવા છતાં સૌભાગ્ય નથી - એનું દુ:ખ થાય ? ગૃહસ્થપણાનો ગમે તે ધર્મ કરો તેનું ફળ એકમાત્ર સાધુપણું જ છે. શ્રાવકપણાનો ધર્મ શક્તિ



મુજબ કરો, શક્તિ-સંયોગો પ્રમાણે કરો - એની ના નથી. પરંતુ તેનું લક્ષ્ય તો એકમાત્ર સાધુપણું જ છે. જેમ લોકો ધંધા અનેક પ્રકારના કરે તોપણ તેનું ફળ પૈસો જ ને ? જમતી વખતે પણ સત્તર જાતની વસ્તુ વાપરો પણ તેનું ફળ તો પેટ ભરવાનું જ હોય. તે રીતે ચારિત્ર માટે જ શ્રાવકપણાનો ધર્મ છે. પુણ્ય ભોગવવા દે તે ભાગ્ય અને પુણ્ય છોડાવી દે તે સૌભાગ્ય. તમારે ત્યાં પણ કહેવાય છે ને કે રોગની દવા મળે તે પુણ્ય અને દવા લેવાનો વખત જ ન આવે તે મહાપુણ્ય. તેમ પુણ્ય-સુખ ભોગવવું પડે તે ભાગ્ય અને સુખ ભોગવવાની જરૂર જ ન પડે તે સૌભાગ્ય.

ત્યાર બાદ જણાવે છે કે ભગવાનની ભક્તિ કરવાથી લોકોને આપણી ઉપર (૮) પ્રીતિ પ્રગટે છે. ભગવાનની ભક્તિથી સાધુપણું મળે છે અને સાધુ પ્રત્યે શિષ્ટ લોકોને કુદરતી રીતે પ્રીતિ ઊપજે છે. ગૃહસ્થપણામાં જેની સાથે બોલવાનો વ્યવહાર ન હોય એવાઓ પણ વંદન કરવા આવે - આ પ્રભાવ સાધુપણાનો છે. શત્રુ પણ નમવા આવે એવું આ સાધુપણું છે અને મિત્ર પણ આપણી નિંદા કરે - એવું ગૃહસ્થપણું છે.

પ્રીતિની સાથે ભગવાનના ભક્તનો યશ પણ ચારે દિશામાં ફેલાય છે. લોકોના કોઈ કામ ન કરે છતાં લોકોમાં સાધુનો જે (૯) યશ ફેલાય છે - આ પ્રભાવ ભગવાનની ભક્તિનો છે. જૈનેતરો પણ સાધુનું ગૌરવ જાળવે છે - તે આ યશનો પ્રભાવ છે. ત્યાર બાદ જણાવે છે કે જો આ ભક્તિ કરનાર આત્મા મોક્ષમાં ન જાય તો નિયમા વૈમાનિકમાં જાય. આ રીતે આ ભક્તિ (૧૦) સ્વર્ગ આપે છે અને અંતે આ ભક્તિ (૧૧) મોક્ષે પહોંચાડે છે. આ અગિયાર વસ્તુઓ જોઈએ છે ને ? ભગવાનની ભક્તિ આ રીતે પાપનો લોપ કરીને અંતે મોક્ષે પહોંચાડે છે. માટે જ આ ભક્તિ મોક્ષનો પહેલો ઉપાય છે.

(૨) ગુરુભગવંતની ભક્તિ :

**विदलयति कुबोधं बोधयत्यागमार्थं,**
**सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ।**
**अवगमयति कृत्याकृत्यभेदं गुरुर्यो,**
**भवजलनिधिपोतस्तं विना नाऽस्ति कश्चित् ।।१४।।**

તીર્થંકરભગવંતની, ગુરુની, જિનમતની અને સંઘની - એમ ચાર પાત્રના ભેદના કારણે ચાર પ્રકારની ભક્તિ છે. તેમાંથી તીર્થંકરની ભક્તિ અગિયાર પ્રકારે જોઈ. એ સિવાય પણ ભગવાનની ભક્તિના પ્રકાર અહીં જણાવ્યા છે. છતાં આપણી પાસે સમય વધુ ન હોવાથી આપણે હવે ગુરુની ભક્તિ કેવા પ્રકારની છે તે શરૂ કરવું છે. ભગવાનની ભક્તિ કરતી વખતે એક વસ્તુ નક્કી છે કે તેમાં આપણે પાત્ર જોવાની જરૂર નથી, આપણે પોતે પાત્ર બનવાની જરૂર છે. તીર્થંકર પરમાત્માનું પાત્ર નિર્વિવાદ છે. તેમની ભક્તિ કરવા માટે આપણે આપણી પાત્રતા કેળવવી જરૂર છે. આપણા પરમાત્મા તો એવા છે કે જેમનામાં એક પણ દોષ કાઢવો હોય તોય કાઢી ન શકાય. તેમ જ જેમનો એક પણ ગુણ ઢાંકવો હોય તો ઢાંકી પણ ન શકાય - તેવા આપણા ભગવાન છે. આથી જ કહ્યું છે કે 'આંગળીએ મેરુ ન ઢંકાય.' આવા ભગવાનની ભક્તિ કરવા માટે આપણે પાત્ર બનીએ તો આપણું કામ થાય.

હવે આપણે ગુરુની ભક્તિ વિચારવી છે. આપણા ગુરુ કેવા હોય તે માટે અહીં જણાવ્યું છે કે આપણા ગુરુ આપણા કુબોધને એટલે કે દુષ્ટ બોધને દૂર કરે છે. આજે તો ગુરુનાં વિશેષણો આપે તો એવાં આપે કે 'ચંદ્ર જેવા શીતળ, સાગર જેવા ગંભીર...!' તમને ડોકટર કેવો ગમે ? તમારા રોગને



દૂર કરે એવો કે ચંદ્ર જેવો શીતળ ? આપણે ગમે તેટલા ગરમ હોઈએ છતાં ગુરુ તો ચંદ્ર જેવા શીતળ જોઈએ - એ ચાલે ? ગુરુ કેવા ગમે ? આપણા અજ્ઞાનને ટાળી આપે એવા કે આપણી ભૂલો ચલાવી લે તેવા ? તમને જ્ઞાની ગુરુ ગમે કે રૂપવાન ગુરુ ગમે ? જેની અક્કલ સારી હોય તે ગમે કે જેનું રૂપ સારું હોય તે ગમે ? આપણી પોતાની પણ કુરૂપ અવસ્થા ખટકે કે આપણું અજ્ઞાન ખટકે ? આજે આપણે શરીરને સજાવવા માટે જેટલો સમય આપ્યો છે એટલો સમય જ્ઞાન મેળવવા માટે નથી આપ્યો. ભાઈઓ કે બહેનો શરીરને શણગારવાનો સમય જો જ્ઞાન માટે આપે તો આજે વિદ્વાન થઈ જાય. શરીરને સજાવવા ગમે તેટલો સમય આપો એ બગડવાનું જ છે. જ્યારે અજ્ઞાન ટાળીને જ્ઞાન મેળવીએ તો એ ટકાવીને એનો ક્ષયોપશમ ભવાંતરમાં લઈ જઈ શકાય છે. જેઓ જ્ઞાન મેળવવા માટે મહેનત ન કરે તેવાઓ એમ કહે કે 'ગુરુ ગમે છે' તો એ બનાવટ છે. જ્ઞાન વગર ચાલે કે રૂપ વિના ચાલે ?

સ૦ જ્ઞાન સાથે રૂપ હોય તો ?

જ્ઞાન સાથે રૂપ ન મળે તો ? પહેલાં જ્ઞાન કે પહેલાં રૂપ ? આ તો કહે કે 'જ્ઞાન સાથે રૂપ હોય તો પહેલાં, ન મળે તો એકલા જ્ઞાનથી ચલાવીશું.' આપણે તો કહેવું છે કે 'પહેલાં જ્ઞાન જ જોઈએ છે, જ્ઞાન સાથે રૂપ મળતું હોય તો તે વધુ સારું છે.'

સ૦ જ્ઞાન સાથે રૂપ હોય તે પહેલું ગણાય ને ? ભગવાનને પણ જ્ઞાન સાથે રૂપ હતું તો તેમનો પ્રભાવ ઘણો પડ્યો ને ?

ભગવાનનું રૂપ તો જનમથી હતું. ભગવાનનો પ્રભાવ તો ભગવાન કેવળજ્ઞાન પામ્યા પછી જ પડવા માંડ્યો. ભગવાનના વચનાતિશય વગેરે

અતિશયો તો તીર્થંકરનામકર્મના રસોદયથી પ્રગટે ને ? અને એ રસોદય કેવળજ્ઞાન પ્રગટ્યા વિના થતો નથી. તેથી પ્રધાનતા જ્ઞાનની જ છે. ભગવાનના રૂપની કિંમત પણ જ્ઞાનના કારણે છે. રૂપ કરતાં પણ જ્ઞાનની પ્રધાનતા હોવાથી તો કાલીદાસ કવિનો જન્મ થયો. એક વાર એક રાજકુમારીએ મંત્રીનું અપમાન કર્યું. તે વખતે મંત્રીએ બદલો લેવાની ગાંઠ વાળી. રાજાએ અવસરે મંત્રીને રાજકુમારી માટે રાજકુમાર શોધી લાવવા કહ્યું. મંત્રીએ તક જોઈને એક રૂપવાન ભરવાડને શણગારીને તેમ જ મૌન રાખવાનું શિખવાડીને રાજકુમારીના વર તરીકે લાવવાનું કામ કર્યું. રાજાએ મંત્રીના વિશ્વાસે રાજકુમારીને પરણાવી. રાત્રિએ બે ભેગા થયા. રાજકુમારીએ પૂછ્યું કે – 'अस्ति कश्चिद् वाग्विशेषः ?' (તમારી પાસે વાણીની વિશેષતા છે ?) ત્યારે પેલો ભરવાડ કશું બોલી ન શક્યો. આથી રાજકુમારીએ તેને લાત મારીને કાઢી મૂક્યો અને કહ્યું કે 'તમારી પાસે વચનની વિશેષતા આવે ત્યારે આવજો.' રાજકુમારીને વિદ્વત્તા વગરના રૂપથી કામ ન હતું. પેલા ભરવાડને આ અપમાન બહુ લાગી આવ્યું. તેથી તે કાળીમાતાના મંદિરમાં ગયો અને તલવાર લઈને માથું કાપવા તૈયાર થયો. કાળીમાતાને કહ્યું કે 'મને સરસ્વતીનું વરદાન આપ નહિ તો આ માથું કાપું છું. કારણ કે આ વિદ્વત્તા વગરનું જીવન નકામું છે.' કાળીમાતાને એમ થયું કે 'આ તો મરી જશે...' આથી તેનું સત્ત્વ અને ભક્તિ જોઈને તેને સરસ્વતીનું દાન આપ્યું. આથી તે કાળીદાસ કહેવાય છે. સરસ્વતી સિદ્ધ થયા પછી પાછા રાજકુમારી પાસે ગયા. ફરી રાજકુમારીએ પૂછ્યું કે 'अस्ति कश्चिद् वाग्विशेषः ?' ત્યારે કાળીદાસે 'अस्ति' ઉપર કુમારસંભવ નામનું કાવ્ય રચ્યું. कश्चिद् ઉપરથી મેઘદૂત અને वाग् ઉપરથી રઘુવંશ કાવ્યની રચના કરી. જે રાજકુમારી કાલે લાત મારવા તૈયાર થયેલી તે આજે પગમાં પડી. આ પ્રભાવ જ્ઞાનનો કે



રૂપનો ? રાજકુમારી સારી કે આપણે સારા ? જ્ઞાનની મહત્તા નહિ સમજાય ત્યાં સુધી ગુરુભક્તિ કરવાની પાત્રતા નહિ આવે.

આપણે સંસારમાં દુઃખનો અનુભવ કરવા છતાં ય જો ધર્મ કરી શકતા ન હોઈએ તો તેમાં આપણી વિષયતૃષ્ણા કામ કરી રહી છે. આજે આપણે ધર્મ કરતા નથી તેનું કારણ શું માનીએ ? કર્મ નડે છે – એમ ને ? શાસ્ત્રકારો કહે છે કે કર્મ નથી નડતું, પરંતુ આપણી વિષયો પ્રત્યેની તૃષ્ણા નડે છે. આપણે આપણી અશક્તિને આગળ કરીએ, શાસ્ત્રકારો કહે છે અશક્તિ નહિ, આસક્તિ નડે છે. આસક્તિ કહો કે વિષયની તૃષ્ણા કહો : બંન્ને એક જ છે. અશક્તિને દૂર કરવા માટે ધર્મ નથી, આસક્તિને દૂર કરવા માટે ધર્મ છે.

સ૦ મન એવું હરામખોર છે કે માનતું નથી.

મનને અમારી આગળ હરામખોર કહેવાનું કામ સહેલું છે. પરંતુ તમે જાતે મનને હરામખોર માનતા નથી. અનાદિના સંસ્કાર છે – એની ના નહિ, પણ આ સંસ્કાર ટાળવા હશે તો મન સામે જોવાનું અને મનનું સાંભળવાનું કે માનવાનું બંધ કરવું પડશે. આપણા આ સંસારપરિભ્રમણનું કોઈ કારણ હોય તો તે આપણું મન છે. આવું સમજાયા પછી મનને ગમે તેમ ફરવા દઈએ – એ કેમ ચાલે ? આપણા મનને કાબૂમાં રાખવા માટે જ આ દેવગુરુ આદિની ભક્તિ છે. દેવની ભક્તિ પછી ગુરુની ભક્તિ આપણે શરૂ કરી છે. ગુરુની ભક્તિ એટલા માટે કરવાની છે કે ગુરુ આપણા અજ્ઞાનને દૂર કરે છે. ત્યાર બાદ જણાવે છે કે ગુરુ આપણને આગમના અર્થનું જ્ઞાન આપે છે. બીજાં જ્ઞાન ગમે ત્યાંથી મળી રહે, આગમનું જ્ઞાન ગુરુ વિના નથી મળતું. આ તો ગુરુ પાસે જઈને પણ વિકથા કરવા બેસે.

સ૦ સાધુ પાસે જઈને વાત કરીએ તો કાંઈકને કાંઈક તો મળે.

સાધુ પાસે કાંઈકને કાંઈક મેળવવા નથી જવું, આગમનું જ જ્ઞાન મેળવવા જવું છે. તમે ટિકિટબારી ઉપર જાઓ તો કાંઈક ને કાંઈક લેવા જાઓ કે ટિકિટ લેવા જ જાઓ ? સાધુ પાસે સંસારમાં કેવી રીતે રહેવું એ શીખવા નથી જવાનું, શાસ્ત્રમાં સંસારથી છૂટવાના જે ઉપાય બતાવ્યા છે તે સમજવા જવાનું છે. આ તો સાધુ આગળ જઈને પણ ઘરના લોકોની ફરિયાદ કરે. આપણે કહેવું પડે કે 'જો ઘરના લોકો બરાબર ન હોય તો તેમને છોડીને દીક્ષા લઈ લો.' તો એક સેકન્ડમાં કામ પતી જાય ને ? ધર્માત્મા તો દુ:ખની ફરિયાદ કરે જ નહિ. આપણે સંસારની કોઈ ઉપાધિ ગુરુ આગળ વર્ણવવી નથી. કદાચ તમે ફરિયાદ કરો તોપણ સાચા ગુરુ તો તમારી ફરિયાદનો નિકાલ દુ:ખ વેઠવાની વાતથી જ કરે. આગમનું જ્ઞાન એ રીતે આપે, આગમના સિદ્ધાંતો એ રીતે સમજાવે કે – જેથી વિષયતૃષ્ણા મરી જાય અને દુ:ખ વેઠવાની શક્તિ પ્રગટે. સમજણમાં આ તાકાત છે કે જે દુ:ખ વેઠતાં કરે. સમજુ માણસ દુ:ખ વેઠી લે, અણસમજુ માણસ બૂમાબૂમ કરે. શક્તિ શરીરમાં નથી, સમજણમાં છે. સત્ત્વ પણ સમજણમાંથી પ્રગટે છે. આપણે મૂરખ છીએ કે શરીરમાં શક્તિ શોધીએ છીએ. મારા ગુરુ મહારાજ કહેતા હતા કે ઉકરડો ચૂંથીને સુગંધ ન મળે. જે વસ્તુ જ્યાં હોય ત્યાંથી મળે. સત્ત્વ અને શાંતિ-સમાધિ આગમના જ્ઞાનમાંથી મળે, સંસારની વિકથામાંથી કે સંસારના વિષયોમાંથી નહિ. આપણને સંસાર નડે છે કે સંસારમાંના નડે છે ? આ પ્રશ્નનો જવાબ શાંતિથી વિચારીને આપજો. જેને સંસારનાં પાત્રો જ નડ્યા કરે તેને સંસાર નડશે ક્યારે ? કોઈ ગમે તેટલો ઝઘડો કરે, ગમે તેવા આક્ષેપો કરે – આપણે મૌન રહેવાનું. કારણ કે આપણે સહન કરવું છે. આપણી સમજણની સફળતા જ આમાં છે. આપણા સુખદુ:ખની વાત



સાંભળે તે આપણા ગુરુ નહિ. જે આપણું સુખ છોડાવે અને આપણું દુ:ખ રહેવા દે– એ આપણા ગુરુ.

આપણે જે કાંઈ સારી કે નરસી પ્રવૃત્તિ કરતા હોઈએ છીએ તે સ્વાર્થમૂલક જ હોય છે. આપણો સ્વાર્થ પરમાર્થના ઘરનો હોય – એવું બની શકે પરંતુ સ્વાર્થ વિના એકે પ્રવૃત્તિ થતી નથી. નિ:સ્વાર્થ વૃત્તિનો અર્થ એ છે કે આપણને સંસારસંબંધી પૌદ્ગલિક સ્વાર્થ ન હોવો જોઈએ. બાકી મોક્ષનો પણ સ્વાર્થ ન હોય તે નિ:સ્વાર્થતા નથી. જે આપણા લાભનું કારણ હોય તેને ઉપાદેય કહેવાય અને જે આપણા નુકસાનનું કારણ હોય તેને હેય કહેવાય. જે લાભનું પણ કારણ ન હોય અને નુકસાનનું પણ કારણ ન હોય તેને ઉપેક્ષણીય કહેવાય. આ ત્રણ પ્રકારના પદાર્થમાંથી ઉપાદેયમાં જ પ્રવૃત્તિ થાય છે, હેય કે ઉપક્ષેણીયમાં નહિ. હેયમાં નિવૃત્તિ થાય છે, ઉપક્ષેણીયમાં પ્રવૃત્તિ પણ નથી થતી ને નિવૃત્તિ પણ નથી થતી. આપણે એ સમજવું છે કે આપણે દેવની કે ગુરુની ભક્તિ કરવી છે તે આપણા અજ્ઞાનને દૂર કરી જ્ઞાન પામવા માટે કરવી છે. આજે ગુરુ પ્રત્યે બહુમાન જાગતું ન હોય તો તેનું કારણ એ છે કે આપણને ગુરુ પાસેથી કશું જોઈતું નથી. જેને મોક્ષની અપેક્ષા જાગે તેને ગુરુ પ્રત્યે બહુમાન જાગ્યા વિના ન રહે. આપણે ગુરુને આપણા હૈયામાં પધરાવવા માટે મહેનત કરવી છે. ગુરુના હૈયામાં પેસવા માટે મહેનત નથી કરવી. ગુરુ આપણને ગણે કે ન ગણે, આપણે ગુરુનું માનીએ તો ઘણું. શ્રી સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે કે – 'લઘુ પણ હું તુમ મન નવિ માવું, જગગુરુ તુમને દિલમાં ધ્યાવું.' હું અતિ લઘુ હોવા છતાં ભગવાનના વિશાળ હૃદયમાં સમાતો નથી અને આપ આખા જગતના ગુરુ હોવા છતાં મેં આપને દિલમાં ધારણ કર્યા છે – આ પણ એક આશ્ચર્ય છે ને ? ગુરુને આપણી કોઈ કદર જ નથી – આ ફરિયાદ

કરવા પહેલાં આપણે ગુરુની કદર કેટલી કરી છે - તેનો જવાબ પ્રામાણિકપણે આપવાની જરૂર છે. જે દિવસે ગુરુ પ્રત્યે બહુમાન આપણને ન જાગે તે દિવસે આપણું ભાગ્ય પરવારી ગયું છે - એમ સમજવું.

ગુરુભગવંત આપણને આગમનું જ્ઞાન આપવા દ્વારા સુગતિ અને કુગતિનો માર્ગ જણાવે છે. અહીં સુગતિ કે કુગતિની વ્યાખ્યા આપણે જાુદી કરીએ છીએ. આપણે જ્યાં સુખ મળે તેને સુગતિ કહીએ છીએ અને દુઃખ જ્યાં આવે તેને કુગતિ કહીએ છીએ. આવું તો ઈતર લોકો પણ માને છે. જે મિથ્યાત્વીની માન્યતા હોય તે જ આપણી હોય તો આપણે સમકિતી શાના ? જ્યાં ધર્મ કરવાની અનુકૂળતા મળે તેને સુગતિ કહેવાય અને જ્યાં ધર્મ કરવાની સામગ્રી ન મળે તે દુર્ગતિ. જ્યાં દીક્ષા મળે તે સદ્ગતિ. જ્યાં દીક્ષા ન મળે તેને દુર્ગતિ કહેવાય. દુઃખ ઉપાદેય લાગે અને સુખ હેય જ્યાં લાગે તે સદ્ગતિ. સુખ જ ઉપાદેય લાગ્યા કરે અને દુઃખ હેય લાગે તે આપણા માટે દુર્ગતિ. આપણા ગુરુ મહારાજ સદ્ગતિ કોને કહેવાય અને દુર્ગતિ કોને કહેવાય એ સમજાવ્યા કરે છતાં ય આપણે દુર્ગતિમાં ભટક્યા કરીએ - એ ચાલે ?

આની સાથે આપણા ગુરુ પુણ્ય અને પાપના સ્વરૂપને સમજાવે છે. આપણે પુણ્યપાપ કોને કહીએ ? સુખ આપે તે પુણ્ય અને દુઃખ આપે તે પાપ : એવું જ કહીએ ને ? જ્યારે આપણા ગુરુ આપણને સમજાવે છે કે સંસારનું સુખ ભોગવવું તે પાપ છે. કારણ કે અવિરતિના પાપ વિના સુખ ભોગવાય નહિ. તેમ જ સુખ છોડવું તે પુણ્ય. તમારું પુણ્ય ચઢિયાતું કે સાધુનું ? જે સંસારમાં ભટકાવે તે પાપ અને જે મોક્ષમાં જવા માટે સહાય કરે તેને પુણ્ય કહેવાય છે. પુણ્ય અને પાપ ધર્મ અને અધર્મથી જનિત હોવા છતાં તે બંન્ને કર્મ સ્વરૂપ છે, આત્મા ઉપરનું એક આવરણ છે. પાપ એ લોઢાની બેડી છે અને પુણ્ય એ સોનાની બેડી છે. બંન્ને અંતે તો



સંસારમાં રાખનાર છે - એમ સમજીને પાપનો ત્યાગ કરીને પુણ્ય છોડીને સાધુપણામાં જવું છે. સંસારમાં જકડી રાખે તે પાપ અને જે સંસારમાંથી મુક્ત બનવા સહાય કરે તે પુણ્ય. જે પુણ્ય સંસારમાં જ જકડી રાખે તે પણ વસ્તુતઃ પાપ છે. જે પુણ્ય સંસારમાંથી છૂટવા સહાય કરે તે જ પુણ્ય છે. આ પુણ્ય જ કર્મરહિત બનાવે છે.

ધર્મ કરતી વખતે આપણે ભગવાનનું અને ગુરુનું માનતા નથી તેથી આપણો ધર્મ આરાધનાના ઘરનો નથી રહેતો, વિરાધનાના ઘરનો બની જાય છે. ધર્મની આરાધના આજ્ઞાની આરાધનામાં સમાયેલી છે. પૂ.શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે ભગવાનની આજ્ઞાની આરાધના મોક્ષમાં લઈ જાય છે અને આજ્ઞાની વિરાધના સંસારનું કારણ છે. ધર્મ કરવા છતાં આપણે સંસારમાં જ રહ્યા હોઈએ અને મોક્ષે ન પહોંચ્યા હોઈએ તો સમજી લેવું કે આપણે આજ્ઞાની વિરાધના કરી છે. આ સંસારમાં ગમે તેટલી ઊંચામાં ઊંચી સ્થિતિ મળે તેમાં ધર્મની આરાધના ભલે કારણ હોય છતાં પણ સાથે સાથે આજ્ઞાની વિરાધના પણ ભેગી છે જ. કારણ કે જેણે આજ્ઞાની આરાધના કરી હોય તે તો મોક્ષે જ પહોંચી જાય. અનુત્તરનાં સુખો આ સંસારમાં સૌથી ચઢિયાતાં ગણાય છે પરંતુ એ આયુષ્યનો બંધ પણ પ્રમાદના કારણે પડે છે. ભગવાનની આજ્ઞા અપ્રમત્તપણે રહેવાની છે, જે પ્રમાદ ન કરે તેને આયુષ્ય ન બંધાય. જે પ્રમાદ કરે તેણે ભગવાનની આજ્ઞા વિરાધી ને ? માટે જ સંસારમાં રહેવું પડ્યું. તેથી જ આપણે ધર્મ કરવાની ઉતાવળ કરવા પહેલાં આજ્ઞા પાળવાનો અભ્યાસ પાડવો છે.

આપણે જોઈ ગયા કે આપણા ગુરુ આપણને પુણ્યપાપ સમજાવે છે. આ સંસારનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સુખ ભોગવવા મળે છે તે પાપના ઉદયમાં મળે

છે. તેથી જ જેના કારણે સંસારમાં સુખી થઈએ તે પાપ અને જેના કારણે મોક્ષ મળે તે પુણ્ય. જેના કારણે સંસાર છૂટે તે પુણ્ય, જેનાથી સંસાર વળગે તે પાપ. ત્યાર બાદ જણાવ્યું છે કે કૃત્ય અને અકૃત્યના ભેદને સમજાવે છે. સુખ ભોગવવું - એ કૃત્ય નથી, દુઃખ ટાળવું એ કૃત્ય નથી. સુખ છોડવું એ કૃત્ય અને સુખ ભોગવવું તે અકૃત્ય. દુઃખ ભોગવી લેવું તે કૃત્ય અને દુઃખ દૂર કરવું એ અકૃત્ય. તેથી નક્કી છે કે સંસારમાં રહેવું તે કૃત્ય નથી, દીક્ષા લેવી એ જ કૃત્ય છે. સંસારમાં રહીને ધર્મ કરવો એ કૃત્ય નથી, સાધુપણામાં જઈને ધર્મ કરવો એ કૃત્ય છે. કારણ કે ઊંચામાં ઊંચું પુણ્ય પણ સાધુપણામાં બંધાય અને વધારેમાં વધારે નિર્જરા પણ સાધુપણામાં જ થાય. સાધુભગવંતોને ઊંચું પુણ્ય બંધાય છે તેનું કારણ એ છે કે સાધુ પુણ્યના અર્થી નથી અને તેમને નિર્જરા પણ વધુ થાય છે, કારણ કે તેઓ કોઈ પણ દુઃખને હડસેલો માર્યા વિના બધું જ દુઃખ ભોગવી લે છે. આવા પ્રકારના ગુરુ જ સંસારથી તારનારા છે. તેથી જણાવ્યું છે કે આવા ગુરુ સિવાય સંસારથી તારનારું બીજું કોઈ નથી. ગુરુભગવંત આ સંસારથી તારનારા છે. 'एष मे भवनिस्तारकः' (આ ગુરુ મને સંસારથી તારનારા છે) આવો બહુમાનભાવ જે દિવસે જાગે તે દિવસે ધર્મની શરૂઆત થઈ એમ સમજવું. પૈસો કમાવો એ અકૃત્ય, પૈસો છોડવો તે કૃત્ય. અનાચાર સેવવા તે અકૃત્ય, સદાચાર પાળવા તે કૃત્ય. તપ કરવો એ કૃત્ય, પારણું કરવું તે અકૃત્ય. સંસારમાં રહેવાની ઈચ્છા એ અકૃત્ય, મોક્ષે જવાની ઈચ્છા તે કૃત્ય. આ રીતે દાન-શીલ-તપ-ભાવના વિષયમાં કૃત્યાકૃત્યના ભેદને જણાવે તે આપણા ગુરુ છે.

આગળ જણાવે છે કે જે અવદ્ય-પાપથી મુક્ત એવા નિષ્પાપ માર્ગે પ્રવર્ત્તતા હોય તેમ જ જેઓ નિઃસ્પૃહ હોય અર્થાદ્ માન-સન્માન કે શિષ્ય વગેરેની ઈચ્છા વિનાના હોય તેવા જ ગુરુને હિતના અર્થીએ સેવવા જોઈએ.



આવા ગુરુ પોતે તરે અને બીજાને પણ તારવા સમર્થ બને છે. મરીચિને ચેલાનો લોભ જાગ્યો તો પોતે પણ ડૂબ્યા અને કપિલને પણ ડુબાડનારા થયા. તેથી સ્પૃહાવાળાને ગુરુ ન કરવા.

**(૩) શ્રી જિનમતની ભક્તિ :**

**धर्मं जागरयत्यघं विघटयत्युत्थापयत्युत्पथं,**
**भिन्ते मत्सरमुच्छिनत्ति कुनयं मथ्नाति मिथ्यामतिम् ।**
**वैराग्यं वितनोति पुष्यति कृपां मुष्णाति तृष्णां च यत्,**
**तज्जैनं मतमर्चति प्रथयति ध्यायत्यधीते कृती ।।२०।।**

દેવની, ગુરુની, જિનમતની અને સંઘની : એમ ચાર પ્રકારની ભક્તિ મોક્ષનું કારણ છે. આજે આપણે ત્યાં સંઘની ભક્તિ પોતાના પૈસાથી કરનારા પણ દેવની કે ગુરુની ભક્તિ પારકે પૈસે કરે ને ? ટ્રસ્ટના પૈસાથી ગુરુની ભક્તિ કરો ને ? દેરાસરનાં દ્રવ્યોથી અષ્ટપ્રકારી પૂજા કરનારાં મળે ને ? આજે તો વળી માણિભદ્રના પૈસાથી પણ ભક્તિ કરવા નીકળે અને પાછા કહે કે સાધારણના પૈસા છે. આ ભક્તિનો પ્રકાર નથી. આપણે દેવની, ગુરુની કે સંઘની ભક્તિ કરવા છતાં પણ ભગવાનના મતની ભક્તિ કરતા નથી. આથી જ અહીં ભગવાનના મતનો મહિમા જણાવ્યો છે. તેમાં સૌથી પહેલાં જણાવ્યું છે કે ભગવાનનો મત આપણને ધર્મમાં જાગૃત કરે છે. જેઓ ભગવાનની આજ્ઞા સમજે તેઓ સૌથી પહેલાં પોતાના દુર્વર્ત્તનનો ત્યાગ કરે. ભગવાનનો મત આપણને ધર્મમાં જાગૃત કરે છે, અધર્મમાં નહિ. આજે ભગવાનના મતને માનનારા ધર્મમાં જાગૃત થાય કે અધર્મમાં જાગૃત થાય ? આજે બધાને ઈચ્છા મુજબ જીવવાની છૂટ આપી માટે જ ધર્મ વધ્યો છે ને ? આપણે દેવની, ગુરુની કે સંઘની ભક્તિ ભગવાનના મત (આજ્ઞા) મુજબ

કરવાની છે. અમારે ત્યાં પણ ભક્તિ કરનારા આજ્ઞા નથી માનતા. આમ ગુર્વાદિકની ભક્તિ કરે અને દિવસમાં દસ વાર કહે કે તમે કાંઈ સમજતા નથી... આ ભક્તિ નથી. પહેલાં ગુરુની અને દેવની આજ્ઞા પાળવા તૈયાર થવાનું પછી તેમની ભક્તિ કરવા નીકળવાનું. આપણે ધર્મ કરવા છતાં ધર્મમાં જાગ્યા ન હોઈએ તો સમજી લેવું કે આપણે જિનમતને ઓળખ્યો નથી.

ભગવાનનો મત ધર્મમાં જગાડે છે સાથે અઘ એટલે પાપનો નાશ કરે છે. પાપનો નાશ ધર્મથી જ થાય, અધર્મથી ન જ થાય. ભગવાનની ભક્તિ જિનમતના આધારે કરવી હોય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આજ્ઞા મુજબના જોઈએ. પૂજા કરતી વખતે સ્વદ્રવ્યથી અને તે પણ પાછાં શુદ્ધ દ્રવ્યોથી કરવાની, ક્ષેત્રમાં ભગવાનની પ્રતિમાજી જ્યાં હોય ત્યાં જઈને પૂજા કરવાની, પૂજા માટે પ્રતિમાજીને આપણી બેઠક ઉપર ન લવાય. કાળથી ત્રણ કાળની પૂજા કરવાની. અષ્ટપ્રકારી મધ્યાહ્ને જ કરવાની. પુરિમઠ્ઠનું પચ્ચખાણ તેના સમયે જ પારીએ અને મધ્યાહ્નપૂજા ગમે ત્યારે થાય ? ભગવાનની પૂજા પણ પુષ્પના બદલે ડમરાથી કરે એ ચાલે ? લગનના વરઘોડામાં વરરાજાને ડમરો આપો કે પુષ્પનો ગુચ્છો આપો.

સ૦ ડમરાનું શું કરવું ?

ડમરો ભગવાન પર ન ચઢાવાય, બહારની રચનામાં વાપરો – એ જાુદી વાત. બાકી તેનાથી પુષ્પપૂજા ન થાય. ભાવ તો આ સંસારથી છૂટવાનો જોઈએ, સંસારમાં રમવાનો નહિ. અત્યાર સુધી ધર્મ કરવા છતાં, ભક્તિ કરવા છતાં આપણે આજ્ઞાનું પાલન ન કર્યું માટે જ આપણે સંસારમાં રખડીએ છીએ. બાકી જો આજ્ઞા મુજબ ધર્મ કરીએ તો દઢપ્રહારી જેવા તરી જાય ને આપણે ન તરીએ – એ વાતમાં માલ છે ? તેમણે તો પંચેન્દ્રિયની હત્યા મારવાની



બુદ્ધિએ કરેલી. આપણે તો કીડીને પણ મારવાની બુદ્ધિથી ન મારીએ. ઉપરથી કોઈના હાથે મરેલી આપણા કાજામાં આવે તો આલોચના આપણે લઈએ. છતાં આપણા પાપનો નાશ થતો નથી – તેનું કારણ જ એ છે કે આપણે ભગવાનની આજ્ઞા મુજબ નથી જીવતા, ઈચ્છા મુજબ જીવીએ છીએ.

આ ભગવાનનો મત ઉત્પથ-ઉન્માર્ગનું ઉત્થાપન કરે છે. જેઓ આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે, ધર્મક્રિયા કરે તેને જોઈને લોકો માર્ગના જ્ઞાતા બની જાય છે. જેને જેમ ફાવે તેમ ક્રિયા કરે તો તેના કારણે ઉન્માર્ગ જ ફેલાવાનો. એક વાર આચાર્યભગવંતે કહેલું કે સાધુભગવંતનો આચાર તો મૂર્તિમંત (સાક્ષાદ્) દ્વાદશાંગીરૂપ હોય. કારણ કે જેવી આજ્ઞા હોય તેવું સાધુનું જીવન હોય. આ જિનમતની ભક્તિ કરવી એટલે આજ્ઞાપાલન માટે પ્રયત્ન કરવો એ જ છે.

આપણે દુનિયામાં ઘણા લોકોની સેવા કરીએ છીએ પરંતુ તે સેવા સ્વાર્થમૂલક હોય છે. નિઃસ્વાર્થભાવે જો ભક્તિ કરાય તો આ જિનમતની જ કરી શકાય એવી છે. દુનિયાના લોકની ભક્તિ અધર્મને જગાડનારી છે. જ્યારે આ જિનમતની-જિનશાસનની ભક્તિ ધર્મને જગાડે છે. એ ધર્મ શાસનને દેદીપ્યમાન બનાવે છે. શાસનની ભક્તિથી જે પુણ્ય બંધાય છે તે પુણ્યાનુબંધી પુણ્ય હોય છે. શાસ્ત્રકારો જણાવે છે કે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી જે લક્ષ્મી મળી હોય તે કોઈ સંયોગોમાં જતી રહે તોપણ ધર્મની ભાવના નાશ નથી પામતી. આ અનુસંધાનમાં શ્રી ધન્યકુમાર ચરિત્રમાં શ્રી ગુણસાર શ્રેષ્ઠીનું દૃષ્ટાંત જણાવ્યું છે.

ભગવાનનું શાસન આપણા મત્સરને ભેદનારું છે. આજે ધર્મીવર્ગમાં માત્સર્ય પૂરતા પ્રમાણમાં જોવા મળે છે. ધર્માત્માને બીજા ધર્માત્માના ગુણો ખમાતા નથી. બીજાના ગુણોની અસહિષ્ણુતા – તેને માત્સર્ય કહેવાય. બીજા

ગુણવાન હોવા છતાં તેના દોષો આગળ કરવાની વૃત્તિ માત્સર્યના ઘરની છે. કોઈ તપસ્વી હોય તો તેના પારણામાં ખોડ કાઢવી, દાનેશ્વરીના ધંધામાં ખોડ કાઢવી, જ્ઞાનીના વર્ત્તનમાં ખોડ કાઢવી : આ બધો માત્સર્યનો પ્રભાવ છે. આપણા કરતાં હીનગુણવાળા પ્રત્યે જે દ્વેષભાવ આવે તે પણ માત્સર્ય જ છે. માત્સર્ય એ એક પ્રકારનું ક્રિયાનું અજીર્ણ છે. આપણે સારામાં સારી ક્રિયા કરીએ અને જેઓ ક્રિયા ન કરતા હોય, જેમતેમ કરતા હોય, સમય બગાડતા હોય તેવાની વાતો લોકો આગળ કરવી – એ એક પ્રકારનું માત્સર્ય છે. આપણા ભગવાને ચારિત્ર ઊંચામાં ઊંચું પાળ્યું, પણ નીચામાં નીચા માણસો પણ આ સંસારથી તરી શકે એવો માર્ગ બતાવ્યો, કોઈના માટે એવો વિચાર નથી કર્યો કે 'હું આટલું ચારિત્ર પાળી શકું તો બીજા કેમ ન પાળી શકે ?!' શ્રી ત્રિષષ્ટિશલાકાપુરુષચારિત્રમાં જણાવ્યું છે કે अजीर्णं तपसः क्रोधो ज्ञानाजीर्णमहङ्कृतिः । परतप्तिः क्रियाजीर्णं जित्वा त्रीन् निर्वृतो भव ।। તપનું અજીર્ણ ક્રોધ છે, જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે, ક્રિયાનું અજીર્ણ પારકી પંચાત છે : આ ત્રણેને જીતવાથી જ મોક્ષમાં જવાય છે. બીજાને ઉતારી પાડવાની બુદ્ધિથી જે કાંઈ બોલીએ – એ એક પ્રકારનું માત્સર્ય છે. આવા માત્સર્યને ભેદવાનું કામ જિનમત કરે છે, ભગવાનના આગમ ભણવાથી આપણા કરતાં હીનગુણવાળા ઉપર જે દ્વેષભાવ હોય છે તે દૂર થાય છે.

સ૦ અહંકાર જીતવા શું કરવું ?

આપણા કરતાં ચઢિયાતા લોકોને નજર સામે રાખવા. આપણને ધનનો ગર્વ આવતો હોય તો આપણા કરતાં શ્રીમંતોને જોવા. તમે નીચે જુઓ છો તેથી અહંકાર આવે છે. જ્ઞાનનો અહંકાર આવે તો આપણા કરતાં શ્રુતજ્ઞાની હોય તેમને યાદ કરવા. આ તો ત્રીસ-ચાળીસ સ્તવન સજ્ઝાય આવડતાં



હોય તોય ગર્વ થાય. આપણે કહેવું પડે કે – 'મહાપુરુષોએ તો સ્તવનસજ્ઝાય રચ્યાં છે, આપણે માત્ર કંઠસ્થ કર્યું એમાં આટલું અભિમાન શા માટે ?' માત્સર્ય ભેદવું હોય તો નિયમ કરવો છે કે કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ અને કોઈની ભૂલ સામેથી ન બતાવવી. યોગ્ય જીવને બતાવતી વખતે પણ એને ઉતારી પાડવાની બુદ્ધિ ન હોવી જોઈએ.

ભગવાનનું આગમ કુનયનો ઉચ્છેદ કરનારું છે. આજે ઘણા લોકો એવું કહે છે કે આપણે કોઈનું ખંડન નહિ કરવાનું, કોઈને ખોટા નહિ કહેવાના, માત્ર આપણે સાચા છીએ એટલું જ કહેવાનું... આ વ્યાજબી નથી. ખરાબનું ખંડન કર્યા વિના સારાનું મંડન નહિ થાય. દરજી કપડાં સીવે તો કાપ્યા વગર આખો તાકો ન સીવે ને ? કાપ્યા વગર સિવાય નહિ. તેમ કુનયના ઉચ્છેદ વિના સુનયનું સ્થાપન થતું નથી. મોક્ષ મળે તો જિનશાસનમાં જ મળે. ઇતર શાસનમાં મોક્ષ ન જ મળે – આટલી શ્રદ્ધા જોઈએ. જૈનધર્મ કરનારામાં પણ જેઓ જિનાગમને સમર્પિત હોય તેમને જ મોક્ષ મળે, ચારે ફિરકામાં મોક્ષ ન હોય.

સામાન્યથી જેનો પ્રભાવ આપણી ઉપર પડે તેનું આપણે માનતા હોઈએ છીએ. આ સંસારનાં સુખો પુણ્યના ઉદયથી મળે છે. આ ઔદયિકભાવનો પ્રભાવ આપણી ઉપર એટલો બધો પડેલો છે કે આપણે ભક્તિ પણ આ ઔદયિકભાવમાં અનુકૂળતા આપનારાં પાત્રોની કરીએ છીએ. ક્ષયોપશમભાવનો કે ક્ષાયિકભાવનો પ્રભાવ આપણા આત્મા ઉપર પડે તો તે પાત્રોની ભક્તિમાં આનંદ આવે. ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવનો પ્રભાવ જો આપણી ઉપર પડે તો આ સંસારનું સુખ છૂટી ગયા વિના ન રહે. ઔદયિકભાવનાં પાત્રો આપણી ઉપર પ્રભાવ પાડે છે તેથી આપણે એમાં અંજાઈ જઈએ છીએ. જ્યારે ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવનાં પાત્રો આપણી

ઉપર પ્રભાવ પાડતાં નથી. આપણે જો યોગ્યતા કેળવીએ તો કુદરતી એમનો પ્રભાવ આપણી ઉપર પડે. આ યોગ્યતા કેળવવા માટે ઔદયિકભાવ ઉપરથી નજર ખસેડવી જ પડશે. જ્યારે સુખ ઉપરથી નજર ખસે અને દુઃખ ભોગવવાની તૈયારી થાય ત્યારે જ આ ભગવાનના શાસનનો પ્રભાવ આપણી ઉપર પડે. અભ્યાસ પાડીએ તો જે ન ફાવતું હોય તે ફાવવા માંડે. ધર્મ આપણને ફાવતો નથી, પરંતુ ફવડાવીએ તો ફાવે એવો છે. તમારા સંસારમાં ઘણી વસ્તુ એવી છે કે શરૂઆતમાં બિલકુલ ફાવતી ન હોય પણ પાછળથી એના વિના ચાલે નહિ. એ રીતે અહીં પણ બની શકે. આજે ભગવાનની આજ્ઞા મુજબનો ધર્મ ફાવતો નથી તેનું કારણ એ છે કે આપણને કુનય ફાવી ગયો છે. સાચું સમજ્યા પછી પણ છોડવાનું મન ન થાય – એવી આ કુનયની ફાવટ છે. આજે તો ઘણા બોલતા થયા કે 'હું છોડી નથી શકતો પણ અંતરથી માનું છું કે સાચું આ જ છે.' અમે પણ પાછા રાજી થઈએ કે શ્રદ્ધા તો પાકી છે ! આપણે ઉપરથી કહેવું પડે કે જે માન્યા પછી પણ કરાવે નહિ – એ શ્રદ્ધા કેવી ? અગ્નિ બાળે છે – એ શ્રદ્ધા કેવી છે ? અગ્નિથી આઘા રાખે એવી કે અગ્નિ વચ્ચે જ રાખે એવી ? આજના વિદ્વાનો નવતત્ત્વ ભણીને એનો ઉપયોગ સંસારને હેય માનીને ભોગવવા માટે કરે છે, સંસારને છોડવા માટે નહિ ! સાપને હેય માનીને એને રમાડો તો ચાલે ? અને સંસારને હેય માની ભોગવીએ તો ચાલે – ખરું ને ? સાપને રમાડવાની વાત તો બાજુ પર મૂકો, જે ઘરમાં સાપ પેસતા જોયો હોય અને નીકળતાં ન જોયો હોય તો તે ઘરમાં રહેવા જાઓ ખરા ? કુનયને કુનય તરીકે માની લીધો એટલા માત્રથી નિસ્તાર નથી થતો, કુનયનો ઉચ્છેદ કરીએ તો જ કામ થાય, માટે અહીં જણાવ્યું કે ભગવાનનો મત કુનયનો ઉચ્છેદ કરે છે. ભગવાનનું શાસન, ભગવાનના આગમ કુનયનો ત્યાગ કરાવે છે. ઉચ્છેદ કરવો એટલે માત્ર માનવું



એ નહિ, માન્યા પછી છોડવું – એનું નામ ઉચ્છેદ. કરવું તો સાચું જ કરવું, સાચું કર્યા વગર રહેવું, પણ ખોટું તો કોઈ કાળે નહિ કરવું – આવો જે નિર્ણય તેનું નામ કુનયનો ઉચ્છેદ. સાચું સમજવા માટે મહેનત પૂરતી કરો, પણ સાચું સમજ્યા પછી ખોટાને છોડતાં વાર ન લગાડવી.

આ દુનિયામાં જૈનશાસન મળ્યા પછી દુનિયાની એક પણ ચીજ સારી લાગે – એવું નથી. આપણને જૈનશાસન મળ્યાનો આનંદ છે કે ધન ન મળ્યાનું દુઃખ છે ? જૈનને તો ધન ન મળ્યાનું દુઃખ જ ન હોય, એને તો શાસન મળ્યાનો આનંદ હોય. જેને શાસનનો મહિમા સમજાયો ન હોય તેને શાસન પ્રત્યે ભક્તિ જાગે – એ વાતમાં માલ નથી. આજે તો લોકો બોલતા થઈ ગયા કે 'જૈનો દુઃખી છે, આટલી મોંઘવારીમાં જીવે કઈ રીતે ?...' આપણે કહેવું પડે કે જૈન દુઃખી હોય નહિ. આપણા ભગવાને તો કાયમ માટે જીવી શકાય અને મરવું ન પડે – એવો માર્ગ બતાવ્યો છે. તો આવી સ્થિતિમાં જીવવા મળે કે ન મળે – એમાં જૈનને કાંઈ ફરક નથી પડતો. જૈન તો જીવન અને મરણમાં સમાનવૃત્તિવાળો હોય છે. એક બાવાજી હતા. તેમની ગાય મરી ગઈ – એવા સમાચાર એક ભાઈએ આપ્યા તો તરત એમણે કહ્યું કે – કાંઈ વાંધો નહિ, છાણમૂતરની ગંધ ગઈ. જ્યારે ગાય આવી ત્યારે વિચારતા કે ગાય હશે તો દૂધ પીશું. આ રીતે સમભાવમાં જીવતા થવું છે. જૈનને તો શાસન મળ્યાનો આનંદ એવો હોય કે તેને જીવનમાં કોઈ દુઃખ દુઃખ લાગતું જ નથી. આપણને શાસન મળ્યાનો આનંદ છે કે સંસારનું સુખ ન મળ્યાનું દુઃખ છે ?

સ૦ બંન્ને છે.

સાચું કહો છો ? બેમાંથી કોણ ચઢે ? આનંદ કે દુઃખ ? પેલા દુઃખમાં આ આનંદ હણાઈ જાય કે આ આનંદમાં પેલું દુઃખ ભુલાઈ જાય ?

ભગવાનનું શાસન મળ્યાનો આનંદ જેને હોય તે તો આખી દુનિયાનું સામ્રાજ્ય પગમાં આળોટે તોય તેને લાત મારે. ભગવાનનું શાસન કુનયનો ઉચ્છેદ કરે છે - એમ જણાવ્યા બાદ કહ્યું છે કે તે શાસન મિથ્યામતિનું મંથન કરે છે. કુનયો તદ્દન અસંગત છે એ જણાવવાનું કામ તો જિનમત કરે છે. સાથે સાથે કુનયને સારા મનાવનાર અને સુનય ઉપર શ્રદ્ધા કરવા ન દેનાર મિથ્યામતિનું પણ તે મંથન કરે છે. કુનયની ખરાબી જાણ્યા પછી પણ 'એમનું એકાંતે બધું ખોટું છે - એવું નથી, એમની વાત પણ અમુક નયની અપેક્ષાએ સંગત થઈ શકે...' આવું જે બોલાવે છે તે મિથ્યામતિ છે. જેની પાસે સન્મતિ હોય તે તો સાચું કરે કે ન કરે, પણ ખોટું તો ક્યારેય ન કરે. દેરાસર ન જાય એ બને, પણ હનુમાનના મંદિરમાં તો પગ ન જ મૂકે. તમે પણ ધંધામાં કમાણી થાય કે ન થાય, ખોટનો ધંધો તો ન કરો ને ?! કે કરો ? કુનયનો ઉચ્છેદ કર્યા પછી પ્રવૃત્તિ તો સુધરી જાય, પરંતુ મનને સુધારવા માટે મિથ્યામતિનું મંથન કરવું પડે. ઇતરદર્શનમાં ન જાય, સ્વદર્શનની જ પ્રવૃત્તિ કરે; પરંતુ મનમાં એમ થયા કરે કે 'આપણા કરતાં તો ત્યાં સારું. આપણે ત્યાં આ ન ખવાય, તે ન ખવાય. આમ ન કરાય, તેમ ન કરાય... એમને ત્યાં આવી વાડાબંધી નથી...' એનું નામ મિથ્યામતિ. જિનમત આ મતિનું મંથન કરે છે. આજે તો અમારા સાધુઓ પણ બોલે છે કે 'જૈનધર્મ એ વિશ્વધર્મ બને એવો છે, આપણે વાડાબંધીથી તેને સંકુચિત બનાવ્યો છે.' આપણે કહેવું પડે કે આ વાડાબંધી નથી, આપણે મર્યાદામાં રહ્યા છીએ તેથી આપણી રક્ષા થઈ. જૈનધર્મ એ વિશ્વધર્મ નથી, આત્મધર્મ છે. ભગવાનની હાજરીમાં પણ જૈનધર્મ વિશ્વધર્મ બની શક્યો નથી. ભગવાનના સમવસરણમાં પણ ત્રણસો ત્રેસઠ પાખંડીઓ પહેલી હરોળમાં બેસતા હતા. તો ભગવાન પણ જો આખા વિશ્વને ધર્મ ન



પમાડી શકે તો આપણે કેવી રીતે પમાડી શકવાના ? આપણે જૈનધર્મને આપણા આત્માનો ધર્મ બનાવવાની જરૂર છે. જૈનશાસન સૌથી ચઢિયાતું છે - એવું માન્યા વિના મિથ્યામતિનું મંથન નહિ થાય. શ્રીમતી સુલસાસતીએ જે રીતે મિથ્યામતિનું મંથન કર્યું તે રીતે આપણે કરવું છે. સુલસાસતીનું સમ્યક્ત્વ, ચૌદપૂર્વીનું સમ્યગ્જ્ઞાન અને ધન્નાકાકંદીનું સમ્યક્ચારિત્ર પામવું છે. ઉપધાનમાં પ્રવેશ કરાવતી વખતે, માળ વખતે સમ્યગ્દર્શન ઉચ્ચરાવવામાં આવે છે. આ સમ્યક્ત્વ ટકાવવું હશે તો ગમે ત્યાં રખડાશે નહિ. સાધુને પણ સમ્યક્ત્વ ટકાવવા માટે પંદર કલાક સુધી સ્વાધ્યાય કરવાનું ફરમાવ્યું છે. મિથ્યામતિનો નાશ કરવા માટે જ્ઞાન અને ક્રિયા આ બંન્નેનો યથાસ્થાને વિનિયોગ કરવો પડે. આ રીતે જે મિથ્યામતિનો નાશ કરે તેનો વૈરાગ્ય વિસ્તાર પામે. દહીંનું મંથન કર્યા વિના માખણ ન નીકળે તેમ મિથ્યામતિના મંથન વિના વૈરાગ્ય ન મળે. સંસારમાં સુખ મળશે - આ મિથ્યામતિ છે ને ? એનો નાશ થાય તો સુખનો રાગ પણ જતો રહે અને વૈરાગ્ય પ્રગટે. ભગવાનનું શાસન સંસારનું સ્વરૂપ સમજાવે. એના કારણે વૈરાગ્ય પેદા થાય. ભગવાનનું શાસન મળ્યાનો આનંદ છે ? અનુકૂળતાનો, સુખનો રાગ છૂટે, સુખ છૂટી જાય અને દુઃખ આવે તોય મન પ્રસન્ન રહે એનું નામ વૈરાગ્ય. ભગવાનની પૂજાનું ફળ બતાવતાં જણાવ્યું છે કે તે પૂજાથી ઉપસર્ગો ક્ષય પામી, વિઘ્નની વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્ન રહે છે. આપણને ત્રણ ફળમાંથી બે જ ફળ યાદ રહે, ત્રીજું યાદ ન રહે ને ? સુખ ભોગવવું એના જેવો કોઈ અધર્મ નથી અને ભગવાનની આજ્ઞા મુજબ દુઃખ વેઠવું એના જેવો કોઈ ધર્મ નથી.

આ રીતે જિનમતથી સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્ર મળે. એની આરાધના કરવાથી જિનશાસનની કૃપા પુષ્ટ થાય. આપણા જીવનમાં દુઃખ

આવ્યા પછી તે જેટલું અપનાવીએ એટલો ધર્મ આપણા આત્મામાં પુષ્ટ થયો એમ સમજવું અને સુખ જેટલું ભોગવીએ એટલો ધર્મ નાશ પામે છે. આ શાસનનું છેલ્લું ફળ જણાવ્યું છે કે તે આપણી તૃષ્ણા-ઈચ્છાની ચોરી કરે છે. આપણી ઈચ્છા એવી ચોરાઈ જાય કે એ ક્યાં ગઈ અને કેવી રીતે ગઈ એની ખબર જ ન પડે. જેને જિનશાસન મળી જાય તેને દુનિયાની એકે ચીજની ઈચ્છા જાગતી નથી. આવા ઉત્કૃષ્ટ કોટિના શાસનની ભક્તિ કરવાનું સદ્‌ભાગ્ય મળ્યા પછી એ અવસરને કોણ ચૂકે ? અનુષ્ઠાન કરવાનું કામ તો શરીરની શાતાથી થઈ જાય, પણ અનુષ્ઠાનની આરાધના મનની પ્રસન્નતા વિના ન થાય.

## (૪) શ્રી સંઘની ભક્તિ :

**यः संसार–निरास–लालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते,**
**यं तीर्थं कथयन्ति पावनतया येनाऽस्ति नाऽन्यः समः ।**
**यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते,**
**स्फूर्त्तिर्यस्य परा वसन्ति च गुणा यस्मिन्स सङ्घोऽर्च्यताम् ।।२२।।**

ભગવાનના ધર્મની શરૂઆત ભક્તિથી થાય છે. એ ભક્તિ પાત્રના ભેદથી ચાર પ્રકારની છે. અનાદર કે તિરસ્કાર કોઈનો જ નથી કરવો, પણ ભક્તિ દરેકની ન કરાય, યોગ્ય પાત્રની જ કરાય. આથી અહીં ચાર પાત્રને ભક્તિને યોગ્ય તરીકે જણાવ્યાં છે. તેમાંથી આપણે તીર્થંકરની ભક્તિ, ગુરુની ભક્તિ, જિનમતની ભક્તિ જોઈ ગયા. હવે સંઘની ભક્તિ જણાવવા પહેલાં ભક્તિને યોગ્ય સંઘ કેવા પ્રકારનો હોય તે અહીં જણાવ્યું છે. વર્ત્તમાનમાં તો ગામોગામના સંઘના કાયદા ઠરાવો જુદા જુદા હોય. આજે તો પૈસા ભરીને સંઘના સભ્ય બનાય છે. આપણે એવા સંઘની વાત નથી કરવી. અહીં તો જે સંઘ પચીસમો તીર્થંકર તરીકે ગણાય તેવા સંઘનું સ્વરૂપ જણાવ્યું છે.



પચીસમો તે બની શકે કે જે ચોવીસને આગળ કરે. પચીસની સંખ્યા પણ ચોવીસની પછી આવે છે. જે ચોવીસની આજ્ઞાને માથે રાખે તેવાને પચીસમો તીર્થંકર કહેવાય છે. જે સંઘ ભગવાનની આજ્ઞાને માથે રાખનારો હોય તેવા સંઘનું સ્વરૂપ અહીં જણાવ્યું છે.

આ સંઘના સભ્યો કેવા હોય છે તે માટે જણાવે છે કે જેની મતિ સંસારનો નિરાસ કરવાની અર્થાદ્ સંસારમાંથી ભાગી છૂટવાની લાલસાવાળી હોય અને આવી સંસારથી છૂટવાની લાલસાવાળી મતિથી જે મોક્ષે જવા માટે ઊભો થયો હોય, તૈયાર થયો હોય એવો આ સંઘનો સભ્ય હોય. સંસારનો ત્યાગ કરવાની ઈચ્છા કે ભાવનાની વાત અહીં નથી, લાલસાની વાત છે. જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી જંપે નહિ તેનું નામ લાલસા. મેળવવા માટે ચારે બાજુ નજર નાંખ્યા કરે, ક્યાંથી મળશે – એવી સતત ચિંતા રહેવી તેનું નામ લાલસા. મોક્ષમાં જવા માટેનો પ્રયત્ન સંસારમાં બેસીને ન થાય. તે માટે સંસારમાંથી બહાર નીકળવું જ પડે. સંસારમાંથી છૂટ્યા પછી મોક્ષ માટે પ્રયત્ન કરવાનો છે. માત્ર પ્રવૃત્તિ કરવી એ પ્રયત્ન નથી, પ્રમાદ ન કરવો એ જ પ્રયત્ન છે. પ્રવૃત્તિ એ બાહ્ય પ્રયત્ન છે. કોઈ પણ જાતનો પ્રમાદ ન કરવો એ અભ્યંતર પ્રયત્ન છે. આ અભ્યંતર પ્રયત્નના યોગે ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ પેદા થાય છે. સંઘના દરેક સભ્યો એક જ દિશામાં જનારા હોય છે. આથી જ તેઓ પરસ્પર સમાનધર્મવાળા હોય છે. સંસારમાંથી નીકળીને મોક્ષે જવું છે – આ એક જ લાલસા સંઘના સભ્યોની હોય. એક વાર આચાર્યભગવંતે કહેલું કે નાના છોકરાઓ ઘોડિયામાંથી બહાર નીકળવા માટે જેવો પ્રયત્ન કરે એવો પ્રયત્ન સમકિતી સંસારમાંથી નીકળવા માટે કરે. તમારો પ્રયત્ન શેના માટેનો છે ? ભેગું કરવાનો કે છોડવાનો ?

સ૦ ભેગું કરવાનો ?

ભેગું કરીને પછી શું કરશો - તેનો વિચાર કર્યો ? સિકંદર જ્યારે અનેક દેશોને જીતવા નીકળેલો. ત્યારે એક સંન્યાસી તેને મળેલો. સંન્યાસીએ પૂછ્યું કે 'આ દેશ જીતીને પછી શું કરશો ?' સિકંદર કહે 'બીજો દેશ જીતીશ.' સંન્યાસીએ ફરી પૂછ્યું - 'પછી ?' પેલો કહે 'ત્રીજો દેશ જીતીશ.' આમ વારંવાર પૂછ્યા પછી અંતે સિકંદરે કહ્યું કે 'પછી છેલ્લે શાંતિથી જીવીશ.' ત્યારે સંન્યાસીએ કહ્યું 'તો અત્યારે જ શાંતિથી જીવવા માંડ ને !' આપણે પણ કહેવું છે કે ભેગું કરીને ભોગવવા મળે કે ન મળે એના બદલે છોડવા પ્રયત્ન કરવો છે.

જે સંઘને પવિત્રતાને લઈને તીર્થ કહેવાય છે, જેને તીર્થંકરપરમાત્મા પણ 'નમો તિત્થસ્સ' કહીને નમસ્કાર કરે છે, જેનાથી શુભ યોગની પ્રાપ્તિ થાય છે, જે સંઘ મોક્ષની આરાધનામાં જરા ય સુસ્ત ન હોય અને સ્ફૂર્ત્તિમાન હોય છે તેમ જ જેમાં અનેક ગુણો વસે છે તે સંઘની અર્ચા-ભક્તિ કરવી.

## (૫) હિંસારૂપ આશ્રવનો ત્યાગ :

ચાર પ્રકારની ભક્તિ બતાવ્યા પછી પાંચ પ્રકારના આશ્રવથી વિરામ પામવાનું જણાવ્યું છે. તેમાં સૌથી પહેલાં હિંસારૂપ આશ્રવનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. બાકીના આશ્રવનો ત્યાગ કરવાનો ઉદ્દેશ પહેલા મહાવ્રતની રક્ષાનો જ છે. બાકીના ચાર આશ્રવોનો ત્યાગ કર્યો હોવા છતાં જો હિંસાનો આશ્રવ ચાલુ હોય તો સમજી લેવું કે એકે આશ્રવ રોકાયો નથી. ભગવાનની ગુરુની જિનમતની કે સંઘની ભક્તિ કર્યા પછી સૌથી પહેલાં હિંસાદિ આશ્રવોનો ત્યાગ કરવો જરૂરી છે. ભક્તિ કરવાનું કામ સહેલું છે કારણ



કે એ તો નાચીકૂદીને પણ કરી શકાય છે. જ્યારે આશ્રવોનો ત્યાગ કરવા માટે નાચવાનું બંધ કરવું પડે, પાપનો ત્યાગ કરવો પડે. આપણા મન-વચન-કાયાથી કોઈ પણ જીવને દુઃખ પહોંચાડવું એનું નામ હિંસા. આજે આપણે સંસારમાં મજેથી જીવી શકીએ છીએ તેનું કારણ એ જ છે કે આ હિંસાનું પાપ નજર સામે દેખાતું નથી. આ સંસારનાં સુખો મળે છે પુણ્યથી પણ ભોગવાય છે પાપના ઉદયમાં. આ સંસારનું એકપણ સુખ અવિરતિ વિના ભોગવાય એવું નથી. ચક્રવર્ત્તીપણાનાં કે અનુત્તરનાં સુખો અવિરતિના ઉદય વિના નથી ભોગવાતા. ચક્રવર્ત્તીઓ જો મહારંભ અને મહાપરિગ્રહનો ત્યાગ ન કરે તો સાતમી નરકે જાય છે. આ સંસારમાં આપણને દુઃખ પડે છે માટે નહિ, આપણે દુઃખ આપવું પડે છે માટે આ સંસારનો ત્યાગ કરવો છે. આ સંસારમાં આપણી દૃષ્ટિએ સુખ ઘણું મળતું હોય તોપણ આ સંસારમાં દુઃખ ઘણું આપવું પડે છે - એમ શાસ્ત્રકારો કહે છે. આપણે કાયમ માટે આપણને દુઃખ ન પડે - એનો વિચાર કરીએ છીએ, જ્યારે ભગવાને તો આપણે કોઈને દુઃખ પહોંચાડીએ નહિ - એવો માર્ગ બતાવ્યો છે. આપણને દુઃખ કેટલું પડે છે - એનો વિચાર નથી કરવો, આપણે બીજાને કેટલું દુઃખ પહોંચાડીએ છીએ - એનો વિચાર કરવો : આ જ પહેલું મહાવ્રત છે. આપણે કોઈને દુઃખ ન આપવું હોય તો કોઈએ પણ આપેલું દુઃખ આપણે ભોગવી જ લેવું પડશે. આપણને દુઃખ ભલે આવતું આપણે કોઈને દુઃખ આપવું નથી. અરિહંતાદિ ચારની ભક્તિનું ફળ આ સાધુપણું છે. સાધુપણાનું સૌથી પહેલું મહાવ્રત કોઈને દુઃખ ન આપવું તે છે. અઢાર દિવસમાં ભક્તિની વાત પૂરી કરી, હવે ભક્તિનું ફળ પામવા તૈયાર થવું છે. આજે નિયમ લેવો છે કે કોઈને પણ દુઃખ થાય એવું વર્ત્તન મનથી, વચનથી કે કાયાથી કરવું નથી. આમ એકેન્દ્રિયની જયણા પાળે અને સાથે રહેનારા સંજ્ઞીપંચેન્દ્રિય

સાથે ઝઘડે આ ધર્માત્માનાં લક્ષણ કહેવાય ખરાં ? અમારે ત્યાં પણ દીક્ષા વખતે 'મા-બાપની મમતાને વીસરાવે એવા ગુરુ અને ભાઇ-બહેનનો સ્નેહ ભુલાવે એવા સહવર્ત્તી મળ્યા છે...' આવું પત્રિકામાં લખીને આવેલાં પણ સાધુ-સાધ્વી આજે ગુરુ સાથે ઉદ્ધતાઈથી બોલતા અને સહવર્ત્તીની સાથે ઝઘડતાં અચકાતાં નથી. બીજાને દુ:ખ આપવું એ અવિરતિ અને કોઈને પણ દુ:ખ ન આપવું તેનું નામ વિરતિ.

સ૦ આપણે સીધું કરીએ, પણ સામાને ઊંધું પડે તો ?

ખરેખર આપણે સીધું કર્યું હોય, દુ:ખ આપ્યું ન હોય છતાં સામાને દુ:ખ લાગ્યા કરે - એનો કોઈ ઉપાય નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે આપણે ઈર્યાસમિતિના ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરતા હોઈએ છતાં અચાનક કોઈ જીવ પગ નીચે આવે અને મરી જાય છતાં આપણને પાપ ન લાગે. તેમ તમે બીજાને દુ:ખ પહોંચાડવાની પ્રવૃત્તિ ન કરી હોય છતાં ય બીજાને દુ:ખ લાગે - એની ચિંતા કરવાની જરૂર નથી. આપણે બીજાને દુ:ખ આપવાનો અધ્યવસાય નથી રાખવો. પરંતુ જો બીજાને દુ:ખ ન પડે - એની તકેદારી ન રાખીએ તો હિંસાનું પાપ લાગવાનું જ. આજે તો આપણે જેટલું મડદાનું ધ્યાન રાખીએ છીએ એટલું ચેતનનું ધ્યાન નથી રાખતા. મડદાને કોઈ ઉપરના માળેથી નીચે ફેંકે ? નહિ ને ? એક ઘસરકો પણ લાગવા ન દઈએ ને ? અને કાચું પાણી, શાકભાજીનો કચરો ઉપરથી ફેંકે ! અને આમ પાછા કહે કે અપ્કાયમાં અસંખ્યાત જીવો છે, વનસ્પતિકાયમાં જીવો છે. તિથિના દિવસે લીલોતરી ન ખવાય ને ? તિથિ સિવાય (અપર્વતિથિએ) લીલોતરી ખવાય ને ? આપણી ભાષા આવી ન હોવી જોઈએ. લીલોતરી તો ક્યારેય ન ખવાય. છતાં અપર્વતિથિએ ખાઈએ છીએ - એવું કહેવાય.



## (૬) અસત્યનો ત્યાગ :

કોઈને પણ દુ:ખ ન આપવું હોય તો સૌથી પહેલાં આપણા વચન ઉપર કાબૂ રાખવો છે. કાયા કરતાં પણ વચનથી પાપ વધારે થાય છે. અઢાર પાપસ્થાનકમાં મોટા ભાગનાં પાપો વચનના કારણે થાય છે. વચન વિના થાય એવાં પાપ ઘણાં ઓછાં છે. માટે વચન પર કાબૂ રાખવો છે. સાધુપણામાં આવેલાં પણ જો વચન ઉપર કાબૂ ન રાખી શકે તો શું કહેવું ? સાધુપણાની આરાધના કરવી હોય તો મોઢું બંધ રાખવું અને કાન ખુલ્લા રાખવા. જેથી ગુર્વાદિકને એવું બોલવાનો વખત ન આવે કે 'તમે સાંભળતાં કેમ નથી ? અને બોલબોલ કેમ કરો છો ?' આપણે સાધુપણામાં દુ:ખ આપવા માટે નથી આવ્યા, દુ:ખ વેઠવા માટે આવ્યા છીએ. અત્યાર સુધી આપણે અનેકને સંતાપીને આવ્યા છીએ હવે એ પાપકર્મના ઉદયમાં રડવું શા માટે આવે ? આપણને કેટલું દુ:ખ આવ્યું એની ગણતરી નથી મૂકવી, આપણે બીજાને કેટલું દુ:ખ આપ્યું છે - એનો વિચાર કરવો છે.

આપણે બીજાના દુ:ખનો વિચાર કરીએ ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. ચરમાવર્ત્તકાળના જીવોનાં લક્ષણ જણાવતી વખતે સૌથી પહેલું લક્ષણ 'દુ:ખી જીવો ઉપર અત્યંત દયા' જણાવ્યું છે. આપણને બીજાનું દુ:ખ ન ખમાય કે સુખ ન ખમાય ? આ સંસારમાં સુખ માની બેઠા છીએ અને એ સુખ આપણને ન મળે ને બીજાને મળે તો ખમાય નહિ ને ? વસ્તુત: તો આ સંસારમાં સુખ છે જ નહિ - એવું આપણા ભગવાન સમજાવે છે. આ સંસાર અનંતદુ:ખમય છે ને ? આપણે એમાંથી સુખ શોધવા માટે પ્રયત્ન કરીએ છીએ ને ? આપણી હાલત પેલી ડોશી જેવી છે ને ? એ ડોશીમાની સોય ખોવાઈ હતી ઘરમાં, પણ શોધતાં હતાં બહાર રસ્તા ઉપર ! કારણ

કે ઘરમાં અંધારું હતું ને રસ્તા ઉપર અજવાળું હતું. એ જ રીતે અહીં પણ સુખ છે મોક્ષમાં અને શોધીએ છીએ સંસારની શેરીઓમાં. શાસ્ત્રકારો કહે છે કે સુખ એ આત્માનો ગુણ છે અને દુઃખ એ શરીરનો ધર્મ છે. શરીરની હાજરીમાં સુખ નહિ જ મળે. સંસારમાં સુખ છે જ નહિ તો ગમે તેટલું શોધો, ક્યાંથી મળશે ? આ સંસારમાંથી સુખ શોધવું એ વિષ્ટામાંથી સુગંધ શોધવા જેવું છે. આ સંસારમાં સુખ કોઈ ઠેકાણે નથી અને કોઈ કાળે સુખ મળે એવું નથી. આ સંસારનું કોઈ પણ દ્રવ્ય, કોઈ પણ ક્ષેત્ર, કોઈ પણ કાળ અને કોઈ પણ ભાવ આ જન્મજરામૃત્યુના દુઃખને દૂર કરવા માટે સમર્થ નથી, મોક્ષ આપવા માટે સમર્થ નથી. સંસારનાં દરેક દ્રવ્ય, દરેક ક્ષેત્ર, દરેક કાળ અને દરેક ભાવ દુઃખનાં જ કારણ છે. છતાં મૂઢ માણસો એ દુઃખની ક્ષણવાર હળવાશને સુખ માની બેઠા છે. સંસારમાંથી સુખ મેળવવા માટે મહેનત કરવી એ મૂર્ખતાનાં લક્ષણ છે, વિદ્વત્તાનાં લક્ષણ નથી, સુખ છોડવા માટે મહેનત કરે એ ખરો વિદ્વાન છે. ઉકરડો ફેંદીને સુગંધ ન મળે, ઉકરડો છોડીએ તો જ સુગંધ મળી શકે.

સ૦ સંસાર ઉકરડો લાગતો નથી.

સાચું કહો છો ? ઉકરડો લાગતો નથી કે લાગવા છતાં માનવું નથી ? આ સંસારની એક ચીજ એવી નથી કે જે આપણી મનપસંદગીની હોય ? છતાં નભાવીને પણ સંસારમાં જ રહેવું છે ને ? શાસ્ત્ર કહે છે કે ભવનો અંત કરવા માટે જ ધર્મ કરવાનો છે. આ સંસારમાં દુઃખ સિવાય કશું આપણા ભાગે આવવાનું જ નથી. તેથી એ દુઃખનો પ્રતિકાર કરવાના બદલે એનો અંત લાવવા મહેનત કરવી છે. દુઃખનો પ્રતિકાર કરવો તેનું નામ સંસાર અને દુઃખનો અંત લાવવો તે જ મોક્ષ. દુઃખ કોઈને આપવું નથી અને કોઈએ



પણ આપેલું ગમે તેવું દુઃખ સહન કરી લેવું છે. આ બે રીતની અહિંસા છે. આપણે કોઈને સહન કરાવવું નથી અને કોઈ સહન કરાવે તો આપણે સહન કરી લેવું છે : આનું જ નામ અહિંસા. આપણે ડોક્ટરને ત્યાં ડ્રેસિંગ કરવા જઈએ તે વખતે રસી કઢાવતાં પીડા થાય તો તેની ફરિયાદ કરીએ ખરા ? તેમ જેઓ દુઃખ ભોગવવા માટે જ સાધુપણામાં આવ્યા હોય તેઓ દુઃખની ફરિયાદ કરે ખરા ? મચ્છર કરડે તોય સહન કરવાનું જ છે તો મચ્છર ઘણા વધી ગયા છે – એવું બોલવાનું કામ શું છે ?

હિંસાના ત્યાગ પછી અનૃત–જાૂઠ નામના આશ્રવનો ત્યાગ કરવાનું જણાવ્યું છે. આ વ્રત સૌથી આકરું છે. રાગથી, દ્વેષથી, ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી... એમ અનેક પ્રકારે જાૂઠું બોલાય છે. ચોવીસ કલાકમાંથી પાંચ મિનિટ માટે પણ જાૂઠું ન બોલવાનો નિયમ લેવો છે ? સાધુપણામાં તો જાણતાં કે અજાણતાં, પ્રમાદથી કે અપ્રમાદથી, સહસાત્કારે કે ગોઠવીને, નાનું કે મોટું, રાગથી કે દ્વેષથી – એવા એક પણ પ્રકારે જાૂઠું બોલવાનું નથી. આપણે એનો અભ્યાસ પાડવો છે ને ? આજે તો સાધુપણામાં પણ જાૂઠું ન બોલવાનો નિયમ નથી. આસક્તિ હોવા છતાં અશક્તિને આગળ કરવી – એ જાૂઠું છે. ભણવાનું મન ન હોવાથી ભણતા ન હોય તોપણ ક્ષયોપશમ નથી – એમ કહેવું આ જાૂઠું છે. પરિગ્રહ રાખ્યો હોવા છતાં જરૂરિયાત છે – એમ કહેવું એ પણ જાૂઠું છે. આ જાૂઠાનો ત્યાગ કરવાનું કપરું હોવાથી જ સુધર્માસ્વામીજીએ હિતશિક્ષા આપતાં જણાવ્યું છે કે सच्चं परक्कमे भिक्खू સત્ય માટે સાધુએ પરાક્રમ ફોરવવું. સત્ય તેને કહેવાય કે જે સજ્જનોને હિતકારી હોય. જે જાૂઠું બોલે તે સાધુપણું લેવા માટે યોગ્ય નથી. કોઈને દુઃખ ન આપવું એ પાંચમો ઉપાય છે અને પ્રાણાંતે પણ જાૂઠું ન બોલવું એ છઠ્ઠો ઉપાય છે. આપણે જાૂઠું બોલીએ છીએ તેથી જ આપણો

નિસ્તાર નથી થતો. શું નડે છે - એ જો ચોખ્ખું જણાવીએ તો મહાપુરુષો આપણી ચિકિત્સા કરવા માટે તૈયાર છે, પરંતુ આપણે આપણી જાતને છુપાવીએ તો ક્યાંથી ઠેકાણું પડે ?

અરિહંતાદિ ચારની ભક્તિ કર્યા પછી ધર્મની શરૂઆત હિંસા વગેરે પાંચ આશ્રવોના ત્યાગથી થાય છે. આજે આપણે ધર્મની શરૂઆત ક્યાંથી ગણીએ ? દેરાસર જવા માંડે, ઉપાશ્રય જાય, સામાયિક કરે, રાત્રિભોજનનો ત્યાગ કરે ત્યાંથી ને ? પણ કોઈને દુઃખ નથી આપવું - આને આપણે ધર્મની શરૂઆત ન માનીએ ને ? શાસ્ત્રકારો કહે છે કે હિંસા ન કરવી અર્થાદ્ કોઈને દુઃખ ન આપવું, જૂઠું ન બોલવું, ચોરી ન કરવી. અહીંથી ધર્મની શરૂઆત થાય છે. તેમાંથી આપણે બે આશ્રવની વાત જોઈ આવ્યા. કોઈને દુઃખ ન આપવું - એ અઘરું લાગે પરંતુ જૂઠની વાત આવે ત્યારે તેનો ત્યાગ વધુ અઘરો લાગે એવું છે. આપણને દુઃખ સહન થતું નથી, આગળ વધીને સહન કરવું નથી માટે મોટે ભાગે આપણે જૂઠું બોલતા હોઈએ છીએ. કોઈને દુઃખ ન આપવું એ હજુ સહેલું છે પણ દુઃખ સહન કરી લેવાનું કામ કપરું છે. આજે આપણને કોઈ કામ ભળાવે તે વખતે કામ કરવું ન હોય છતાં 'ફાવશે નહિ, સમય નથી, અનુકૂળતા નથી' આવું બોલીએ - એ જૂઠું જ છે ને ? આવું તો જૂઠ ઘણું બોલાતું હોય છે. આપણે દુઃખનો ડર રાખીશું તો ધર્મ કોઈ રીતે કરી નહિ શકીએ. ધર્મ પાપના ડરથી કરવાનો છે. દુઃખ દૂર કરવા માટે ધર્મ કરવાનું ભગવાને ફરમાવ્યું જ નથી. અમારાં સાધુ-સાધ્વી પણ મજેથી સમજાવે કે 'ધર્મ કરો દુઃખ દૂર થઈ જશે.' આપણે પૂછવું પડે કે જે ભગવાને પાપનો સર્વથા ત્યાગ કર્યો અને પરીષહ-ઉપસર્ગો પ્રતિકાર કર્યા વિના સહન કર્યા, એ ભગવાન આપણને દુઃખ દૂર કરવા માટે ધર્મ કરવાનું ફરમાવે એ શક્ય જ નથી. દુઃખનો પ્રતિકાર કરવાની વૃત્તિના



કારણે જૂઠું બોલવાનું બને છે. જો આપણે આપણો ગુનો જોતા થઈએ તો દુઃખનો પ્રતિકાર કરવાનું મન નહિ થાય. મોઢે તાળું મારીએ તો અસત્યના પાપથી બચી શકાય. શ્રી આનંદઘનજી મહારાજે પણ કહ્યું છે કે 'પાપ નહિ કોઈ ઉત્સૂત્રભાષણ જિસ્યું...' તેથી અસત્યનું પાપ સૌથી ભયંકર છે. ઈચ્છામિ ઠામિ સૂત્રમાં પણ અતિચારની શરૂઆત <u>ઉસ્સુત્તો</u> થી કરી છે.

## (૭) ચોરીનો ત્યાગ :

ત્રીજો આશ્રવ ચોરી છે. ચોરી ચાર પ્રકારની છે : સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત, ગુરુ અદત્ત. જે વસ્તુ જેની માલિકીની હોય તેને પૂછ્યા વિના લેવી તેનું નામ સ્વામી અદત્ત. કોઈને પણ દુઃખ પહોંચાડવું કે મારવું એ જીવ અદત્ત છે. કારણ કે કોઈ જીવે આપણને મારવાની કે દુઃખ આપવાની રજા નથી આપી. ભગવાનની આજ્ઞા ન માનવી તે તીર્થંકર અદત્ત અને ગુરુને પૂછ્યા વિના કોઈ પણ વસ્તુ લેવી, કોઈ પણ કામ કરવું તે ગુરુ અદત્ત. આપણે સાધુ થવું છે ને ? તો આ ચારે ય અદત્તને ટાળવાનો અભ્યાસ આજથી શરૂ કરવો છે. પરઠવતી વખતે 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલવાનું એટલા માટે જ છે. જગ્યા જેની હોય તેને પૂછ્યા વિના પરઠવાય નહિ. આ તો કહે કે બોલવાનું ભૂલી ગયા. આપણે કહેવું પડે કે ભૂલી નથી ગયા, સંકલ્પ જ કાચો છે. એક વાર દુઃખ વેઠવાનું નક્કી કરીએ તો ચોરીના પાપથી બચાશે.

સ૦ તીર્થંકર અદત્તમાં શું આવે ?

ભગવાનની આજ્ઞામાં છૂટછાટ લેવા આવો એટલે આ અદત્ત લાગવાનું. આ તો ઉપધાનમાં પણ દવાની છૂટ લેવા આવે. આપણે કહેવું પડે કે દવા

લઈને તપ ન કરાય. દવા ન લઈએ ને વેઠવું પડે તો વેઠી લઈશું. કારણ કે ભગવાને કહ્યું છે કે - 'कष्टाय दीक्षा' અને 'देहदु:खं महाफलम्' શરીરને જેટલું કષ્ટ આપીશું, તેમાં ઘણું ફળ મળે એવું છે.

સ૦ ભગવાનની આજ્ઞા માન્યા વગર શરીર બગાડ્યું છે...

હવે આજ્ઞા પાળીને સુધારવું છે. સનત્કુમાર ચક્રવર્તીને સાતસો વરસ સુધી રોગ હતા અને પોતાના થૂંકમાં જ દવા હતી. છતાં તેમણે ચિકિત્સા ન કરી. કારણ કે શરીરને કષ્ટ આપવાથી ઘણી નિર્જરા થાય છે. ભગવાને આજ્ઞાનું જે ચોકઠું આપ્યું છે તેમાંથી બહાર ન નીકળીએ તો પાપ કરવાનો વખત નહિ આવે.

ભગવાનના શાસનમાં પાપની નિવૃત્તિ વિના કોઈ પણ ધર્મની શરૂઆત થતી નથી. જેઓ પાંચ આશ્રવથી વિરામ ન પામે તેઓને ભક્તિનું ફળ મળ્યું નથી - એમ જ માનવું પડે. ભક્તિ કર્યા પછી અવિરતિનો ત્યાગ કરવામાં ન આવે તો ભક્તિ નકામી જાય છે અને અવિરતિનો ત્યાગ કર્યા પછી જો કષાયનો ત્યાગ કરતાં ન આવડે તો અવિરતિ પાછી આવીને ઊભી રહે છે. તેથી ભક્તિ પછી આશ્રવનો ત્યાગ અને આશ્રવના ત્યાગ બાદ કષાયનો ત્યાગ જણાવ્યો છે.

## (૮) મૈથુનનો ત્યાગ :

ત્રીજા આશ્રવ બાદ ચોથો આશ્રવ મૈથુન છે. એનું સ્વરૂપ તો આપણે જાણીએ છીએ તેથી તેમાં વિશ્લેષણ કરવાની જરૂર નથી. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં જણાવ્યું છે કે મોક્ષમાર્ગની આરાધના કરવા માટે નીકળેલાને સ્ત્રીઓ એ કાદવભૂત છે. માર્ગમાં જો કાદવ હોય તો ચાલવાનું



કપરું છે અને ડગલે ને પગલે લપસવાનો ભય છે. કાદવ ન હોય તો અવિરતપણે માર્ગમાં ચાલી શકાય ને ? સ્ત્રીઓનો સંગ ભયંકર છે - એમ સમજવાનું કામ જેણે કર્યું છે તેનું શ્રમણપણું સુકર છે. સાધુપણામાં આવેલાનું પતન જો થતું હોય તો મોટેભાગે આ સુખની અભિલાષાના કારણે જ થાય છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં કથા આવે છે ને કે બાપ-દીકરાએ સાથે દીક્ષા લીધેલી. દીકરો એક એક અનુકૂળતા માંગતો ગયો. ગમે તેટલી અનુકૂળતામાં 'નથી ફાવતું' એમ જ કીધા કરતો, અંતે અવિરતિ માંગી ત્યારે બાપાને ગુસ્સો આવ્યો અને દીકરાને ઘરભેગો કર્યો. ગમે તેટલી અનુકૂળતા મળે તે પ્રતિકૂળતાના ઘરની લાગે તે પ્રભાવ અબ્રહ્મસેવનની ઈચ્છાનો છે. ત્રણ વ્રત કરતાં આ ચોથું વ્રત કઠિન લાગે ને ? તેથી જ શ્રી સ્થૂલભદ્રમહારાજા જ્યારે કોશ્યાને પ્રતિબોધીને આવ્યા ત્યારે તેમના ગુરુએ તેમને દુષ્કરદુષ્કરકારક કહ્યા. કારણ કે અતિ દુષ્કર એવા ચોથા વ્રતનું પાલન કપરા સંયોગોમાં અખંડપણે કર્યું. શ્રી આચાર્યભગવંતના છત્રીસ ગુણોમાંથી નવ ગુણો તો આ નવ વાડનું પાલન કરવા જણાવ્યા છે. આ નવ વાડોનું પાલન તો સામાન્ય સાધુ પણ કરે, આગળ વધીને સદ્‌ગૃહસ્થ પણ કરે છે છતાં આચાર્યભગવંતના ગુણો તરીકે નવ વાડનું પાલન જણાવ્યું છે તેનું કારણ એ છે કે વિશિષ્ટ કોટિનો પુણ્યોદય હોવા છતાં ય આ વ્રતમાં કોઈ જાતની બાંધછોડ નથી : એ સમજાવવું છે. આ જ કારણે બીજા મહાવ્રતોમાં અપવાદ છે જ્યારે આ ચોથા મહાવ્રતમાં કોઈ અપવાદ નથી. જેને આ મૈથુનનું પાપ ડંખે તે તો આ સંસારમાં રહી જ ન શકે. કારણ કે એને તો લાગે કે મારે મોક્ષમાં જવું છે અને મોક્ષમાં જવા માટે મોટામાં મોટો અવરોધ આ જ છે. ધન્નાકાકંદીએ જ્યારે ભગવાનની વાણી સાંભળી ત્યારે ઘરે આવીને માતાને અને બત્રીસ સ્ત્રીઓને કહ્યું કે 'નારી નરકની દીવડી, દુર્ગતિની દાતારો રે, વીરે વખાણ્યું વખાણમાં, મેં આજ સુણ્યો

અધિકારો રે...' સ્ત્રી નરકને દેખાડે છે અને નરકમાં પહોંચાડે છે. આગળ તેમણે જણાવ્યું કે 'આ જ કારણથી હું આ સંસારમાં એક ક્ષણમાત્ર રતિ પામતો નથી, હવે રતિ એકમાત્ર મને સંયમમાં જ છે. સંયમથી જ સુખ પામીશ અને સંયમનું પાલન અરિહંતની આજ્ઞા વહન કરવા દ્વારા કરીશ...' શ્રી કૃષ્ણવાસુદેવે પણ પોતાની દરેક પુત્રીઓને ભગવાન પાસે મોકલીને દીક્ષા અપાવી. પોતે નિયાણું કરીને આવેલા તેથી નિકાચિત કર્મના યોગે સંસારમાં રહેલા, ભોગો ભોગવતા હતા છતાં રાગ બ્રહ્મચર્ય પર હતો. દરેક છોકરીને 'રાણી થવું છે કે દાસી' એમ પૂછતા. પેલી અર્થ ન જાણે તેથી રાણી થવાનું કહે. આથી બધાને ભગવાન પાસે મોકલે. એક પુત્રીને તેની માએ શીખવ્યું કે દાસી થવાનું કહેજે. ત્યારે કૃષ્ણ મહારાજે બાપ હોવા છતાં એવા સાથે પરણાવી કે જે તેને દાસીની જેમ જ રાખે અને સાથે જમાઈને કહ્યું કે જરાક ભૂલ થાય તો ચાબૂકથી ફટકારજે. બાપ થઈને આવું કરે ? અંતે પેલી રોતી રોતી આવી અને રાણી થવાનું કહ્યું, તો તેને દીક્ષા અપાવી. વાસુદેવ હોવા છતાં બ્રહ્મચર્યવ્રત પર પ્રેમ હતો તેનો આ પ્રભાવ હતો. સમકિતીને પરણવું પડે એ બને, પરંતુ પરણવાની ઈચ્છા એની ન હોય.

પાંચમું પરિગ્રહનું પાપ છોડવાનું તો ચોથાના ત્યાગ કરતાં પણ અઘરું છે ને ? સાચું કહો તમને પૈસા જાય અને બૈરી મરી જાય બેમાં દુઃખ વધારે શેમાં થાય ? આગળ વધીને બેને સાચવવાનો વખત આવે તો કોને વધારે સાચવો ? પત્નીને કે પૈસાને ? પરિગ્રહ એ બધા પાપનું મૂળ છે. પૈસો મૂકીને જ જવાનો છે તો વાપરીને કે છોડીને જવામાં શું વાંધો છે ? આ તો પત્નીની પાસે કામ વધારે કરાવે, નોકરો પાસે કામ કરાવે પણ પૈસો ન ખર્ચે : આ પૈસાનો લોભ જ છે ને ? બધા પાપની અનુકૂળતા કરાવી આપે - એવો આ પરિગ્રહ છે. આપણી પાસે પૈસો હોય તો દુનિયાનાં બધાં



પાપો આપણે કરી શકીએ ને ? માટે પરિગ્રહ બધા પાપનું મૂળ છે. આ પાપનો ત્યાગ કરવો હોય તો 'કેટલું જોઈએ છે' એના બદલે 'કેટલું જોઈએ' એનો વિચાર કરવો. કેટલું જોઈએ છે ? - એનો અંત નથી. કેટલું જોઈએ - એ વિચારીએ તો જ્યાં છીએ ત્યાં જ ઊભા રહેવું પડશે. 'કેટલું જોઈએ છે ?' એ વિચારવાથી પરિગ્રહનું પાપ ઊભું કર્યું છે. તેનો ત્યાગ કરવા માટે હવે 'કેટલું જોઈએ !' એ વિચારતા થવું છે.

### (૧૦) ક્રોધનો જય :

અનંતજ્ઞાની ભગવંતોએ જે ધર્મ બતાવ્યો છે તે ધર્મ સાધુપણાનો જ છે. ચાર પ્રકારના આશ્રવરૂપ અવિરતિનો ત્યાગ કરીને વિરતિમાં આવેલાને જે નડે છે તે હવે જણાવવાનું શરૂ કર્યું છે. સાધુપણામાં આવેલાને પણ ક્રોધાદિ કષાય નડે છે. આપણને વિષયની કે કષાયની પરિણતિ નડતી હોય તો તેનું કારણ એક જ છે કે આપણી ઈચ્છા મુજબનું થતું નથી. આપણી ઈચ્છા મુજબ સામા માણસે પ્રવૃત્તિ કરી હોય ત્યારે મોટું નુકસાન થાય છતાં ગુસ્સો ન આવે અને આપણી ઈચ્છાથી ઉપરવટ થઈને પ્રવૃત્તિ કરી હોય ત્યારે નુકસાન ન થાય અથવા તો સામાન્ય નુકસાન થાય તોપણ ગુસ્સો આવે ને ? દુઃખ ભોગવવું સહેલું છે, સુખ છોડવું ય સહેલું છે, પરંતુ કષાયને કાઢવાનું કામ કપરું છે. લોકો આપણી આજ્ઞામાં રહેતા નથી માટે ગુસ્સો આવે છે, લોકોને આજ્ઞામાં રાખવાનું મન છે એ જ માન છે, લોકોને આજ્ઞામાં રાખવા માટે માયા કરવાની પણ તૈયારી છે અને આજ્ઞામાં લોકોએ રહેવું જ જોઈએ એવી અપેક્ષાસ્વરૂપ લોભ છે. આપણે આપણી ઈચ્છા અને આજ્ઞા મુજબ લોકોને પ્રવર્ત્તાવવા છે માટે વિષય અને કષાયની પરિણતિ નડે છે. આપણા કષાયો, આપણને ગુણો પામવા નથી દેતા અને આપણા દોષોને

ટકાવી રાખે છે. અનંતાનુબંધીના કષાયો મિથ્યાત્વને જીવતું રાખે છે, અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીના કષાયો અવિરતિને જીવતી રાખે છે, સંજ્વલનના કષાયો છદ્‌મસ્થપણાને જીવતું રાખે છે.

સ૦ અનંતાનુબંધીના કષાય કોને કહેવાય ?

મારું જે થવું હોય તે થાય પણ તને તો ઠેકાણે પાડું જ – આવો જે પરિણામ તે અનંતાનુબંધીનો કષાય છે. કોઈ ગુસ્સો કરે કે ન કરે આપણે આપણા કષાય જીતવા છે. આપણે ગુરુના કષાય કાઢવા કે આપણા વડીલોના કષાય કાઢવા નથી આવ્યા, આપણા કષાયોને કાઢવા માટે આવ્યા છીએ. જેઓ આરોગ્યના અર્થી છે, પૈસાના અર્થી છે તેઓ પોતાના કષાયને – પોતાના સ્વભાવને કાબૂમાં રાખી શકે છે તો ચારિત્રના અર્થીઓ પોતાના કષાયને કાબૂમાં કેમ રાખી ન શકે ? ક્રોધના કારણે ચારિત્ર આવતું નથી, આવેલું પણ ચાલ્યું જાય છે – એવું જાણ્યા પછી આ ક્રોધને કાબૂમાં રાખી ન શકાય ? 'આપણું કહ્યું કોઈ માનતું નથી', આ જ આપણા કષાયનું બીજ છે. આપણું નુકસાન થાય છે માટે ગુસ્સો આવે છે – એવું નથી, આપણું ધાર્યું થતું નથી માટે ગુસ્સો આવે છે. ધર્મસ્થાનમાં આવ્યા પછી તો ગુસ્સો નથી કરવો ને ? હવે ઉપધાન કરીને ઘરે જાઓ અને નોકરોએ છબરડા વાળ્યા હોય તોય ગુસ્સો નથી કરવો.

સ૦ એવું થોડું ચાલે ? અનુશાસન તો કરવું પડે ને ?

અનુશાસન કરવાનો અધિકાર આપણો નથી, આચાર્યભગવંતોનો છે. જે નિઃસ્પૃહશિરોમણિ હોય તે જ અનુશાસન કરી શકે. સ્પૃહાવાળાને અનુશાસન કરવાનો અધિકાર નથી. જેને બીજાની જરૂર પડે તેણે બીજાનું ગમે તેવું વર્ત્તન ચલાવવું જ પડે. આપણે આપણી ગરજે નોકરોને રાખ્યા



છે, તો તેમનું અનુશાસન કરવું નથી. એમનું વર્ત્તન ચાલે એવું ન હોય, તો તેમને છૂટા કરી દેવા પણ તેમના ઉપર ગુસ્સો નથી કરવો. આ અનુશાસન કરવાના પરિણામમાં ચારે કષાય પડેલા છે. અનુશાસન કરવાનું મન છે તે જ લોભ છે, 'અનુશાસન તમારા હિત માટે જ છે, મારા સ્વાર્થ માટે નથી' – એવું કહેવું તે માયા છે, 'આ રીતે અનુશાસન કરીએ તો જ ઘર ચાલે' – એવું કહેવું તેનું નામ માન અને અનુશાસન કરતી વખતે ગુસ્સો હોય જ ને ? જેઓ નિઃસ્પૃહ હોય તેઓ જ આ ચાર કષાયથી રહિતપણે અનુશાસન કરી શકે. ગુસ્સો બિલકુલ કરવો નથી, ધર્મસ્થાનમાં – તીર્થસ્થાનમાં ખાસ નથી કરવો. આપણા ગુર્વાદિક, આપણા ઉપકારી ગમે તેવો ઠપકો આપે તોય ગુસ્સો કરવો નથી. આપણને અનુશાસન કરવાનું મન થાય તો આપણા આત્માનું જ અનુશાસન કરવું છે. ચંડરૂદ્રાચાર્યના શિષ્યે ગુસ્સો ન કર્યો તો પોતે પણ કેવળજ્ઞાન પામ્યા અને ગુરુને પણ કેવળજ્ઞાન અપાવ્યું. મૃગાવતીજી સાધ્વીએ ગુરુણીનો ઠપકો સાંભળીને ગુસ્સો ન કર્યો તો પોતે અને ગુરુણી બંન્ને કેવળજ્ઞાન પામ્યાં. મહાસતી સીતાજી, અંજનાસતી, કલાવતીસતી આ બધાં તો ગૃહસ્થપણામાં હતાં છતાં ય તેમણે ગુસ્સો ન જ કર્યો. શાસ્ત્રના પાને જોઈએ એટલાં દૃષ્ટાંતો છે. આપણે ફક્ત સંકલ્પ કરવાની જરૂર છે કે – કષાયો જીતવા છે. જેટલા મોક્ષમાં ગયા તે બધા જ કષાયોને કાઢીને જીતીને ગયા છે. ક્રોધ જાય એટલે માન ટકી ન શકે. માન જાય એટલે માયા પણ રહી ન શકે અને માયા ગયા પછી લોભ ટકે એ વાતમાં માલ નથી. સંસારનું સુખ ગમે તે પાપ કરીને પણ જોઈએ છે – એ અનંતાનુબંધીનો કષાય છે, સુખ જોઈએ છે પણ નીતિથી મળતું હોય તો જ જોઈએ : આ અપ્રત્યાખ્યાનીનો કષાય. નીતિથી પણ જોઈએ એટલું જ મેળવવું છે – આ પ્રત્યાખ્યાનીનો કષાય અને સુખ જોઈતું નથી, માત્ર સંયમનો નિર્વાહ કરવો

છે - એ સંજ્વલનનો કષાય છે. ગુસ્સો આવે તો સો રૂપિયા ભંડારમાં નાંખવા અથવા સો ખમાસમણાં આપવાં અથવા પાંચ મિનિટ પછી બોલવું અથવા છેવટે જ્ઞાનાદિત્રણ ગુણની સાધનાને અટકાવે છે માટે ત્રણ ખમાસમણાં આપવાં છે - આમાંથી એક નિયમ તો લેવો છે ને ?

**(૧૧) માનનો જય :**

ક્રોધ પછી માન, માયા, લોભ કષાયનો વિચાર કરવો છે. ઘણાઓને ગુસ્સો નથી આવતો પણ પોતે પોતાની ખોટી વાતને માનના કારણે છોડી શકતા નથી. પોતાની વાત ખોટી છે - એવું સમજાવા છતાં પણ તેને છોડવાની તૈયારી ન થતી હોય તો તે માનના કારણે. સાચું સમજવા ન દે અને સમજવા છતાં પોતાનું ખોટું છોડવા ન દે તેનું નામ માન. સામાન્યથી દેવોને લોભ વધુ નડે, મનુષ્યોને માન વધુ નડે, તિર્યંચોને માયા વધુ હોય અને નારકીના જીવોને ક્રોધ ઘણો હોય છે. મનુષ્યપણામાં આરાધના સારામાં સારી કરવાની તક હોવા છતાં મોટા ભાગે આ માનના કારણે આપણે મનુષ્યજન્મને આરાધી શકતા નથી. આજે તો ઘણા આરાધક આત્માઓ એવા છે કે તેમને સાચા-ખોટાનો વિવેક કરવાનું ગમતું નથી. ઉપરથી એ લોકો એમ કહે છે કે આપણે આરાધનાથી કામ છે, ચર્ચાનું શું કામ છે ? આપણે એમને પૂછવું પડે કે આપણે આરાધના કરવી છે કે સાચી આરાધના કરવી છે ? સોનું ખરીદવા જાઓ ત્યારે એવું ક્યારેય બોલ્યા ખરા કે - 'આપણે માત્ર સોનું ખરીદવાથી કામ ! એમાં અસલી-નકલીની ચર્ચા કરવાનું શું કામ છે ?' સોના જેટલી કિંમત આરાધનાની નથી - એનું આ પરિણામ છે.

આજે જેટલા મતમતાંતર ઊભા થયા છે તે માનના કારણે જ ઊભા થયા છે. મનુષ્યમાં અક્કલ હોવા છતાં માનના કારણે એ અક્કલ બહેર મારી



જાય છે. ભગવાનની હાજરીમાં ભગવાનના પણ ઘણા શિષ્ય હતા અને ગૌતમસ્વામીજીના પણ ઘણા શિષ્ય હતા. બીજા ગણધરોના પણ હતા. છતાં તેમનામાં ક્યાંય મતમતાંતર ન હતા તથા ભગવાનની વાત જ માનતા હતા. જેમણે ભગવાનની વાત ન માની અને પોતાની વાત છોડી નહિ તેમણે જુદો ચોકો માંડ્યો. તમને ન સમજાય ત્યાં સુધી તમે દરેક ઠેકાણે જાઓ, જ્યાં જવું હોય ત્યાં જાઓ - એમાં કોઈ જ વાંધો નથી. પણ સાચું સમજ્યા પછી પણ તમે સાચાને વળગી ન રહો તો તમારી પ્રત્યે કોઈને વિશ્વાસ નહિ રહે. સાચું સમજવા માટે તમારે જેટલું પૂછવું હોય તેટલું પૂછવાની છૂટ પણ સમજ્યા પછી માન નડે - એવું ન ચાલે. સાચું સમજવા માટે તમે ગમે તેટલું પૂછો એમાં અમારે અકળાવાની જરૂર નથી. અમારી વાત તો અમારા ઘરની નથી, ભગવાને કીધેલી છે. તેથી અમારે કાંઈ જ ચિંતા કરવાની જરૂર નથી. અમારા પંડિતજી કહેતા હતા કે જો આપણે આપણને જે વાત સમજાઈ હોય તે બીજાને સમજાવી ન શકીએ તો સમજવું કે આપણે બુડથલ છીએ, સામો નહિ. સામો માણસ ગમે તેટલો અજ્ઞાન હોય છતાં આપણને જો સાચું સમજાયું હોય તો તેને સમજાવી શકાય. માત્ર એક શરત છે કે અજ્ઞાની માણસ કદાગ્રહી ન હોવો જોઈએ. અજ્ઞાનીને સમજાવી શકાય, કદાગ્રહીને ન સમજાવી શકાય. આ તો આપણે એમને સમજાવીએ તો કહે કે - 'આપણે ક્યાં સર્વજ્ઞ છીએ ? તત્ત્વ તો કેવલિગમ્ય છે.' અને પોતાની ઉઘરાણી કોઈ ન આપે તો તત્ત્વ કેવલિગમ્ય છે કે પોતાને ગમ્ય છે ? સાચાનો આગ્રહ એ કદાગ્રહ નથી. આપણા માનના કારણે આપણે ધર્મને ગુમાવવો નથી. સાચાના અર્થી બનવું હશે તો માન મૂકવું જ પડશે. જે ક્રોધી હોય તેનો વર્ગ તૈયાર ન થાય, પણ માની માણસનો તો વર્ગ પણ તૈયાર થાય છે તેથી માનને જીતવાનું અઘરું છે. આપણી સમજદારીમાં અને આપણા

જ્ઞાનમાં કોઈ આડું આવતું હોય તો આ માનનો પર્વત છે. ક્રોધ અગ્નિ જેવો છે અને માન પર્વત જેવું છે. અગ્નિ તો ઓલવી શકાય, પણ પર્વતને ભેદવાનું કામ કપરું છે. માનને ભેદવું હશે તો ભણવું જ પડશે. આપણું અજ્ઞાન છતું થાય તેમ માન તૂટે. જેમ જેમ ભણતા જઈએ તેમ તેમ અજ્ઞાન છતું થતું જાય તો માન શેનું કરવું ?

જેને મોક્ષે જવું હોય તેને ધર્મ કર્યા વિના ચાલે એવું નથી. આપણા ભગવાને ધર્મનું જે સ્વરૂપ બતાવ્યું છે તેના કરતાં પણ અસંખ્યાત પ્રકાર ધર્મના છે. શાસ્ત્રમાં જણાવ્યું છે કે જેટલાં આશ્રવસ્થાનો છે એટલાં સંવરના સ્થાન છે. એટલે જેટલા ધર્મના પ્રકાર છે તેના કરતાં અસંખ્યાતમા ભાગે ભગવાન દેશનામાં જણાવે છે. આમ છતાં ભગવાને જે જણાવ્યું છે તેના અસંખ્યાતમા ભાગે પણ આપણે આપણા જીવનમાં ઉતારીએ તો આપણો સંસાર કપાયા વગર ન રહે. પરંતુ તકલીફ એ છે કે આપણને સંસાર કાપવાનો ભાવ જ નથી.

### (૧૨) માયાનો જય :

ક્રોધ અને માન પછી માયાની વાત શરૂ કરી છે. માન કરતાં માયા ભયંકર છે. આપણે આપણું ધાર્યું કરવું હોય છતાં લોકો આપણને ચૂંટી ન ખાય એ માટે ગુરુની પાસે રજા મેળવવી આ એક પ્રકારની માયા છે. આપણી પાસે જે સ્વચ્છંદીપણું છે તેને કાઢવા માટે ગુરુની આજ્ઞામાં રહેવાનું છે. આપણી ખોટી કે અયોગ્ય પ્રવૃત્તિ ઉપર મહોરછાપ મારવા માટે ગુરુની આજ્ઞા મેળવવી – આ માયા જ છે. મોટામાં મોટા પાપને પણ નાના તરીકે ગણાવવાનું કામ આ માયા કરે છે. ગુરુની રજાથી કરવા છતાં પણ તેનું ફળ ન મળતું હોય તો તે પ્રભાવ માયાનો છે. માયાથી મેળવેલી રજા આજ્ઞામાં ન સમાય. આપણા આશયને છુપાવીએ એ પણ માયાના કારણે. આપણે



વિદ્વાન થવા માટે ભણતા હોઈએ છતાં પણ જ્ઞાનની રુચિ છે માટે ભણીએ છીએ – એવું બતાવવું તેનું નામ માયા. જો જ્ઞાનનો પ્રેમ સાચો હોય તો લોકોને કામ ન લાગે એવાં સૂત્રો પણ પ્રેમથી ભણે. જે પોતાના કામમાં જ લાગે એવું ભણવાનું ગમતું ન હોય તો તે જ્ઞાનનો પ્રેમ નથી. તમને ધનનો પ્રેમ કેવો છે ? બીજાના કામમાં લાગે તેવો પૈસો કમાઓ કે પોતાના કામમાં લાગે તેવો ? માયાને ઓળખવાનું કામ કપરું છે. ધર્મ કરતી વખતે સુખની શોધમાં જે હોય અને દુઃખ ટાળવાની વેતરણમાં જે હોય તે માયા કર્યા વિના ન રહે. ધર્મ કરતી વખતે સુખ શોધવું ન હોય અને દુઃખ ટાળવું ન હોય તેને માયા કરવાની જરૂર જ ન પડે. દંભ કરનારને કે માયા કરનારને ધર્મ કરવાનો અધિકાર નથી. સરળતા એ ધર્મ કરવાની પહેલી યોગ્યતા છે. માયાવી માણસ ગમે ત્યાંથી સુખ ખંખેરી લે અને ગમે ત્યાંથી દુઃખને લાત મારે. જેને છોડવું જ છે, આપવું જ છે – તે માયા શા માટે કરે ? જેને વેઠવું જ છે તે પણ માયા શા માટે કરે ? માયા સુખના લોભના કારણે થાય છે માટે હવે લોભની વાત કરવી છે.

### (૧૩) લોભનો જય :

લોભ તો આપણને એટલો આત્મસાત્ છે કે તેનું વર્ણન કરવાની લગભગ જરૂર જ નથી. જે વસ્તુ આપણી પાસે નથી તેને મેળવવાનું મન તેનું નામ લોભ. જે વસ્તુ આપણી પાસે હોય અને તેને છોડવાનું મન ન થાય તેનું નામ આસક્તિ. આપણી પાસે લોભ અને આસક્તિ બંને છે ને ? આસક્તિ કરતાં પણ લોભ વધારે છે ને ? જે મળવાની સંભાવના નથી, એના માટે આપણે આપણી જિંદગી બરબાદ કરી ને ? જે છે એ તો નડે જ છે, પરંતુ જે નથી એની ઈચ્છા જ આપણને સંસારથી ખસવા દેતી

નથી. અવિરતિના લોભના કારણે જ સંસારમાં બેઠા છીએ ને ? જે વસ્તુ ભોગવાઈ ગઈ હોય, જૂની થઈ ગઈ હોય તેને કાઢતાં વાર નથી લાગતી. પણ નવી વસ્તુની ઈચ્છા તો પડી જ છે ને ? આપણે લોભ કાઢવા માટે એટલું નક્કી કરવું છે કે જો આજનું આપણી પાસે હોય તો આવતીકાલની ચિંતા નથી કરવી. આજની ચિંતા આસક્તિમાં સમાય. આવતીકાલની ચિંતા લોભમાં સમાય. જે છે એ કાઢી નાંખવાનું સામર્થ્ય ન હોય તોપણ જે નથી એને મેળવવાની ભાવના તો કાઢવી છે ને ? લોભના કારણે દશા એવી થાય કે નવું તો મળે નહિ અને જૂનું પણ ભોગવવા ન મળે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'લોભે નરપતિ રહે વગડે.' ભરતમહારાજા પાસે આરીસાભવન હોવા છતાં સાઈઠ હજાર વર્ષ સુધી છ ખંડની સાધના કરવા નીકળેલા. મોટા મહેલો હોવા છતાં છાવણીમાં ઊતરવું પડે ! તમારે ત્યાં પણ એ જ દશા છે ને ? કરોડપતિ માણસ કરોડોના બંગલામાં ચાર કલાક માંડ રહેતો હોય - એવું બને ને ? વસ્તુ ભોગવવા મળે નહિ છતાં પાપ લાગ્યા વગર રહે નહિ : આ પ્રભાવ લોભનો છે.

આ સંસારમાં આપણી ઈચ્છાઓ પૂરી થાય છે માટે બેઠા છીએ કે સુખની આશામાં ને આશામાં જ બેઠા છીએ ? સુભૂમ ચક્રવર્ત્તી છ ખંડ મળવા છતાં બીજા છ ખંડની સત્તા મેળવવા ગયા તો તે લોભના કારણે મરીને સાતમી નરકે ગયા. કોણિકે પણ સેચનક હાથી અને દિવ્ય હાર આ બેના લોભમાં એવું યુદ્ધ છેડ્યું કે જેના પરિણામે છઠ્ઠી નરકે ગયા. મમ્મણશેઠ પણ લોભમાં ને લોભમાં જ સાતમી નરકે ગયા. આ બધાને જે મળ્યું હતું એની ચિંતા હતી કે જે ન મળ્યું - એની ? આપણને જે નડે છે, એને જોતા નથી. આ તો કહે કે બૈરાં-છોકરાં નડે છે, આપણે કહેવું પડે કે બૈરાં-છોકરાં નહિ, એમની પ્રત્યેનો લોભ આપણને નડે છે - એ હકીકત છે.



**(૧૪) સૌજન્ય :**

ચાર કષાય કાઢ્યા પછી 'સૌજન્ય' ની વાત કરી છે. સુજનનો ભાવ (ગુણ) એનું નામ સૌજન્ય. આપણી દૃષ્ટિએ આપણને અનુકૂળતા આપે એ સુજન અને પ્રતિકૂળતા આપે એ દુર્જન : સાચું ને ? સુજનની વ્યાખ્યા કરતી વખતે આ ગ્રંથમાં કહ્યું છે કે - પારકાનો દોષ ન કહે અને ગુણ બોલ્યા વગર ન રહે - તેનું નામ સુજન. એક વાર સુજન ન મળે તો વાંધો નહિ પણ દુર્જનની સાથે તો કોઈ દિવસ નથી રહેવું. સંતોષને ધારણ કરે તેને સુજન કહેવાય. એટલે કે - બીજાને મળેલી ઋદ્ધિમાં સંતોષ ધારે અને બીજાને આવેલી પીડામાં દુઃખ ધારણ કરે. સગો ભાઈ આપણા કરતાં વધારે કમાય તો કહો ને કે - 'કેવી રીતે કમાય છે એ અમને ખબર છે. અમારાં મા-બાપે અમને આવા સંસ્કાર આપ્યા જ નથી. અમને પણ એના જેવું કમાવું હોય તો કમાતાં આવડે છે પણ અમારે એવું કરીને પૈસા નથી કમાવા.' આવું બધું બોલીએ એ સુજનતાના અભાવના કારણે. એક વખત મોઢે તાળું મારીએ તો પારકાના દોષો બોલવાનું બંધ થઈ જાય. પોતાની શ્લાઘા એટલે પ્રશંસા ન કરે તે પણ સુજન કહેવાય. તેમ જ નીતિ એટલે કે મર્યાદા સદાચાર વગેરેનું ઉલ્લંઘન ન કરે એટલે કે તેનું પાલન કરે અને ઔચિત્યનું ઉલ્લંઘન ન કરે. ઔચિત્યનું પાલન થાય કે ન થાય પણ ઔચિત્યનું ઉલ્લંઘન તો કોઈ કાળે નથી કરવું. ઘરે આવેલાને જાકારો ન આપવો આનું નામ ઔચિત્યના ઉલ્લંઘનનો અભાવ. કોઈને આપણે સુખ આપી શકીએ કે ન આપી શકીએ પણ દુઃખ તો કોઈ કાળે નથી આપવું : આને ઔચિત્યનું પાલન કહેવાય. શ્રાવકનું બારણું બંધ ન હોય. એક બાજુ 'ભલે પધારો' આવું બોર્ડ મારો અને એક બાજુ બારણું બંધ રાખો : આ બેનો મેળ ન જામે ને ? કોઈએ અપ્રિય કીધું હોય તોય ગુસ્સો ન કરવો - આ પણ

એક જાતની સુજનતા છે. આઠ કર્મોને કાઢવા માટે આ આઠ પ્રકારની સુજનતા પ્રાપ્ત કરી લેવી છે. બીજાનાં દૂષણો ગાવાનું કામ કરીશું તો કોઈ ગુરુમહારાજ પોતાની પાસે આપણને રાખશે નહિ. ગુરુમહારાજ પોતાની પાસે નહિ રાખે તો ધર્મની પ્રાપ્તિ નહિ થાય. અનાદિકાળથી પારકાનાં દૂષણો બોલવાની અને સાંભળવાની ટેવ આપણને છે. એ ટેવને હવે કાઢી નાંખવી છે. આમાં નથી આપણને પૈસા ખરચવા પડતા કે નથી કોઈ શરીરને કષ્ટ આપવું પડતું. આવો સહેલામાં સહેલો ધર્મ પણ જો આપણે નહિ આત્મસાત્ કરીએ તો ધર્મની યોગ્યતા આપણામાં નહિ આવે.

આપણા કરતાં બીજાની પાસે વધારે છે : આવી ભાવનાના કારણે આપણે પોતાનામાં સંતોષ પામી શકતા નથી અને બીજામાં દુઃખી થઈએ છીએ. આવી અવસ્થામાં ધર્મ પામવાની લાયકાત નથી પ્રગટતી. તમને કે અમને વસ્તુની અછત કે ન્યૂનતાનું દુઃખ નથી પણ બીજા પાસે આપણા કરતાં વધારે છે એનું દુઃખ છે માટે બીજાની સંપત્તિમાં ઈર્ષ્યા આવે છે. કોઈનો જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ વધારે હોય તો ઈર્ષ્યા ન થાય પણ લાભાંતરાયનો ક્ષયોપશમ વધારે હોય તો ઈર્ષ્યા થાય. આનું કારણ એ છે કે લાભાંતરાયના ક્ષયોપશમથી મળતી વસ્તુ જોઈએ છે. જ્યારે જ્ઞાન નથી જોઈતું માટે ઈર્ષ્યા નથી આવતી. આજે નક્કી કરવું છે કે – સુજન બનવા માટે બીજાની વસ્તુ જોવી નથી અને જોયા પછી ઈર્ષ્યા નથી કરવી. મનુષ્યગતિમાં આવ્યા પછી ધર્મ કર્યા વગર આપણે રહ્યા એમાં મુખ્ય કારણ એ છે કે – બીજાને મળેલી સંપત્તિમાં ઈર્ષ્યા કરી. બીજાનું પુણ્ય જોઈને બળ્યા કરે – એ ધર્મ ન કરી શકે. પુણ્ય છોડ્યા વગર મોક્ષે નથી પહોંચાતું તો બીજાનું પુણ્ય પણ શા માટે ભોગવવાનું ? બીજાનું પુણ્ય ભોગવવાની વૃત્તિ જ્યાં સુધી પડી હશે ત્યાં સુધી ઈર્ષ્યા આવવાની જ.



ઈર્ષ્યાને કાઢવી હશે તો આટલો નિયમ કરી લેવો છે કે – પારકાની વસ્તુ વાપરવી નહિ.

સ૦ તો પછી બાપાની પણ નહિ વાપરવાની ?

બાપા આપે એ વસ્તુ લેવાની, બાપા પાસે માંગવું નહિ. જ્યાં સુધી આપણે સમર્થ નહોતા બન્યા ત્યાં સુધી મા-બાપે આપણને મૂકીને ખાધું નથી ને ? પોતે ભૂખ્યા રહ્યા પણ આપણને જમાડ્યા ને ? તો નક્કી કરવું છે કે – બાપા પાસે માંગવું નથી, માંગવી હોય તો માત્ર કૃપા માંગવાની. આઠમા વરસે દીક્ષા લઈએ તો બાપાનું – પારકાનું વાપરવાનો વખત ન આવે. શ્રી ઢંઢણઋષિએ પારકાની લબ્ધિથી મળેલા લાડવા ન વાપર્યા અને પરઠવ્યા તો એમાંથી કેવળજ્ઞાન મેળવ્યું ને ?

આપણને મળેલી સંપત્તિમાં સંતોષ ધારણ કરવાને બદલે છોડી દેવી છે અને બીજાની સંપત્તિમાં ઈર્ષ્યા નથી ધરવી : આ સુજનતાનું લક્ષણ આપણી પાસે નથી ને ? સુજનતા નથી – એનું દુઃખ પણ નથી ને ? સુજનતા વગેરે ગુણો પ્રાપ્ત કરવાનું મન નથી થતું. એમાં કારણ ધર્મ પ્રત્યે અનાદર છે – એ છે. ધર્મમાં અનાદર એ એક જાતનો પ્રમાદ છે. શક્તિ હોવા છતાં ન કરવું તે અનાદર છે. ગુરુભગવંત આવે ત્યારે શક્તિ હોવા છતાં ઊભા ન થઈએ તો સમજવું કે ગુરુભગવંત પ્રત્યે અનાદર છે.

એક વાર પુણ્ય ભોગવવાનું મન બંધ થઈ જાય તો સંસાર છૂટી જાય. પુણ્ય ભોગવવાનું મન બંધ ત્યારે થાય કે જ્યારે બીજાના દુઃખે દુઃખી થઈએ. સંસારમાં દુઃખ આપ્યા વગર જીવી શકાતું નથી માટે સંસાર છોડવો છે. આપણે પ્રામાણિકપણે કહી શકીએ ખરા કે – બીજાના દુઃખે

દુઃખી છીએ ? આપણા દુઃખના કારણે આપણને આંસુ ઘણી વાર આવ્યાં પણ બીજાના દુઃખના કારણે આંસુ એક વખત પણ નથી આવ્યાં : તેથી સુજનતા આવતી નથી. આપણે ધર્મની શરૂઆત કરવી છે ને ? તો કોઈને દુઃખી નથી બનાવવા, આપણને ગમે તેટલું દુઃખ પડે તો વાંધો નહિ પણ બીજાને દુઃખ નથી આપવું. ધર્મ કરતી વખતે 'લોકો આપણી સામે જુએ' - એવો ભાવ છોડી દઈને 'બીજાને દુઃખ નથી આપવું' એવો ભાવ કેળવી લેવો છે. ગૃહસ્થપણામાં મા-બાપનું દુઃખ દેખાતું ન હોય એ ગૃહસ્થધર્મ કઈ રીતે પાળશે ? અને સાધુપણામાં ગુરુમહારાજનું દુઃખ દેખાતું ન હોય એ સાધુપણું કઈ રીતે પાળશે ? મરી જાઉં તોય કોઈને દુઃખ નહિ આપું - આવું વિચારનારો માણસ સત્ત્વશાળી છે. આવા સત્ત્વશાળી જીવો જ ધર્મ માટે લાયક છે.

પોતાની અને પોતાના માણસોની પ્રશંસા કરવી : એ સજ્જનનું લક્ષણ નથી. પ્રશંસા કરવી જ હોય તો ગુણવાનની કરવી. શ્રી ભરહેસર સૂત્રમાં ગુણી પાત્રો આપ્યાં છે, તેમની પ્રશંસા કરવી. મહાપુરુષોના ગુણો ગાવાથી આપણને ગુણની પ્રાપ્તિ થાય છે. સુજન એને કહેવાય કે જે પોતાની પ્રશંસા ન કરે. લોકમાં પણ કહેવાય છે કે હીરાની કિંમત હીરો ન કરે, ઝવેરી કરે. જડ વસ્તુ માટે પણ આ નિયમ હોય તો સજ્જન માણસો તો કેવા કહેવાય ? સાધુ મહાત્મા કેટલું કર્યું છે - એ ન જુએ, કેટલું બાકી છે - એ જુએ. વ્યાપારી માણસ કેટલી કમાણી કરી એ જોયા કરે કે કેટલું કમાવાનું છે - એ જુએ ? ક્ષયોપશમભાવના ઘણી પણ ક્ષાયિકભાવ પામવા માટે જ તલસતા હોય છે. પોતાની પાસે ક્ષયોપશમભાવ હોય - એનો આનંદ તેમને ન હોય, ક્ષાયિકભાવ પામવાનો બાકી છે - એની તરફ તેમની નજર હોય. આવી અવસ્થામાં પોતાની પ્રશંસા કરવાનું ક્યાંથી બને ?



સ૦ સુકૃતની અનુમોદના તો કરવાની ને ?

સુકૃતની અનુમોદના કરવાની. પણ આપણે જે કૃત્યો કરીએ છીએ તેની સુકૃતમાં ગણના થાય એવી છે ખરી ? જેમાં આજ્ઞાનું પાલન ન હોય, ઔચિત્યનું અતિક્રમણ હોય, નીતિનું અનુસરણ ન હોય એને સુકૃત કઈ રીતે કહેવું ? સુકૃત તો ધન્નાજીએ કરેલું, શાલિભદ્રજીએ કરેલું, ગુણસારશ્રેષ્ઠીએ કરેલું. આપણે કર્યું છે શું ?

સ૦ સાધુપણું લેવું એ જ સુકૃત ?

માત્ર સાધુપણું લેવું કે પાળવું એ સુકૃત નથી. સાધુપણાનો ભાવ જાગે એ જ સુકૃત છે. ગુણસાર શ્રેષ્ઠીએ સાધુમહાત્માને દાન આપવાનું સુકૃત પણ કરેલું અને એની અનુમોદના પણ કરેલી. તેમણે દાન આપ્યું ત્યારે 'આપવાથી મળે છે' એવી ભાવના ન હતી. 'મુનિને દાન આપવાથી મુનિ બનાય છે, સંસારથી પાર પમાય છે' એ ભાવનાથી આપેલું. આપણે ગુણસાર શ્રેષ્ઠી કરતાં ઘણું દાન આપીએ છીએ, આપણા છોકરાને ન આપીએ એવું સાધુને વહોરાવીએ છીએ - એની ના નહિ, પણ એ દાન પાછળ આશય ભૂંડો છે. 'આપવાથી મળે છે માટે આપીએ છીએ કે આપવાથી પાર પમાય છે - માટે આપીએ છીએ ?' વહોરાવતી વખતે સંસારથી તરવાનો ભાવ જ ન હોય તો એ સુકૃત ક્યાંથી કહેવાય ? ગુણસારશ્રેષ્ઠીને પોતાના દાનના પ્રભાવથી પથ્થરનાં રત્નો થયેલાં - એનો આનંદ ન હતો અને એની અનુમોદના પણ નથી કરી. તેમણે તો પોતાની પત્નીને કહેલું કે 'આ તો ભગવાનના શાસનના દાનધર્મના પ્રભાવથી શાસનદેવે પથ્થરનાં રત્નો કર્યાં છે, બાકી મુનિને દાન આપતી વખતે મને જે ભાવ આવેલો તેવો ભાવ બીજી વાર જો આવે તો હું આ સંસારમાં નહિ હોઉં.' તો તેમણે દાનધર્મની

પ્રવૃત્તિની અનુમોદના ન કરી, સુપાત્રદાન વખતના પોતાના સંસારથી તરવાના ભાવની અનુમોદના કરેલી. ક્રિયા એ સુકૃત કે ભાવ એ સુકૃત ? આપણે ક્રિયાને જ સુકૃત માનીને તેની અનુમોદના કરીએ છીએ અને ભાવની ઉપેક્ષા કરીએ છીએ. આ સંસાર તરવાનો ભાવ જેમાં ન હોય એ સુકૃત જ નથી. સુકૃતની અનુમોદના કરવાની, એ વાત સાચી. પરંતુ આપણે અનુમોદના ઉપર ભાર આપીએ છીએ, શાસ્ત્રકારો સુકૃત ઉપર ભાર આપે છે. સંસારથી તરવાનો ભાવ ન હોય એવું અનુષ્ઠાન ગૃહસ્થપણાનું હોય કે સાધુપણાનું હોય - તે સુકૃત ન કહેવાય. સુકૃતની અનુમોદના સ્વશ્લાઘા(સ્વપ્રશંસા)માં ન પરિણમે તેનું ધ્યાન રાખવાનું. ભાવ વિનાનાં આપણાં કૃત્યો સુકૃતમાં ગણી શકાય એવાં નથી. દુષ્કૃતમાં ગણવા પડે એવાં છે. આથી જ શાસ્ત્રકારોએ પરકૃત સુકૃતની અનુમોદના કરવાનું જણાવ્યું છે.

ત્યાર બાદ નીતિનું ઉલ્લંઘન કરવાની ના પાડી છે. નીતિ એટલે માર્ગાનુસારીપણું, તેનું ઉલ્લંઘન ન કરવું. લોભના ઉદયથી ગૃહસ્થપણામાં રહ્યા છીએ તેથી પૈસા કમાઈએ, પણ અનીતિ કરીને ગમે તેટલો પૈસો મળતો હોય તોપણ નથી જોઈતો. અમારે ત્યાં જેમ આહાર લેવો હોય તોપણ દોષિત આહાર ન લેવાય, તેમ સમજવું. કાયમ માટે મર્યાદામાં જીવવું છે. મહાપુરુષોએ બાંધેલી મર્યાદા તેનું નામ નીતિ. માર્ગાનુસારીપણાના પાંત્રીસ ગુણો નીતિમાં સમાય છે.

સ૦ ધંધામાં નફાનું ધોરણ કેવી રીતે નક્કી કરવું ?

આપણને જેટલું પાલવે એવું હોય એટલો નફો લેવો. આપણી પાસેથી લોકો જેટલો નફો લે અને આપણને પાલવે એટલો નફો આપણે લેવો. આ તો પોતે પચાસ ટકા નફો લે અને બીજો જો પચાસ ટકા લે તો શું કહે ?



'ચીરે છે, સાહેબ ચીરે છે.' એમ હાથ ઊંચા કરીને બોલો ને ? વ્યાજનો દર પણ એ જ રીતે સમજવો. તમારી પાસે જેટલા ટકા વ્યાજ લે અને તમને પોસાય એટલું વ્યાજ બીજા પાસેથી લેવું. આનું જ નામ નીતિ. ધર્મનાં કાર્યો પૈસા માંગીને ન કરવાં, પૈસા હોય તો જ કામ કરવું. આટલો નિયમ લેવો છે ? જે સ્વદ્રવ્યથી પૂજા ન કરી શકે તેના માટે શાસ્ત્રે કહ્યું છે કે- 'તે પૈસાનો ભોગ ન આપી શકે તો સમયનો ભોગ આપે. દેરાસરમાં વાસીદું કાઢે. અંગલૂંછણાં ધોઈ નાંખે. શેઠિયાઓને આંગી વગેરેમાં સહાય કરે.' તો બીજા મોટા પ્રસંગો લોકો પાસેથી પૈસા ઉઘરાવીને કેવી રીતે કરાય ?

નીતિનું ઉલ્લંઘન ન કરવું અને ઔચિત્યનું પાલન કરવું : આ બે પણ સજ્જનતાનાં લક્ષણ છે. નીતિ અને ઔચિત્યમાં થોડો ફરક છે. નીતિના કારણે આપણે લોકમાં સારા ગણાતા હોઈએ છીએ. કેવળ નીતિને-ન્યાયને વળગી રહેનાર પણ ઘણી વાર ઔચિત્ય ચૂકી જાય છે. તેથી ઔચિત્યની વાત જાુદી બતાવી છે. ઔચિત્ય તો આપણી સાથે રહેનારા કે પરિચયમાં આવનારા દરેકની સાથે ઉચિતપ્રવૃત્તિ કરવા સ્વરૂપ છે. વડીલજનોની આમન્યા જાળવવી, તેમને વંદનાદિ કરવું તે નીતિ અને નાના અથવા હીનજાતિનાનો પણ તિરસ્કાર ન કરવો તેનું નામ ઔચિત્ય. વિનય અધિકગુણીનો હોય, વડીલનો હોય, ઔચિત્ય દરેકનું સાચવવાનું. ગુર્વાદિક વડીલજન નજરમાં આવે કે તરત જ ઊભા થઈ જવું તે ઔચિત્યપૂર્વકનો વિનય અને ગુરુની નજર આપણી ઉપર પડે પછી ઊભા થવું, તે વિનય હોવા છતાં તેમાં ઔચિત્ય નથી. ગુર્વાદિકની ભક્તિ ઔચિત્યપૂર્વકની કરવી હોય તો તેઓ આવે એના પહેલાં જ ઊભા થઈ જવું. સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરવી એ અપુનર્બંધકદશાનું લક્ષણ છે અને અપુનર્બંધકદશા એ સમ્યક્ત્વ પ્રાપ્તિની યોગ્યતા સ્વરૂપ છે. જો ઔચિત્યનું પાલન નહિ કરીએ તો સમ્યગ્દર્શન પામી

નહિ શકાય. વડીલોના જમવા પહેલાં જમવું નહિ, એનું નામ ઔચિત્ય. સામાયિક કરવું સહેલું છે, પૌષધ કરવો સહેલો છે, દીક્ષા પાળવી સહેલી છે, પરંતુ આ સજ્જનોનાં લક્ષણ પામીને સુજન બનવાનું કામ કપરું છે. આપણે ઔચિત્યનું પાલન નહિ કરીએ તો આપણે મિથ્યાત્વમોહનીયનો ઉત્કૃષ્ટ બંધ કરનારા બનીએ તો તેમાં ના નહિ. મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ બંધ ટાળવો હશે તો ઔચિત્યનું પાલન કરતાં શીખવું જ પડશે. ઔચિત્યના સેવનથી મિથ્યાત્વનો ઉત્કૃષ્ટ બંધ ટળે છે : એ પ્રમાણે જ્ઞાનીઓ ફરમાવે છે. બસમાં કે ગાડીમાં આપણે બેઠા હોઈએ અને સામે વયોવૃદ્ધ ઊભા હોય તો આપણે આપણી જગ્યા ખાલી કરીને આપણી જગ્યાએ તેને બેસાડવા તેનું નામ ઔચિત્ય. વડીલો બોલતા હોય, વાત કરતા હોય તો નાનાએ વચ્ચે બોલવું નહિ – તેનું નામ ઔચિત્ય. આપણે નાના હોઈએ અને આપણા કરતાં મોટા બેઠા હોય તો આપણે કશામાં માથું મારવું નહિ. આજે આટલો નિયમ લેવો છે કે ઘરના મોટા માણસોએ જમ્યા પહેલા જમવું નહિ અને મોટાની સામે મોટા કહે નહિ ત્યાં સુધી બેસવું નહિ. જેનામાં આ ઔચિત્યપાલનનો ગુણ નથી તે લોકોત્તર ધર્મ પામવા માટે યોગ્ય નથી. આપણી પાસે યોગ્યતા નથી – એમ બોલીને નહિ ચાલે. યોગ્યતા ન હોય તો કેળવી લેવી છે.

સૌજન્યનું આઠમું લક્ષણ એ છે કે કોઈ પણ માણસ આપણું અપ્રિય કરે, આપણને ન ગમે એવું બોલે ત્યારે ક્ષમાને ધારણ કરવી, અક્ષમાને ધારણ ન કરવી. આ લક્ષણ પામવાનું કામ કપરું છે. આપણે બીજાને દુ:ખ ન આપીએ એ બને, પણ બીજા આપણને દુ:ખ આપે – એ આપણાથી સહન થતું નથી. આપણે બધાની સાથે પ્રિય વચન બોલીએ, પણ બીજા આપણી સાથે અપ્રિય વચન બોલે ત્યારે આપણને એ ખમાતું નથી. આ સજ્જનતાનું લક્ષણ નથી. આ છેલ્લું સૌજન્ય જો આપણી પાસે નહિ હોય તો આપણે



સાધુધર્મનું પાલન નહિ કરી શકીએ. ધર્મ કરવાની યોગ્યતા આ ક્ષમામાં સમાયેલી છે. જો બીજાનાં અપ્રિય વચન પણ આપણે સહન નહિ કરીએ તો કાલે ઊઠીને આપણે મરણાંત પરિષહ અને ઉપસર્ગો કેવી રીતે સહન કરીશું ? આપણને કોઈ પણ અપ્રિય બોલે તે આપણી ભૂલ વગર નથી બોલતા. આ ભવની ભૂલ ન હોય તોપણ ગયા ભવની ભૂલ વિના, આપણા પાપના ઉદય વિના, આપણને કોઈ અપ્રિય બોલતું નથી – એમ સમજીને આપણે ક્ષમા રાખવી છે. સાધુ માટે ક્ષમાશ્રમણ વિશેષણ આપ્યું છે. જે સહન કરે તે સાધુ નથી, જે ક્ષમાપૂર્વક સહન કરે તે સાધુ છે. જે દીનતાથી કે લાચારીથી સહન કરે તેને સાધુ ન કહેવાય. આપણી પ્રત્યે કોઈ ગમે તેટલાં આક્રોશભર્યાં વચનો બોલે તો આપણે અસહનશીલતા દાખવવી નથી, અક્ષમા નથી કરવી. અહીં 'ગુસ્સો ન કરવો' – એવું ન કહેતાં 'અક્ષમાને ન કરવી' એમ કહ્યું છે – એની પાછળ પણ રહસ્ય છે. ઘણી વાર એવું બને કે આપણે બીજા આગળ સારા દેખાવા અથવા તો બીજાના તાપના કારણે ગુસ્સો ન કરીએ, પરંતુ એટલામાત્રથી ક્ષમા રાખી ન કહેવાય. સામાની ભૂલને મનમાંથી માફ કરવી, મનમાંથી કાઢી નાંખવી તેને ક્ષમા કહેવાય. તાત્કાલિક ચૂપ રહીને પણ અવસરે બદલો વાળવો તેનું નામ અક્ષમા. સામાની હિતશિક્ષાને, અપ્રિય વચનને, ભૂલને મનમાં ભંડારી રાખીને અવસરે સાટું વાળવું – તેનું નામ અક્ષમા. આપણને દુ:ખ આવે છે તે આપણા પાપથી જ આવે છે, બીજાની ભૂલથી નહિ : આટલું મગજમાં, હૈયામાં કોતરી રાખવું. दुःखं पापात् આવું હરિભદ્રસૂરિમહારાજ શાસ્ત્રવાર્ત્તા સમુચ્ચયમાં જણાવે છે. સર્વ શાસ્ત્રકારો આમાં સમ્મત છે કે દુ:ખ પાપથી આવે છે અને તે પણ આપણા પાપથી આવે છે. કોણ દુ:ખ આપે છે એ નથી જોવું, કયું પાપ કર્યું છે – એનો વિચાર કરવો છે. આપણા પાપનો ઉદય છે માટે આપણને

આવું અપ્રિય બોલે છે - એમ સમજીને સમતા રાખવી છે. આપણે કાંઈક પરાક્રમ કર્યાં છે માટે જ દુઃખ આવે છે. કોઈ ગમે તેટલું અપ્રિય બોલે - આપણે મન ઉપર નથી લેવું. આપણે ખોટું કર્યું હોય તો ચિંતા કરવાની, આપણે ખોટું ન કર્યું હોય છતાં ય કોઈ આપણને ખોટા કહે એના કારણે આપણે ચિંતા કરવાની જરૂર નથી. આપણે પાપ કર્યું હોય, ખોટું કર્યું હોય અને કોઈ કહે તો સાંભળી લેવું છે, સુધારી લેવું છે - તેમાં પણ અક્ષમા નથી કરવી : આમ બંન્ને રીતે અક્ષમા નથી કરવી.

સ૦ ક્યાં સુધી સહન કરવાનું ?

જ્યાં સુધી પાપ કર્યું છે ત્યાં સુધી સહન કરવાનું. આપણને આપણું પાપ દેખાય તો સહન કરવામાં કોઈ જ વાંધો ન આવે. પાપ કોઈનું સગું નથી. પાપના ઉદયમાં કોઈ સગપણ કામ લાગતું નથી. આપણું પાપ દેખાય તો સમતા આપણા હાથમાં છે. બીજાનું પાપ જોઈએ તો અસમાધિનો પાર નથી. માટે આપણે આ સજ્જનતા પામવા માટે કોઈ પણ અપ્રિય બોલે તો આપણે ક્ષમાપૂર્વક સહન કરવું છે, તેની પ્રત્યે અક્ષમા રાખવી નથી.

### (૧૫) ગુણીજનનો સંગ :

ત્યાર બાદ પંદરમો ઉપાય ગુણીજનનો સંગ બતાવ્યો છે. આ ગુણીજનનો સંગ કરવાના કારણે આપણા કુતર્કની નિવૃત્તિ થાય છે. જે આપણને ધર્મ કરવા ન દે, ધર્મ કરવામાં અંતરાય કરે એવી બધી જ દલીલો કુતર્કમાં ગણાય છે. આ કુતર્કને પુષ્ટ કરવાનું કામ કરે તે અવગુણી છે. આપણને કોનો સંગ ગમે ? ઘરના લોકોનો કે ગુણીજનોનો ? ઘરના લોકો ધર્મ કરવામાં સહાય કરે કે ન કરવામાં ? આવા કુતર્કની નિવૃત્તિ વિના મિથ્યાત્વ જતું



નથી અને સમ્યક્ત્વ આવતું નથી. માટે ગુણીજનની સંગતિ કરવી છે. આ ગુણીજનનો સંગ કેવો છે તે જણાવવા માટે નિષેધમુખે ઉપમા આપી છે.

**धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्,**
**काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।**
**वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं च वाञ्छत्यसौ,**
**यः सङ्गं गुणिनां विमुच्य विमतिः कल्याणमाकाङ्क्षति ।।६५।।**

જેમ દયા વગરનો ધર્મ, ધર્મ નથી કહેવાતો તેમ ગુણીના સંગ વિના કલ્યાણની પ્રાપ્તિ નથી થતી. જે ગુણના અર્થી હોય તેને ગુણીનો સંગ ગમે. આપણે ધર્મના અર્થી છીએ પણ આપણને ધર્મીજનોનો સંગ ગમતો નથી. આજે આપણે ગુણીજનના સંગની વાત શરૂ કરવી છે. આ મહાપુરુષો કહે છે કે જેઓ કલ્યાણને ઈચ્છે છે તેમને ગુણીનો સંગ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. જેઓ ગુણીના સંગ વિના કલ્યાણને ઈચ્છે તેઓ ખરેખર વિપરીતમતિવાળા છે, મૂઢમતિવાળા છે. ગુણીના સંગ વિના કલ્યાણની ઈચ્છા ફળે એવી નથી. આ જ વસ્તુ જાુદી જાુદી ઉપમાથી જણાવી છે. દયા વિનાનો ધર્મ હોય નહિ. નીતિથી ભ્રષ્ટ થયેલાને યશ મળે નહિ. પ્રમાદી માણસ ધન કમાય એ શક્ય નથી. પ્રતિભા વગરનો કાવ્ય રચી શકે નહિ. શમ અર્થાદ્ ઉપશમભાવ અને દયા વિનાનો જીવ તપ આરાધી શકે નહિ. અલ્પબુદ્ધિવાળાને શ્રુતની પ્રાપ્તિ થાય એ શક્ય નથી. આંખ વગરનો માણસ વસ્તુને જોવાની પ્રવૃત્તિ કરે એ નિષ્ફળ છે. ચંચળ માણસ ધ્યાન ધરે એ શક્ય નથી... તેમ ગુણીના સંગ વિના કલ્યાણ થાય એ શક્ય જ નથી, છતાં લાગે તો એ કલ્યાણ નકામું જ છે. આપણને ગુણીનો સંગ ગમે કે સ્વજનનો સંગ ગમે ? તમને કે અમને ગુણીનો સંગ ગમતો નથી. અમને પણ ભગત આવી જાય કે સ્વજનો

આવે તો આનંદ થાય અને સહવર્ત્તી જો આવે, પાસે આવીને બેસે તો મોઢું બગડે ! અમને સહવર્ત્તી કરતાં પણ ભગત જો ગમતા હોય તો ગુણીનો સંગ ગમે છે – એવું કેમ કહેવાય ? ભગત ગુણવાન કે સહવર્ત્તી ગુણવાન ? તમારી પણ એ જ દશા છે ને ? તમને પણ દુકાનમાં ઘરાક આવે તે ગમે કે સાધર્મિક આવે તે ગમે ? તમારી અને અમારી આ એક જ દશા છે. દીક્ષા લીધા પછી પણ ગુરુનો સંગ ન ગમે – એવી દશા અમારી છે. દીક્ષા લીધા પછી ગુરુની સાથે રહેવાને બદલે જાુદાં ચોમાસાં કરવા માટે તૈયાર થઈ જાય ! ગુરુને પોતાને સમય ન હોય તેથી કોઈ મુમુક્ષુને ભણવા માટે મૂક્યો હોય તો તેને તૈયાર કરીને પોતાના નામનો બનાવી દે ! ગુરુતત્ત્વવિનિશ્ચયમાં પણ જણાવ્યું છે કે ગુરુની આજ્ઞાથી વિહાર કરીને જાય ત્યારે રસ્તામાં જેટલી વસ્તુ મળે તેના ઉપર ગુરુનો જ અધિકાર છે. રસ્તામાં કોઈ મુમુક્ષુ મળે તો તેના ઉપર ગુરુનો જ અધિકાર મનાય. તમે કંપનીના નામે વેચાણ કરતા હો તો ગુડવીલ કોની કહેવાય ? તમારી કે કંપનીની ? આજ્ઞાનું મહત્ત્વ તો દરેક ક્ષેત્રમાં છે. આપણે આપણા મન ઉપર કાબૂ રાખતાં શીખી જ જવું છે. અત્યાર સુધી મનનું માન્યું, ઈચ્છા મુજબ જીવ્યા – એનું જ આ પરિણામ છે કે આપણે સંસારમાં રખડીએ છીએ. હવે જો આ સંસારનું પરિભ્રમણ ટાળવું હોય તો આજ્ઞા મુજબ જીવતાં શીખી લેવું છે અને ઈચ્છાઓ બાજાુ પર મૂકી દેવી છે. આપણે ગુરુની આજ્ઞાથી જ જીવવું છે. ગુરુની આજ્ઞાથી ચોમાસા માટે ગયા હોઈએ તોય ચોમાસું પૂરું થયા પછી તરત ગુરુને ભેગા થઈ જવું. આ તો ચોમાસું કરવા જાય અને આજાુબાજાુનાં તીર્થોની જાત્રા કરવા જતો રહે ! તમારે ત્યાં એવો માણસ મળે કે તમારી આજ્ઞાથી ઉઘરાણી માટે ગયો હોય અને હીલસ્ટેશન ફરીને આવે ? ગુણીનો સંગ ગમે તો જ કામ થાય અને ગુણના અર્થીપણા વિના એ શક્ય જ નથી. અને ગુણીના સંગ વિના કલ્યાણ નહિ થાય –



એમાં ય બે મત નથી. દયા જેમાં ન પળાય તે ધર્મ જ નથી. આપણો ધર્મ લગભગ દયા વગરનો છે. ધર્માત્માના પરિણામ નઠોર હોય ને ? દયા ધર્મનું મૂળ છે, મૂળ વિના વૃક્ષ ન હોય, તેમ ગુણીસંગ વિના કલ્યાણ ન જ થાય. ધર્મમાં દયાની જેટલી કિંમત છે તેટલી કિંમત કલ્યાણ માટે ગુણીજનના સંગની છે. ત્યાર બાદ જણાવે છે કે જેઓ નીતિનું ઉલ્લંઘન કરે તેમને યશ નથી મળતો અને જે પ્રમાદી માણસ હોય તેને ધન નથી મળતું તેમ ગુણીજનના સંગ વિના કલ્યાણ નથી જ થતું. તે જ રીતે પ્રતિભા વિનાનો કાવ્ય ન બનાવી શકે તેમ ગુણીના સંગ વિના કલ્યાણ નહિ જ થાય.

આપણી ઈચ્છા મુજબનો ઉત્કટકોટિનો તપ આપણે મજેથી કરી શકીએ છીએ અને ગુરુની આજ્ઞાથી સામાન્ય કોટિનો તપ કરવાનું પણ આપણને ફાવતું નથી. એનું કારણ એક જ છે કે આપણને ગુણીનો સંગ ગમતો નથી. જેમ શમ અને દયાથી શૂન્ય એવો તપ નિર્જરા કરાવવા માટે સમર્થ નથી તેમ ગુણીસંગ વિના કલ્યાણ અસંભવિત છે. તપસ્વીને શમ હોય ને ? દુઃખ ભોગવવાની તૈયારી નથી તેથી શમ નથી આવતો અને દુઃખ આપવાની તૈયારી છે માટે દયા નથી આવતી. શમ એટલે માત્ર ક્રોધ ન કરવાની વાત નથી, ચારે કષાયને ટાળવાની વાત 'શમ' માં છે. તપસ્વીને ગુસ્સો પણ ન આવવો જોઈએ, માન પણ ન આવવું જોઈએ, માયા પણ તેણે ન કરવી જોઈએ અને તપસ્વીને ખાવાનો લોભ પણ ન હોવો જોઈએ. તપ તો આપણે સ્વાધીનપણે દુઃખ ભોગવવા માટે કર્યો છે ને ? તો જેટલું દુઃખ વધારે આવે તે સારું જ છે ને ? દુઃખ ભોગવવા નીકળેલા દુઃખ ઓછું કેમ આવે – એની મહેનત શા માટે કરે ? આપણે દુઃખ ભોગવવા માટે જ ધર્મ કરીએ છીએ – એવું કહી શકાય એમ નથી ! આપણો ધર્મ તો લગભગ દુઃખ ટાળવા માટે જ છે ને ? તપમાં દુઃખ ભોગવવું છે માટે શમ

રાખવો છે અને દુઃખ આપવું નથી માટે દયા રાખવી છે. આપણા તપના કારણે બીજાને ઘસાવું પડે, સિદાવું પડે - એવું આપણે નથી કરવું. તેમ જ આપણને તપમાં અનુકૂળતા ન મળે તોપણ શાંત અવસ્થા ટકાવી રાખવી છે. અનુકૂળતાનું અર્થીપણું એ જ કષાયાધીન અવસ્થા છે. અનુકૂળતાનું અર્થીપણું ન હોય તેનું જ નામ શમાવસ્થા. તપ કરનારને કોઈ પૂછે કે 'શું જોઈએ છે ?' તો એ કહે કે 'કશું જોઈતું નથી માટે જ તપ કર્યો છે.' 'જોઈતું નથી' આ અધ્યવસાય શમભાવનો છે.

હવે છઠ્ઠી ઉપમા જણાવે છે કે અલ્પબુદ્ધિવાળાને શ્રુતજ્ઞાન ન મળે. શ્રુતજ્ઞાન મેળવવું હોય તો બુદ્ધિ વધારવા માટે, ક્ષયોપશમ ખીલવવા માટે પ્રયત્ન કરવો જ પડશે. પાણી ચડતું ન હોય તો બે મોટર લગાડીએ તેમ ગાથા ન ચડતી હોય તો વધારે મહેનત કરવી પડે. તેમ કલ્યાણની આકાંક્ષા પૂરી કરવી હોય તો ગુણીજનનો સંગ કર્યા વિના નહિ ચાલે.

આંખ વિનાનો માણસ વસ્તુને જોવાનો પ્રયત્ન કરે તે જેમ વ્યર્થ છે અને ચંચળ મનવાળો ધ્યાન ધરી શકે - એ શક્ય નથી, તેમ ગુણીના સંગ વિના કલ્યાણ ન થાય. મન અસ્થિર છે તેનું કારણ એ છે કે મનને કોઈ આલંબન નથી આપ્યું. મનને જ્ઞાનનું, સ્વાધ્યાયનું આલંબન આપીને સ્થિર કરીને પછી ધ્યાન ધરવાનું.

આપણને સંગ ગમે છે પણ ગુણીનો નહિ : આ જ વિષમતા છે. આજે વડીલની છત્રછાયા ગમતી નથી, પણ વડીલ વિનાનું જીવન છત વગરના ઘર જેવું છે, તુચ્છ કોટિનું છે. આપણને ટપારવાનું, ઉન્માર્ગથી અટકાવવાનું કામ આપણા વડીલજન જ કરવાના.



ગુણીજનના સંગથી શું પ્રાપ્ત થાય છે - તે આગળના શ્લોકમાં જણાવ્યું છે. ગુણીજનનો સંગ કીમતી છે તે જણાવ્યા બાદ તેની કીમત શેના કારણે છે તે હવે જણાવે છે -

**हरति कुमतिं भिन्ते मोहं करोति विवेकितां,**
**वितरति रतिं सूते नीतिं तनोति गुणावलिम् ।**
**प्रथयति यशो धत्ते धर्मं व्यपोहति दुर्गतिं,**
**जनयति नृणां किं नाभीष्टं गुणोत्तमसङ्गमः ।।६६।।**

ગુણીજનનો સંગ કરવાથી આપણી કુમતિ દૂર થાય છે. સજ્જનોના સંગથી સદ્બુદ્ધિ પ્રાપ્ત થાય છે, દુર્જનોના સંગથી દુર્બુદ્ધિ પેદા થાય છે. આપણને આપણી દરિદ્ર અવસ્થાનું દુઃખ છે કે અજ્ઞાનનું ? આપણે આપણી દુષ્ટ બુદ્ધિના કારણે દુઃખી છીએ કે દરિદ્રતાના કારણે ? અહીં જણાવે છે કે ગુણવાનના સંગથી આપણી બુદ્ધિ સુધરે છે. આપણને પૈસા જોઈએ છે કે સદ્બુદ્ધિ ? યુદ્ધમાં જનારા ક્ષત્રિયો પણ ભગવાનને પ્રાર્થના કરતા હતા કે યુદ્ધમાં જય મળે કે ન મળે, પરંતુ શત્રુને પણ સદ્બુદ્ધિ આપજે. આપણી પાસે ગમે તેટલું સારું હોય પરંતુ બુદ્ધિ જો નહિ હોય તો એ બધું જ નકામું જવાનું, ઉન્માર્ગે જવાનું. તો કહો કે બુદ્ધિ જોઈએ છે કે પૈસા જોઈએ છે ?

સ૦ બુદ્ધિ હશે તો પૈસા મળી રહેશે.

ઊંધું બોલ્યા. બુદ્ધિ હશે તો પૈસાની જરૂર જ નહિ પડે. અમને પૈસાની જરૂર નથી પડતી તો બુદ્ધિ અમારી પાસે છે કે નહિ ? તમને પૈસા મેળવવા જેવા લાગ્યા ત્યારથી તમારી બુદ્ધિ બગડી છે - એમ સમજવું. આપણી કુમતિને દૂર કરવી હશે તો સજ્જનનો સંગ કરવો જ પડશે. આપણી તકલીફ એ છે કે જે આપણને કુમતિ આપે એવાના સંગમાં આપણે રહીએ છીએ.

જ્યારે પણ સારું કાર્ય કરવાનો વખત આવે ત્યારે ગુરુને પૂછવા જાઓ કે ધર્મપત્નીને પૂછવા જાઓ ? શાસ્ત્રમાં કહ્યું છે કે સંસારનાં કામ પણ ગુરુને પૂછ્યા વિના નથી કરવાનાં. આપણે ધર્મનાં કામ પણ પત્નીને પૂછીને કરીએ ને ? એ ના પાડે તો ન કરીએ ને ? જે ધર્મ કરવાની ના પાડે એને ધર્મપત્ની કહેવાય ? કે ધર્મમાં સહાય કરે તેને ધર્મપત્ની કહેવાય ? આપણી કુમતિ દૂર નથી થતી તેનું કારણ એ છે કે આપણે ગુણીજનનો સંગ કરતા નથી. પૈસા વગર ચાલે જ નહિ : આ માન્યતા કુમતિના ઘરની છે. આ સંસારથી તરવા માટે પૈસા કામ નહિ લાગે, સદ્બુદ્ધિ જ કામ લાગે છે. સમુદ્રમાં જેને તરવું હોય તેણે વસ્ત્રો પણ ઉતારવાં પડે ને ? તો આ સંસારસમુદ્રમાં તરવા માટે તૈયાર થયેલા પરિગ્રહના ભારથી ભારે થયા હોય તો સંસાર કેવી રીતે તરી શકશે ? આપણને આ સંસારથી તરવાની સામગ્રી સારામાં સારી મળેલી હોવા છતાં તેનો સદુપયોગ કરવા ન દે તેનું નામ દુર્બુદ્ધિ. આ દુર્બુદ્ધિને દૂર કરવા માટે ગુરુજનોના સંગમાં રહેવું છે. ગુણીજન પાસે જઈએ તો આપણને છોડવાની સલાહ આપશે, ભેગું કરવાની સલાહ નહિ આપે. બે ભાઈઓ ધંધામાં પણ છૂટા પડવાના હોય તો તે વખતે ગુણીજન કહે કે આપણે જો છૂટા થવું હોય તો પહેર્યે કપડે છૂટા થવું છે. નાના ભાઈને સમજાવે : મોટા ભાઈને કહી દેવાનું કે 'આપ મોટા છો, મને નાનાથી મોટો કર્યો, ભણાવ્યો-ગણાવ્યો, આટલા સુધી પહોંચાડ્યો - એ જ કૃપા છે. એ સિવાય મારે કશું નથી જોઈતું. હું જાતે હવે કમાઈ શકું એટલો યોગ્ય મને બનાવ્યો છે.' આટલું કહે તો કોઈ અરતિ ન થાય ને ? એ જ રીતે નાનો જો વધારે ભાગ લઈ જાય તો મોટાને સમજાવે : નાના ભાઈને કહેજો કે 'હું તો મોટો છું, ઘણાં જલસા કર્યા છે, તારી જિંદગી હવે શરૂ થાય છે - ભલે લઈ જા, કંઈ કામ હોય તો કહેજે...' આવું કહે તો કોઈ અસમાધિ ન થાય ને ? અને તમારી ધર્મપત્ની



આવા વખતે શું સલાહ આપે ? ગુરુનું માનવા દે કે ન માનવા દે ? જે આપણને ભગવાનનું કે ગુરુનું માનવા ન દે તેનું નામ કુમતિ.

ત્યાર બાદ જણાવે છે કે ગુણીનો સંગ મોહને ભેદી નાંખે છે. કુમતિ અને મોહમાં ફરક છે. ન સમજાય તેનું નામ મોહ, ઊંધું સમજાય તેનું નામ કુમતિ. સંસારનું સ્વરૂપ સમજવા ન દે તેનું નામ મોહ અને સંસારને સારો મનાવે તેનું નામ કુમતિ. મોહ એટલે અજ્ઞાન. ગુરુભગવંત આપણા અજ્ઞાનને દૂર કરે છે. એકેન્દ્રિયાદિથી માંડીને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી આપણી પાસે એકલો મોહ જ હતો. સંજ્ઞી પંચેન્દ્રિયઅવસ્થામાં મોહ થોડોઘણો દૂર થયો અને સંજ્ઞા મળી છતાં તે વિપરીત જ્ઞાન હોવાથી કુમતિના ઘરનું એ જ્ઞાન હોય છે. સાચું જ્ઞાન આપવા માટે સૌથી પહેલાં ઊંધી સમજણ દૂર કરવી પડે. દરિદ્ર અવસ્થામાં ધન ન હોય અને ચોરીના કારણે ખોટું ધન આવે છે. એની જેમ મોહદશામાં જ્ઞાન નથી હોતું, કુમતિમાં ખરાબ મતિ હોય છે.

સારામાં સારો ધર્મ કરનારને પણ કોઈના કહ્યામાં રહેવાનું ફાવતું નથી - આ મોટામાં મોટું દૂષણ છે. તમે કે અમે જેની સાથે રહીએ છીએ તેને જ ગુણી માનીએ છીએ, ગુણીજનની સાથે રહેવા તૈયાર થતા નથી. ભગવાનનું શાસન તો આપણને પુણ્યના ઉદયથી મળી જાય પરંતુ અનુશાસન ઝીલવાનું કામ ક્ષયોપશમભાવના યોગે થાય છે. શાસન મળ્યા પછી પણ આ અનુશાસન ઝીલવાનું શક્ય બનતું નથી. તેનું કારણ આ એક જ છે કે આપણને ગુણીજનનો સંગ ગમતો નથી. એક વાર ગુણીજન એવા ગુરુભગવતનું અનુશાસન ઝીલવા માટે તૈયાર થઈ જાય તો તેને આ સંસારમાં રહેવાનો વખત ન આવે, એવાઓ આ સંસારસાગરથી જલદીથી તરી જાય છે.

ગુણીજનનો સંગ કુમતિને દૂર કરે છે અને મોહને ભેદી નાંખે છે. કુમતિ દૂર થવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે અને મોહ ભેદાવાના કારણે

વીતરાગતા મળે છે. ત્યાર બાદ જણાવે છે કે ગુણીજનનો સંગ વિવેકિતાને પ્રગટ કરે છે. આજે આપણે શાસ્ત્રની આજ્ઞાને વિવેકપૂર્વક નથી સમજતા. આપણને સારું કામ કરવાની ઈચ્છા હોવા છતાં ભાવની રાહ જોઈને બેસી રહીએ – એ વિવેક નથી. જો કામ સારું છે, આપણા આત્માને હિતકારી છે તો ભાવોલ્લાસની રાહ જોવાની કે અનુષ્ઠાનની ઉપાદેયતા સમજાય એટલે કામે લાગવાનું ? દવા શરીરને હિતકારી છે – એવું માન્યા પછી દવા લેવાનો ઉલ્લાસ જાગે તેની રાહ જુઓ કે આરોગ્યના અર્થીપણાથી ઉલ્લાસ વગર પણ દવા લેવા માંડો ? આ તો પાછા અમારી પાસેથી શીખીને જાય કે 'ભાવ વગરની ક્રિયા નકામી છે.' અને અમને જ એ સમજાવે ! આપણે કહેવું પડે કે 'ભાઈ ! એ વાત તો જેણે ક્રિયા કરવાની શરૂ કરી હોય તેની ક્રિયાને લેખે લગાડવા માટેની હતી. લોકોને ક્રિયા શરૂ કરતાં અટકાવવા માટેની નહિ.' ક્રિયા કરવી ન હોય અને શુદ્ધ ક્રિયાનો આગ્રહ છે – એવું જણાવવું હોય તેવા વખતે ભાવક્રિયાનું ઓઠું લેવું – આ તો એક માયા છે. ક્રિયાની શુદ્ધિ માટે ભાવની વાત છે, ક્રિયા કરતાં બંધ કરવા માટે ભાવની વાત નથી. શ્રી અધ્યાત્મસાર ગ્રંથમાં જણાવ્યું છે કે – ગુર્વાજ્ઞાના પારતંત્ર્યના કારણે ઘણા આત્માઓ દ્રવ્યદીક્ષાના પાલનથી પણ મોક્ષે ગયા છે. ભાવથી દીક્ષા ન પાળે અને દ્રવ્યથી દીક્ષા પાળે છતાં પણ ગુરુની આજ્ઞાનું પાલન કરવાના કારણે કર્મનિર્જરા ઘણી થાય છે. આનું કારણ એક જ છે કે ગુર્વાજ્ઞાના પાલનથી કુમતિ દૂર થાય, મોહ ભેદાય છે અને વિવેક પ્રગટે છે. ત્યાર બાદ જણાવે છે કે ગુણીનો સંગ રતિનું વિતરણ કરે છે. જે વિવેકી હોય તેને ધર્મમાં, વિધિના પાલનમાં, આજ્ઞાની આરાધનામાં રતિ પેદા થયા વિના ન રહે. તમારે ત્યાં પણ શું ચાલે છે ? ભયંકર રોગ થયો હોય, ચિકિત્સા જલદ હોય તો શું કરો ? ચિકિત્સા વિનાનું સુખ સારું કે ચિકિત્સાવાળું દુઃખ ચાલશે ?



તેવા વખતે ચિકિત્સામાં પણ રતિ થાય ને ? તેમ ગુણીના સંગથી કષ્ટસાધ્ય અનુષ્ઠાનમાં રતિ પેદા થાય છે. અર્થકામ માટે કષ્ટ વેઠાય અને ધર્મ માટે કષ્ટ ન વેઠવું આ અવિવેકિતા છે. માનું કામ મૂકીને પત્નીનું કામ કરવું એ અવિવેક અને પત્નીનું કામ પડતું મૂકીને માનું કામ કરવું તે વિવેક અને મા-બાપનું કામ છોડીને ગુરુનું કામ કરવું તે વિવેક. જેઓ ગુરુનું કામ કરવા સાધુ થયા તેમને મા-બાપનું કામ કરવાનું કહ્યું જ નથી. એ જ રીતે અવિધિવાળો ધર્મ પણ ચાલે આ અવિવેક છે. વિધિનો આગ્રહ રાખવો તેનું નામ વિવેક. વિવેક હોય તેને સંયમમાં રતિ આવે જ. આજે ઘણા ફરિયાદ કરે છે કે સંયમમાં ઉલ્લાસ નથી આવતો. આપણે કહેવું પડે કે સંયમ હોય તો તેમાં ઉલ્લાસ આવે. જે સંયમ પાળે જ નહિ તેને સંયમનો આનંદ ક્યાંથી અનુભવવા મળે ? આપણે ત્યાં કહ્યું છે કે – मनः प्रसन्नतामेति पूज्यमाने जिनेश्वरे । ભગવાનની પૂજા કરીએ તો મન પ્રસન્ન થાય. ભગવાનની આજ્ઞા પાળે તેનું મન પ્રસન્ન થાય. સંયમ પાળે જ નહિ, તો ઉલ્લાસ ક્યાંથી આવે ?

સ૦ સંસાર છોડ્યો એટલે સંયમ આવે જ ને ?

દુકાને જાઓ એટલે પૈસા આવી જાય ? ભોજન મંડપમાં જાઓ તો પેટ ભરાઈ જાય ? કે ત્યાં જઈને પ્રવૃત્તિ-પ્રયત્ન કરવો પડે ? એ જ રીતે સંસાર છોડ્યા પછી સંયમનું પાલન કરવું પડે, ગુરુનું કહ્યું માનવું પડે, આજ્ઞાનું પાલન કરવું પડે તો સંયમ આવે. ધર્મ કર્યાનો આનંદ કેવો હોય છે- એ તો જેણે ધર્મ કર્યો હોય તેને ખબર પડે. ગમે તેવા દુઃખમાં પણ તે પ્રસન્ન હોય, કારણ કે પોતાનાં પાપકર્મો ખપી રહ્યાં છે તેનો આનંદ હોય. ઈચ્છા મુજબ જીવવામાં જ જેને મજા આવતી હોય તેને આજ્ઞાપાલનનો આનંદ અનુભવવા ક્યાંથી મળે ? આજ્ઞા પાળવા માટે ગુણીજનનો સંગ કરવો છે –

આ ગુણીજનો પોતે સંસારથી તરેલા છે. આપણને આ સંસારથી તારવા માટે સમર્થ છે. આવાની નિશ્રા સ્વીકારી લઈએ અને અનુશાસન ઝીલી લઈએ તો આપણે આ સંસારથી તરી જઈએ. પરંતુ તકલીફ એ છે કે આપણે કોઈની આજ્ઞા માનવા તૈયાર નથી. બધાની આજે એક ફરિયાદ છે કે 'આપણું કોઈ માનતું નથી.' પરંતુ આપણને એ વિચાર નથી આવતો કે 'આપણે ક્યાં ભગવાનનું કે ગુરુનું માનીએ છીએ ?' બધા સ્વચ્છંદી થઈ ગયા છે – એવું બોલનારે પોતાની જાતને પૂછવાની જરૂર છે કે 'આપણે પણ ક્યાં આજ્ઞામાં છીએ ?' લોકો આપણું માને કે ન માને, આપણે ગુરુનું અને ભગવાનનું માનવા તૈયાર થવું છે, એ માટે ગુણીનો સંગ કરવો છે.

ગુણીજનોનો સંગ આપણને નીતિમાર્ગે ચલાવે છે. જે આપણને મોક્ષે પહોંચાડે છે તે જ નીતિમાર્ગ છે. જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી દુર્ગતિમાં જવાનું ન બને અને સદ્‌ગતિમાં જવાનું બને તેની ના નથી. પરંતુ જ્યાં સુધી આપણે સંસારમાં છીએ ત્યાં સુધી આપણી સાધનામાં કંઈકને કંઈક ખામી છે – એમ માની લેવું. જ્યાં સુધી મોક્ષના અવરોધો દૂર નહિ કરીએ ત્યાં સુધી સંસારમાં રહેવું પડશે. જે આપણને મોક્ષમાં લઈ જાય તેને નીતિ કહેવાય. ગુણીજનના સંગથી ધર્મમાં રતિ પેદા થાય છે. ત્યાર બાદ નીતિમાર્ગ પ્રાપ્ત થાય છે. ધર્મની રતિ, ધર્મના ઉલ્લાસ વિના નીતિમાર્ગે ચાલવાનું શક્ય નથી. એક વાર વીર્ય ઉલ્લસિત બને તો સામર્થ્યયોગની શરૂઆત કરતાં વાર ન લાગે. સંસારથી મુક્ત બનાવે તેને નીતિમાર્ગ કહેવાય. તેથી તાત્ત્વિક નીતિમાર્ગ આપણે ક્ષપકશ્રેણીમાં માનીએ છીએ. સામર્થ્યયોગની કારણરૂપે શરૂઆત સાતમે ગુણઠાણે થાય અને કાર્યની શરૂઆત નવમા ગુણઠાણાથી થાય. ક્ષયોપશમભાવના ધર્મનો ત્યાગ કરવાની શરૂઆત થાય એટલે ધર્મસંન્યાસયોગ આવે. ક્ષયોપશમભાવના સમ્યક્‌ત્વનો ત્યાગ ચોથેથી સાતમે



થાય. ક્ષયોપશમભાવના ચારિત્રનો ત્યાગ દસમાના અંતે થાય છે અને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મના ક્ષયોપશમભાવનો ત્યાગ બારમાના અંતે થાય છે. ક્ષપકશ્રેણી મંડાયા પછી કોઈ ક્રિયાનું નિયમન રહેતું નથી. એ મહાપુરુષો જે માર્ગે ચાલે એ જ નીતિમાર્ગ છે. આપણે સંસારને ટૂંકાવવો છે. જે માર્ગે સંસાર કપાય તેનું નામ નીતિમાર્ગ. ઘણા મહાત્માઓ નરકમાં જઈને સંસાર ટૂંકાવે છે અને ઘણા આત્માઓ દેવલોકમાં જઈને સંસાર વધારે છે : આપણે શું કરવું છે ? नीयते मुक्तिरनया सा नीतिः જે મોક્ષે પહોંચાડે તેનું નામ નીતિ. જેનાથી સુખ મળે કે દુઃખ ટળે તે નીતિ નથી, જેનાથી સંસાર છૂટે અને મોક્ષ મળે તેનું નામ નીતિ. આપણા આચાર્યભગવંત જણાવતા હતા કે દુઃખ વેઠતાં વેઠતાં કોઠે પડી જશે અને સુખ ભોગવતાં ભોગવતાં દાઢે વળગી જશે.

આપણી પાસે ગમે તેટલી યોગ્યતા હોય તોપણ ગુણીના સંગ વિના આપણને આપણા દોષોનું ભાન થતું નથી. ગુરુભગવંતના કઠોર વચન સાંભળવા પડે તો દુઃખ થાય કે આનંદ થાય ? શાસ્ત્રમાં કહ્યું છે કે શિષ્ય હંમેશાં અનુશાસનનો અર્થી હોય. બે દિવસમાં ગુરુ અનુશાસન ન કરે તો શિષ્યના આંખમાં આંસુ આવે કે 'મને ગુરુએ આટલો અયોગ્ય કેમ જાણ્યો કે જેથી કશી ભૂલ નથી બતાવતા !' આ તો દસ વરસે પણ જો ગુરુએ એકાદ ભૂલ બતાવી હોય તો એમ લાગે કે 'હવે આપણું પુણ્ય પરવાર્યું, ગુરુને આપણી ઉપર વિશ્વાસ નથી...' એના બદલે આપણે માનવું છે કે આપણી ભૂલ ગુરુ બતાવે ત્યારથી આપણાં ભાગ્ય જાગ્યાં. જ્યારે ગુરુની હિતશિક્ષા ન ગમે ત્યારે આપણું ભાગ્ય પરવાર્યું છે – એમ સમજવું. શ્રી પ્રશમરતિગ્રંથમાં કહ્યું છે કે ગુરુ મહારાજનાં કઠોર વચન જ્યારે સાંભળવા મળે ત્યારે શિષ્યને મલયાચલ પર્વતના ચંદનનો રસ સિંચાતો હોય એવો

અનુભવ થાય. એના બદલે જો ગુરુનાં વચન કાનમાં સોયની જેમ ભોંકાતાં હોય એવું લાગે તો માનવું પડે ને કે આપણું ભાગ્ય પરવારી ગયું છે ? આપણે ક્ષપકશ્રેણી માંડવી હશે તો ગુરુમહારાજ આપણા દોષો બતાવે તેની ઉપર ધ્યાન આપીને તેને સુધારવા મહેનત કરવી જ પડશે.

આ રીતે ક્ષપકશ્રેણી સ્વરૂપ નીતિમાર્ગે ચાલવાથી તેરમા ગુણઠાણે ગુણોની શ્રેણી પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી દોષો હાજર હોય ત્યાં સુધી ગુણો પ્રગટતા નથી. તેથી તેરમા ગુણઠાણે ગુણની શ્રેણિ પ્રગટ થાય છે – એમ જણાવ્યું છે. આ રીતે જેના ગુણોની શ્રેણિ પ્રગટી હોય તેનો જ યશ વાસ્તવિક રીતે ફેલાય છે. કેવળજ્ઞાનીનો કોઈ ગમે તેટલો અપયશ ગાય તોપણ તેમના કેવળજ્ઞાનમાં કોઈ આંચ આવતી નથી. આપણે ખરાબ હોઈએ અને લોકો આપણો યશ ફેલાવે એ સારું કે આપણે સ્વસ્થ હોઈએ અને લોકો આપણો અપયશ ફેલાવે એ સારું ? આપણે સ્વસ્થ હોઈએ, ગુણોની શ્રેણી પામીએ એ જ આપણો યશ છે. વર્તમાનમાં આપણો યશ ગુણાનુવાદના કારણે ગણાય છે. જ્યારે અનંતજ્ઞાની ભગવંતોનો યશ તેમની ગુણપ્રાપ્તિના કારણે ગવાય છે. વર્તમાનની આપણી ગુણાનુવાદની સભાઓ કેવી છે ? જેમાં ગુરુના ગુણના બદલે પોતાના ગુણો જ ગવાતા હોય. હું સાહેબની કેટલો નજીક હતો એ લોકોને જણાવે. આપણા સામીપ્યના કારણે ગુરુની મહત્તા નથી, ગુરુ શાસનની કેટલા નજીક હતા એવું જણાવવામાં ગુરુના ગુણાનુવાદ સાચા છે. ગુરુની મહત્તા તેમની શાસનસમર્પિતતાના કારણે છે. લોકમાં પણ કહેવાય છે કે ગાયો ગળામાં રહેલી ઘંટાના કારણે નથી વેચાતી, તે જો દૂધ આપતી હોય તો જ તેની કિંમત છે. સૂર્યનો યશ ગાઓ કે ન ગાઓ તેની તેજસ્વિતા સ્વાભાવિક છે. તેમ જ્ઞાનીની નિંદા કરો કે પ્રશંસા કરો જ્ઞાની પોતે સ્વસ્થ હોય છે : એ જ એમનો યશ છે. યશની ઈચ્છાનો અભાવ એ જ સાચો



યશ છે. યશ તો યશનામકર્મના ઉદયથી મળે છે. જ્યારે યશની ઈચ્છા મોહનીયના ઉદયથી મળે છે. જ્ઞાનીઓ નિંદામાં પણ સ્વસ્થ હોય છે. સૂર્ય ઉપર હાથ રાખીને કોઈ સૂર્યને ઢાંકવા માટે પ્રયત્ન કરે તો અંધારું તેને જ પડવાનું છે, સૂર્યને એમાં કાંઈ ફરક પડતો નથી. તેથી મોહનીયના નાશ પછી જે યશ ફેલાય એ જ ખરો યશ છે. આ રીતે ગુણીજનના સંગના કારણે જે ફળ મળે છે તે સંકલનાબદ્ધ અહીં જણાવ્યાં છે.

ગુણીજનોનો સંગ આપણને ક્ષયોપશમભાવના ધર્મમાંથી ક્ષાયિકભાવના ધર્મ સુધી પહોંચાડે છે અને ત્યાર બાદ છેલ્લે જણાવ્યું છે કે દુર્ગતિને દૂર કરે છે. આ દુર્ગતિ માત્ર નરકતિર્યંચગતિ સ્વરૂપ નથી, દેવ અને મનુષ્યગતિ પણ ટળી જાય – એવો આ ગુણીજનનો સંગ છે. આપણને તો નરકતિર્યંચગતિ ટળી જાય એમાં રસ છે ને ? આ તો સિદ્ધગિરિએ જઈને ‘સિદ્ધાચલ ગિરિ ભેટ્યા ને ધન્યભાગ્ય અમારાં’ આ સ્તવનમાં મોટે મોટેથી બોલે કે ‘નરકતિર્યંચગતિ વારા રે…’ આપણે કહેવું પડે કે જો નરકતિર્યંચગતિ ટાળીને દેવ-મનુષ્યગતિમાં જવાનું મન હશે તો નરકતિર્યંચ ટળવાની નથી. જેને ચારગતિ ટાળવાની ભાવના હોય તેને જ્યાં સુધી સંસારમાં રહેવું પડે ત્યાં સુધી તેની બે ગતિ ટળી જાય.

સ૦ તો સ્તવનમાં એવું શા માટે જણાવ્યું ?

એ તો સમ્યગ્દર્શનનું ફળ બતાવ્યું છે. સ્તવનમાં જણાવ્યું છે કે ‘સમકિતમૂલ આધારા રે.’ સમ્યગ્દર્શન આપવા દ્વારા આ તીર્થ નરકતિર્યંચ ગતિ ટાળે અને ચારિત્રગુણને આપવા દ્વારા ચારે ગતિને ટાળી આપે છે. અંતે જણાવે છે કે દુનિયામાં જેટલી પણ અભીષ્ટ વસ્તુ છે તે આપવા માટે આ ગુણીજનનો સંગ સમર્થ છે. આ દુનિયામાં એવી એક પણ અભીષ્ટ વસ્તુ

નથી, કે જે ગુણીના સંગથી ન મળે. અભીષ્ટ તેને કહેવાય કે જે દરેક રીતે ઇચ્છવાયોગ્ય હોય. આવી કોઈ વસ્તુ હોય તો તે એક મોક્ષ જ છે અને મોક્ષના કારણભૂત સાધુપણું છે.

**(૧૬-૨૦) પાંચ ઈન્દ્રિયનું દમન :**

**आत्मानं कुपथेन निर्गमयितुं यः शूकलाश्वायते,**
**कृत्याकृत्यविवेकजीवितहृतौ यः कृष्णसर्पायते ।**
**यः पुण्यद्रुमखण्डखण्डनविधौ स्फूर्जत्कुठारायते,**
**तं लुप्तव्रतमुद्रमिन्द्रियगणं जित्वा शुभंयुर्भव ।।६९।।**

મોક્ષે જવા માટેના સોળમા (સોળથી વીસ) ઉપાય તરીકે પાંચ ઇન્દ્રિયનું દમન જણાવ્યું છે. પરિપૂર્ણ ઈન્દ્રિયો પુણ્યથી મળે છે તેની ના નથી પરંતુ તેનો ઉપયોગ પુણ્ય ભોગવવા માટે નથી કરવાનો, પુણ્ય પૂરું કરવા માટે, પુણ્ય છોડી દેવા માટે કરવો છે. પુણ્યથી મળેલી સામગ્રી પુણ્ય છોડવા માટે જ મળી છે, પુણ્ય ભોગવવા માટે નહિ. શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં પણ 'वरं मे अप्पा दंतो' આ ગાથાથી જણાવ્યું છે કે મારા આત્માનું મારી ઇન્દ્રિયોનું દમન મારે સંયમ અને તપ વડે કરી લેવું છે. જો અત્યારે મારી ઈચ્છાથી આ દમન નહિ કરું તો ભવાંતરમાં પરાધીનપણે વધબંધનાદિથી મારું દમન થવાનું જ છે. પાંચ પ્રકારની ઈન્દ્રિયોમાંથી એક ચક્ષુ અને રસન આ બે ઈન્દ્રિયોનો ભોગવટો વધારે વાર થતો હોય છે. બાકીની ઈન્દ્રિયોનો ભોગ ઓછો હોય છે. આથી જ સાધુપણામાં સાધુ-સાધ્વીને ભીંત સામે મોઢું રાખીને બેસવાનું જણાવ્યું છે, તેમ જ અરસ-નીરસ આહાર લેવાનું જણાવ્યું છે. અરસ એટલે જેમાંથી ઘી-તેલનું ટીપું ન પડે અને નીરસ એટલે સ્વાદ વગરનું. આવો આહાર લેવાથી રસના કાબૂમાં રહે. આપણી આંખો જ્યાં-



ત્યાં મંડાય નહિ તે માટે ભીંત સામે મોઢું રાખીને બેસવાનું. દેરાસરમાં લોકોનાં વસ્ત્રો, પૂજાની સામગ્રી વગેરે જોયા કરવું આ ઈન્દ્રિયોનું દમન નથી. દેરાસરમાં પરમાત્મા સામે અને વ્યાખ્યાનમાં ગુરુ સામે જ દૃષ્ટિ જોઈએ. આ તો વ્યાખ્યાનમાં આવીને પણ કોણ આવ્યું, કોણ ગયું, સાધુ-સાધ્વી શું કરે છે... એ બધું જોયા કરે એવાઓ ઈન્દ્રિયોનું દમન શું કરવાના ? આપણી ઈન્દ્રિયો જો બેકાબૂ હોય તો તે આપણા આત્માને દુર્ગતિમાં લઈ જવા માટે તોફાની ઘોડા જેવી છે. જેમ તોફાની ઘોડો અત્યંત ચપળ હોય છે અને પોતાના અસવારને ઉન્માર્ગે લઈ જાય તેમ આ ઈન્દ્રિયો આપણા આત્માને ઉન્માર્ગે લઈ જાય છે. ઈન્દ્રિયોનું દમન કરવા માટે તપ બતાવ્યો છે. જે તપ શરૂ કર્યો તે છોડવો નથી. જેણે ઉપધાન કર્યાં હોય, ઉપવાસના પારણે આયંબિલ કરી શકે તે કાયમ માટે એકાસણાં ન કરી શકે ? જો હવે ખાવા-પીવામાં કે હરવા-ફરવામાં ઈન્દ્રિયોનો ઉપયોગ કરીશું તો પાછી બેકાબૂ બનેલી ઈન્દ્રિયો આપણને ઘસડીને દુર્ગતિમાં લઈ જશે. આ સુડતાળીસ દિવસ ઈન્દ્રિયોના દમનનો અભ્યાસ પાડ્યો છે તે છોડી દેવો છે ? પુણ્યથી મળેલી સામગ્રી આપણે છૂટથી વાપરવા માંડ્યા ત્યારથી આપણું જીવન બગાડ્યું. નાનપણનો અભ્યાસ ટકાવી રાખ્યો હોત તો ઈન્દ્રિયો બેકાબૂ ન બનત. ઈન્દ્રિયોરૂપી ઘોડાને કાબૂમાં રાખવા માટે સંયમ અને તપ : આ બે લગામ બતાવી છે. તમારા માટે ઘરમાંથી બહાર રખડવા માટે ન જવું તેનું નામ સંયમ અને ઘરમાં બેસીને જલસા ન કરવા તેનું નામ તપ.

આ સંસારમાં આપણને જે કાંઈ સુખનો કે દુઃખનો અનુભવ થાય છે તે ઈન્દ્રિય દ્વારા જ થાય છે. આપણને જે કાંઈ દુઃખ પડે છે તે વસ્તુતઃ શરીરને જ પડે છે, આત્માને એમાં કાંઈ દુઃખ પડતું જ નથી. છતાં આત્મા એમાં દુઃખી થાય છે. એ જ રીતે સંસારમાં જે વિષયોનું સુખ મળે છે તે

શરીરને જ મળે છે. આત્માનું એ સુખ જ નથી, છતાં આત્મા એમાં આનંદ પામે આ તો એક મૂર્ખાઈ છે ને ? શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો દુઃખ એ આત્માનો ગુણધર્મ નથી, શરીરનો જ ગુણ છે. આત્માનો ગુણ તો સુખ જ છે અને એ સુખ પણ ઈન્દ્રિયના કારણે મળે છે તે નથી, શરીર અને ઈન્દ્રિય વિના અનુભવાય એવું એ સુખ છે. જે દુઃખ શરીરનું છે આત્માનું નથી તેને આત્માનું માની તેને કાઢવા માટે અને જે સુખ શરીરનું છે આત્માનું નથી તેને મેળવવા માટે આપણે આપણી આખી જિંદગી બરબાદ કરી ને ? શરીરને સુખ મળે એમાં આત્માએ રાજી થવાનું શું કામ છે ? અને આત્મા જો સ્વસ્થ હોય તો શરીરને ગમે તેટલું દુઃખ પડે તો ય તેમાં ગભરાવાનું શું કામ છે ? આ તો શરીરનું દુઃખ કાઢવા માટે રાતદિવસ મંડી પડે ! આપણે કહેવું પડે કે શરીરનું દુઃખ શરીરની સાથે જ જશે. ન્યાયની પરિભાષામાં કહીએ તો आश्रयनाशात् तन्नाशः । રોગનો આશ્રય શરીર છે, એ આશ્રયના નાશથી રોગનો નાશ થઈ જવાનો છે. ઘડો નાશ પામે તો પાણી ટકે ? આપણે આશ્રય રાખીને રોગ કાઢવા છે માટે રોગ જતા નથી. કારણ હશે તો કાર્ય થવાનું. રોગ કાઢવો હોય તો પુરુષાર્થ શરીર દૂર કરવા માટે કરવો છે.

અહીં જણાવે છે કે કૃત્ય અને અકૃત્યના વિવેકરૂપી જીવિતનું હરણ કરનારા કાળા સર્પ જેવો આ ઈન્દ્રિયગણ છે. આપણા જીવનની કિંમત વિવેકના કારણે છે. આથી વિવેકને જીવિતની ઉપમા આપી છે. ભગવાને જે કરવા જેવું કહ્યું હોય તેને કૃત્ય કહેવાય અને ભગવાને જે કરવા યોગ્ય નથી - એવું જણાવ્યું તેને અકૃત્ય કહેવાય. તમારા કે અમારા માટે આ કૃત્યાકૃત્યની વ્યવસ્થા છે જ. અમારે પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને આશ્રયીને આહાર લેવાનું અમને જણાવ્યું છે. તમારે દ્રવ્યથી બાવીશ અભક્ષ્ય નહિ વાપરવાનાં. અમારે માટે દ્રવ્યથી છ વિગઈઓ અભક્ષ્ય છે. રસકસવાળો આહાર ભગવાને ના પાડ્યો



છે. એટલે દ્રવ્યથી અમારે અરસનીરસ આહાર-અંતપ્રાંત ભિક્ષા લેવાની. ક્ષેત્રથી શ્રાવકોની નજર ન પડે એ રીતે બેસીને જ વાપરવાનું. કાળથી અમારે પુરિમડ્ઢના પચ્ચખ્ખાણે જ એકાસણું કરવાનું છે. સવારની કે સાંજની ગોચરી અમારે ન જવાય. ભાવથી અમારે માત્ર શરીર ટકાવવા માટે આહાર લેવાનો. છ કારણ ઉપસ્થિત થાય ત્યારે જ આહાર લેવાનો. ઈન્દ્રિયોની આસક્તિ આ કૃત્યાકૃત્યના વિવેકને હરી લે છે. શરીરને સુખ આપવા માટે આપણે રાત-દિવસ મહેનત કરી તેના કારણે જ આપણો વિવેક નાશ પામ્યો છે.

સુખ પામવા માટે મહેનત કરવી અને દુઃખ ટાળવા માટે મહેનત કરવી - આ એક અવિવેક છે. આ અવિવેક ઈન્દ્રિયો આપણને શીખવે છે. જે વસ્તુ એકાંતે નુકસાનકારક છે તેને પામવા માટે મહેનત ન કરવી અને જે વસ્તુ એકાંતે લાભદાયી છે તેને ટાળવા માટે મહેનત ન કરવી તેનું નામ વિવેક. સુખનો ભોગવટો નુકસાનકારક છે ને ? અને દુઃખ સમતાથી ભોગવવું - એ લાભદાયી છે ને ? તેથી દુઃખ ટાળવું નથી અને સુખ મેળવવું નથી. આ વિવેકનો નાશ ઈન્દ્રિયો કરે છે : એમ જણાવ્યા બાદ ફરમાવે છે કે આ ઈન્દ્રિયો આપણા પુણ્યરૂપી વૃક્ષના ટુકડે ટુકડા કરી નાંખે છે. ઈન્દ્રિયોની આસક્તિથી વિષયો ભોગવીએ તો પુણ્ય પૂરું જ થઈ જવાનું, નાશ પામવાનું. આજે આપણને પુણ્યના યોગે સામગ્રી તો ઊંચામાં ઊંચી મળી છે, પરંતુ આપણે એને સુખનો ભોગવટો કરવામાં જ વેડફી નાંખીએ છીએ. એના કારણે આપણું પુણ્ય ખલાસ થઈ જાય છે. આપણે પુણ્યથી મળેલી સામગ્રીથી ધર્મ ન કરી શકીએ તોપણ તેનો ઉપયોગ સુખ ભોગવવા માટે નથી કરવો - તમે પણ શું કરો ? પૈસો દાનમાં ન આપી શકાય, તોપણ જુગારાદિ વ્યસનમાં તો નથી જ વાપરવો. એમ અહીં પણ પુણ્યનો ઉપયોગ પુણ્ય ભોગવવા માટે નથી કરવો, પુણ્ય છોડવા માટે કરવો છે.

આ ઈન્દ્રિયોની આધીનતાના કારણે વ્રતનો લોપ થાય છે. કારણ કે પાંચ ઈન્દ્રિયોની આસક્તિ અવિરતિમાં સમાય છે. આથી આવા ઈન્દ્રિયના ગણને જીતીએ તો જ આપણું કલ્યાણ થશે.

**(૨૧) દાન ધર્મ :**

ઈન્દ્રિયના જય પછી દાનધર્મ જણાવ્યો છે. આપવું તે દાન નથી, છોડવું તે દાન છે. આપણા ઘરના લોકોને પૈસા આપીએ છીએ છતાં તેને દાન નથી કહેતા. આપવાથી મળે છે માટે નથી આપવાનું, જોઈતું નથી માટે જ આપવું છે. આપણે છોડીએ એ જ લાભ છે. તમે અમને આહારાદિ વહોરાવો તો લાભ તમને મળ્યો કહેવાય કે અમને ? પાત્રાં અમારાં ભરાય છતાં તમે શું કહો ? ઘણો લાભ મળ્યો – એમ જ ને ? આ લાભ કયો છે ? છોડ્યું – એનો જ લાભ છે ને ? તમે ચઢાવા લઈને ટ્રસ્ટમાં પૈસા આપો છતાં લાભ (ચઢાવાનો) તમને મળ્યો કહેવાય છે ને ? આ લાભ છોડવાનો છે. પૈસો મેળવવામાં લાભ નથી, છોડવામાં જ લાભ છે. આ દાનધર્મ ત્રણ પ્રકારનો છે : અભયદાન, સુપાત્રદાન અને ઔચિત્યદાન. અભયદાનની તો શક્તિ નથી ને ? સુપાત્રદાન માટે એટલું નક્કી કરવું છે કે આપણી ધારણાથી વધુ કમાણી થાય તે બધી સુપાત્રમાં આપી દેવી છે. ઔચિત્યદાનમાં અનુકંપાપૂર્વક દરેક અનુષ્ઠાન કરવાનાં છે. અનુકંપા પણ જૂનાં કપડાં કે એઠાં આહારથી કે સડેલા ધાન્યથી ન કરવી. થોડું આપવું છે પણ ચોખ્ખું આપવું. ભિખારીને લાઠી મારીને કાઢવાના નહિ. આપણે એમને મિષ્ટાન્ન ન આપી શકીએ, પણ ખીચડી કે ચણામમરા ચોખ્ખા આપવા છે. રેશમી વસ્ત્રો નથી આપવાં, પણ સુતરાઉ કપડાં નવાં આપવાં છે. કાઢી નાંખવાની વસ્તુથી અનુકંપા કરવી એ ઔચિત્યમાં પણ ન સમાય.



**चारित्रं चिनुते धिनोति विनयं ज्ञानं नयत्युन्नतिं,**
**पुष्णाति प्रशमं तपः प्रबलयत्युल्लासयत्यागमम् ।**
**पुण्यं कन्दलयत्यघं दलयति स्वर्गं ददाति क्रमात्,**
**निर्वाणश्रियमातनोति निहितं पात्रे पवित्रं धनम् ।।७७।।**

સુપાત્રદાન, અનુકંપાદાન અને ઔચિત્યદાન : એમ ત્રણ પ્રકારનાં દાન છે. તેમાંથી અનુકંપાદાન અને ઔચિત્યદાન તો પુણ્યબંધનું, સ્વર્ગાદિનું કારણ બને છે. એક સુપાત્રદાન જ ચારિત્રનું કારણ બને છે. અનુકંપાદાનથી તો માત્ર ચારિત્રની સામગ્રી સુલભ બને, સંસાર પ્રત્યે નફરત જાગે. અનુકંપાના પરિણામથી જીવદયાનો પરિણામ ટકે છે. જ્યારે એ પરિણામ સાથે હિંસા કરવી પડે ત્યારે સંસાર ઉપર નફરત જાગે ને ? ત્યાર બાદ જેઓ સંસાર છોડીને બેઠા છે એવા સુપાત્ર ઉપર ભક્તિ જાગે ને ? એ સુપાત્રને દાન આપવાથી ચારિત્ર પ્રાપ્ત થાય છે. આપણા માટે સુપાત્ર તો એકમાત્ર સાધુભગવંતો છે. અરિહંતપરમાત્માની તો ભક્તિ કરવાની છે. સુપાત્રદાન સાધુને કરવાનું છે. આપણને તો સુપાત્રદાનથી પુણ્યબંધ થાય – એવું યાદ આવે ને ? અહીં જણાવે છે કે ચારિત્રધરને દાન આપવાથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ચારિત્રધરની ભક્તિ ચારિત્ર પામવા માટે કરવી છે. દ્રવ્યક્ષેત્રકાળભાવથી ચારિત્રધરને દાન કરવાનું છે. અપવાદે દોષિત આહાર વહોરાવવામાં પણ નિર્જરા થાય છે. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથમાં મહામહોપાધ્યાયજી મહારાજે જણાવ્યું છે કે અનુકંપાદાન સ્વર્ગનું કારણ છે, સુપાત્રદાન મોક્ષનું કારણ છે. ઔચિત્યદાન એટલે આપણા ઘરે આવેલાની આશાનો ભંગ ન કરવો.

સુપાત્રદાન માટે સુપાત્રની નજીક જવાનું બને છે તેના કારણે વિનયનું સંપાદન થાય છે. સાધુ-સાધ્વી પાસે રહેવાથી વિનય શીખવાનું બને. એ

વિનયના ફળરૂપે જ્ઞાન ઉન્નતિને પામે છે. આજે સાધુ-સાધ્વીની નિશ્રામાં કેટલી આવક થઈ - એ જોવાય છે. અમારી કિંમત પણ પૈસાના કારણે છે, જ્ઞાનના કારણે નહિ. ઉપધાનના પ્રસંગે કેટલી આવક થઈ એ લોકો પુછાવે પરંતુ આ પ્રસંગે કેટલું જ્ઞાન મળ્યું - એ કોઈ પુછાવતું નથી. કરોડોની આવક થાય તો રાજી થાય, પણ જ્ઞાન ન મળ્યું એનું દુ:ખ ન હોય ને ? આપણું જ્ઞાન પરાકાષ્ઠાએ ન પહોંચે તો સંસાર નહિ છૂટે. આપણને જ્ઞાન પણ જોઈએ છે, વિનય પણ જોઈએ છે અને ચારિત્ર પણ જોઈએ છે. સાધુ પાસે જઈને જ્ઞાન ન મળે તો સંસારનું સ્વરૂપ ઓળખાશે કઈ રીતે ? સાધુ પાસે જ્ઞાન મેળવવા જવાનું છે, બીજી પંચાત કરવા માટે નહિ. ડોક્ટર પાસે જાઓ તો તમારાં બૈરાં-છોકરાંની વાત કરો કે તમારા રોગની વાત કરો ? તો સાધુ પાસે જઈને તેઓ ક્યાંના છે, કયો ધંધો કરતા હતા... એ બધું પૂછવાનું કે શાસ્ત્રની વાતો કરવા જવાનું ? સાધુ પાસે જવાથી પ્રશમભાવ પુષ્ટ થાય છે. સાધુની ક્ષમાશીલતા જોવાના કારણે આપણો ગુસ્સો શાંત થાય છે અને આપણામાં પ્રશમભાવ આવે છે. સાધુ પાસે જવાથી સહનશીલતા ખીલે છે. કારણ કે જેટલા મહાપુરુષો મહાપુરુષ થયા છે તે સહનશીલતાના કારણે થયા છે. જે સહન કરે તે સાધુ, આવા સાધુના સમાગમથી સહનશીલતા પ્રગટે. તેમ જ સાધુભગવંત શરીરને ક્ષીણ કરે અને કર્મને ખપાવવાનું કામ તપ દ્વારા કરે. આવો તપ કરવા માટે મનને પ્રબળ બનાવવાનું કામ આ સુપાત્રદાન કરે છે. સુપાત્રદાનથી આગમનો અભ્યાસ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ સુપાત્રદાનથી પુણ્ય બંધાય છે પરંતુ એ પુણ્ય સંસારના સુખની સામગ્રી આપનાર નહિ; પરંતુ જે ચારિત્ર, વિનય, જ્ઞાન વગેરેની વાત કરી તેની સામગ્રીને સુલભ બનાવનાર પુણ્ય સુપાત્રદાનથી બંધાય છે. સુપાત્રદાનથી અશાતા વગેરે પાપ દૂર થાય છે - એવી વાત નથી. મોહનીયાદિ ઘાતિકર્મ



રૂપ પાપ દૂર થાય છે. આ સુપાત્રદાન દ્વારા મોક્ષ ન મળે તો સ્વર્ગનું આયુષ્ય બંધાય છે અને અંતે ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ સુપાત્રદાનથી થાય છે.

**(૨૨) તપ :**

ધર્મના પ્રકાર અનેક છે પરંતુ તેનો ઉદ્દેશ તો એકમાત્ર મોક્ષ જ છે. આપણે અત્યાર સુધી ધર્મના એકવીસ પ્રકાર જોઈ ગયા. હવે બાવીસમો પ્રકાર તપ જણાવ્યો છે. સંસાર છોડવા માટે દાનધર્મ છે અને સંસારથી મુક્ત થવા માટે તપધર્મ છે. અર્થકામથી મુક્ત બનવા માટે દાનધર્મ છે અને કર્મથી મુક્ત થવા માટે તપધર્મ છે. સંસારનો ત્યાગ કર્યા પછી પણ જ્યાં સુધી કર્મનો ત્યાગ ન થાય ત્યાં સુધી મોક્ષ મળતો જ નથી. ખાવાનો ત્યાગ કરવો એ તપ નથી, ખાવાનો રાગ છૂટે એ તપ છે. આપણે દ્રવ્યનો ત્યાગ કરીએ, ટંકનો ત્યાગ કરીએ તેને તપ કહીએ છીએ. શાસ્ત્રકારો કહે છે કે ઈચ્છાનો નિરોધ એ તપ છે. વસ્તુ મળે છે તેના કારણે આપણે સુખી નથી, વસ્તુનો રાગ જાય તેના કારણે આપણે સુખી છીએ. તપ ઈચ્છાનો નિરોધ કરવા માટે છે, ઈચ્છાની પૂર્તિ કરવા માટે નહિ. ઉપધાન કરનારા પણ કેટલા ઉપવાસ કર્યા, કેટલાં આયંબિલ કર્યાં - એ ગણ્યા કરે પરંતુ આટલા દિવસમાં આહારની આસક્તિ કેટલી ઓછી થઈ એ ન વિચારે ! કોઈ વેપારી એવો જોયો છે કે માત્ર ઘરાકી જોયા કરે ? વેપારી તો કમાણી કેટલી થઈ એ જાુએ. એમાંથી પણ ખર્ચા બાદ કર્યા પછી કેટલા બચે - એ જાુએ. તેમ આપણે પણ ખાવાનો, વિગઈઓનો રાગ કેટલો ગયો - એ જોવું છે. આપણે ત્યાગ ઘણો કરીએ છીએ પરંતુ તપ બાકી રહે છે. ઈચ્છાનો નિરોધ ન થાય ત્યાં સુધી તપ થયો નથી - એમ સમજવું. આ તો તપમાં પણ એટલું દબાવીને વાપરે કે જેથી બીજા દિવસે ભૂખ ન લાગે. આપણે કહેવું પડે

કે ભૂખ લાગે નહિ તે તપ નથી, ભૂખ વેઠવી એ તપ છે. આપણે બીજાં તપ ઘણાં કર્યાં, પણ ઈચ્છાનિરોધ નામનો તપ બાકી છે ને ? આજે નિયમ કરવો છે કે જેની ઈચ્છા થાય તે વસ્તુ ન વાપરવી : આટલું બને ને ? તપ કરવા છતાં આજે નિર્જરા થતી નથી તેનું કારણ એ છે કે તપનું સ્વરૂપ જ રહ્યું નથી. જે ચિત્રમાં દોરેલા આંબા હોય તેનાથી પેટ ન ભરાય ને ? તેમ આપણા તપથી કર્મની નિર્જરા નથી થતી.

સ૦ પારણામાં વસ્તુની ઈચ્છા થાય તો તપ જાય ?

સાધુપણામાં જેને અવિરતિની ઈચ્છા જાગે તેનું સાધુપણું જાય ને ? તેમ તમને પણ વિશિષ્ટ વસ્તુની ઈચ્છા થાય તો તમારો તપ નકામો જવાનો. અમારા આચાર્યભગવંતે અમને કહેલું કે ઉપવાસના પારણે સૂંઠપિંપરામૂળની ગોળીની પણ ઈચ્છા જાગે તો તેવો ઉપવાસ ન કરવો. તપના નિમિત્તે વિશિષ્ટ ઈચ્છા ન જાગે એવો તપ કરવાનો.

**(૨૩) ભાવના :**

તપ પછી ત્રેવીસમો પ્રકાર ભાવના બતાવી છે. તપને પુષ્ટ બનાવી વૈરાગ્યને લાવી આપે એવી ભાવના છે. જે ભૂતકાળની સિદ્ધિને ટકાવે અને ભવિષ્યની સિદ્ધિ લાવી આપે તેનું નામ ભાવના. સાધનને લાવી આપે અને સાધ્યને સિદ્ધ કરી આપે તેનું નામ ભાવના. તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં પારણું ન થાય અને તપ થાય એ માટે ભાવના ભાવવાનું જણાવ્યું છે. આપણે ઈચ્છાનિરોધની ભાવના ભાવવી છે ને ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર પામવા માટે પણ ઈચ્છાનિરોધ કરવો પડશે. સંસારનું સુખ ભોગવવાની ઈચ્છાનો અને દુ:ખ ટાળવાની ઈચ્છાનો નિરોધ કર્યા વિના સમ્યક્ત્વાદિ ગુણો મળતા નથી. સમકિતીને ઈચ્છા અવિરતિના યોગે થાય,



પણ તે ઈચ્છા કરે નહિ. ખાવાની ઈચ્છા થાય એ બરાબર; પરંતુ ખાતી વખતે સંયોજના કરવી, એ ઈચ્છા કરી કહેવાય. એક વાર ઈચ્છા મરી જાય અને ઈચ્છાને મારવાનો પ્રયત્ન શરૂ થઈ જાય તો ધર્મ કરવાનું કામ સાવ સહેલું છે. આપણી ઈચ્છાઓના કારણે જ આપણે આપણો સંસાર ઊભો કર્યો છે. હવે જો સંસારનો અંત લાવવો હોય તો ઈચ્છાનો નિરોધ કરવો જ પડશે. સંસારનું સુખ ભોગવવાની ઈચ્છા સમ્યગ્દર્શનને રોકી રાખે છે, વિકથાની ઈચ્છા જ્ઞાનને રોકી રાખે છે, અવિરતિની - પાંચે ઈન્દ્રિયોના વિષયોની ઈચ્છા ચારિત્રને રોકી રાખે છે. તેથી આ ગુણો પામવા માટે ઈચ્છાનો નિરોધ કર્યા વિના નહિ ચાલે.

જેઓને મોક્ષે જવાની ભાવના પ્રબળ છે તેમની ભાવના સફળ બને એ માટે ધર્મના પ્રકારો આ ગ્રંથમાં શાસ્ત્રકારોએ જણાવ્યા છે. આપણે આ વર્ણન ઘણા દિવસથી વિચારી રહ્યા છીએ છતાં આપણને એમાં સ્વાદ આવે છે ? જેને જિજ્ઞાસા હોય તેને જ આ ઉપાયો સાંભળતાં આનંદ આવે. જેને મન ન હોય તે સાંભળવા બેસે તો સાંભળતી વખતે તેનું મન બગડે. જમતી વખતે કોળિયે કોળિયે સ્વાદ આવે એની તકેદારી રાખનારા વ્યાખ્યાન-વાચના સાંભળતી વખતે વાક્યે વાક્યે આનંદ આવે એવી કાળજી રાખે ખરા ? આજે આપણે ભાવનાની વાત કરવી છે, માટે આટલી ભૂમિકા વિચારવી છે. આજે આપણને ધર્મ જાણવાની ઈચ્છા જ નથી, માટે ધર્મશ્રવણમાં આનંદ આવવાના બદલે કંટાળો આવે છે, ઊંઘ આવે છે. જમવા બેસેલાને ઊંઘ આવે ? ધંધો કરવા બેસેલાને ઊંઘ આવે ? ભાવના એ આપણી ધર્મની સાધનાનો સ્થાયીભાવ છે. જે કામ જે ઈરાદાથી શરૂ કર્યું હોય તેમાં ભંગ ન પડે તેનું નામ સ્થાયીભાવ. જેમ શૃંગારરસનું વર્ણન કરનાર સ્ત્રીના શરીરની સુંદરતાનું જ વર્ણન કરે, સ્ત્રીના શરીરમાં રહેલી સાત ધાતુસ્વરૂપ

અશુચિની વાત વચ્ચે ન લાવે. કારણ કે આ અશુચિનું વર્ણન કરે તો બિભત્સરસ આવે અને એના કારણે શૃંગારરસમાં ભંગ પડે. સ્ત્રી પ્રત્યે રાગ પેદા કરવા માટે શૃંગારરસનું વર્ણન હોય. જ્યારે સ્ત્રી પ્રત્યે વૈરાગ્ય પેદા કરાવવા માટે સ્ત્રીની સુંદરતા નહિ વર્ણવવાની, સ્ત્રીના શરીરની અશુચિમયતાનું જ વર્ણન કરવું પડે. એ જ રીતે ધર્મ કરતી વખતે આપણી ભાવના નાશ પામવી ન જોઈએ. એ ભાવના સંસારથી છૂટીને મોક્ષે જવાની અને મોક્ષના ઉપાયો જાણવાની હોવી જોઈએ. દાન આપતી વખતે આપણું ધનનું મમત્વ મર્યું છે કે નહિ - એ વિચારવું છે. દુનિયાના દરેક ક્ષેત્રમાં ભાવને મહત્ત્વ આપનારા ધર્મના ક્ષેત્રમાં જ કેમ ભાવની ઉપેક્ષા કરે છે ? સ્નાન કરતી વખતે માત્ર લોટાથી પાણી રેડ્યા કરો કે તેમાં શરીર સાફ કરવાનો ભાવ હોય જ ? ઈસ્ત્રી કરતી વખતે કરચલી ન પડે એ ભાવ હોય ને ? જમતી વખતે માખી ન આવી જાય એ સ્થાયીભાવ હોય ને ? તેમ ધર્મશ્રવણ કરતી વખતે ઊંઘ આવવી જ ન જોઈએ અને સ્વાદ આવવો જ જોઈએ - આ સ્થાયીભાવ હોવો જોઈએ. ધર્મનું શ્રવણ બેધ્યાનપણે કરવું : આ એક ધર્મ પ્રત્યેનો અનાદર છે. શાસ્ત્રકારો કહે છે કે ધર્મમાં અનાદર એ પ્રમાદ છે - એ પ્રમાદ સૌથી મોટું પાપ છે. તમે ધર્મ નાનો કરશો તો ચાલશે, ઓછો કરશો તો ચાલશે, પણ અનાદરપૂર્વક તો એક પણ ધર્મ નથી કરવો. ગૃહસ્થપણાનો ધર્મ હોય કે સાધુપણાનો ધર્મ હોય એ દરેક ધર્મની ક્રિયા ભવનો નાશ નથી કરતી, અસલમાં તો ભાવના જ ભવનો નાશ કરનારી છે. આવી ભવવિનાશિની એવી ભાવનાની ઉપેક્ષા કરનારા ગમે તેટલી ક્રિયાઓ કરે છતાં તેમના ભવનો અંત આવતો નથી. આજે ધર્મ કરતી વખતે ભવનો અંત લાવવાની ભાવના છે કે માત્ર ધર્માનુષ્ઠાન શરૂ કર્યું છે તેથી પૂરું કરવાનો ભાવ છે ? ઉપધાન કરતી વખતે મોક્ષે જવાની કે સંસારથી છૂટવાની ભાવના છે કે હવે શરૂ



કર્યાં છે તો ગમે તે ભોગે પૂરાં કરવાં છે ? આ બધી વાત ક્રિયાનો ઉચ્છેદ કરવા માટે નથી, આપણી ક્રિયાઓમાં ભાવના પ્રાણ પૂરવા માટેની આ વાત છે. જેમાંથી પ્રાણ ચાલી ગયા હોય એવું સુંદર પણ શરીર અગ્નિસંસ્કાર કરવા યોગ્ય જ ગણાય ને ? તે રીતે શાસ્ત્રકારો કહે છે કે ભાવ વગરનો ધર્મ, પ્રાણ વગરના મડદા જેવો છે. આવો ધર્મ આપણા ભવનો અંત કઈ રીતે લાવે ? ભગવાનના શાસનનાં ગુણઠાણાં પણ ક્રિયાના યોગે આગળ નથી વધતાં, ભાવના કારણે આગળ વધે છે. જેઓ સાધુપણું લઈને છઠ્ઠે-સાતમે ગુણઠાણે આવેલા છે તેમને પણ શાસ્ત્રકારોએ ક્રિયા ટકાવવાનો ઉપદેશ ન આપતાં ભાવને ટકાવી રાખવાનો ઉપદેશ આપ્યો છે. શ્રી દશવૈકાલિકસૂત્ર તથા શ્રી આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે 'जाए सद्धाए निक्खन्तो तमेव अणुपालिज्जा' (જે શ્રદ્ધાથી દીક્ષા પાળવા નીકળ્યો છે, તે શ્રદ્ધાને ટકાવી રાખજે, વધારજે...) ચારિત્રધરને પણ ચારિત્ર ટકાવવાના બદલે શ્રદ્ધા ટકાવવાનો ઉપદેશ આપ્યો છે. ચારિત્ર ક્રિયારૂપ છે, શ્રદ્ધા ભાવરૂપ છે. સાધુના વેશમાં કે સ્થાનમાં ટકવું એ મહત્ત્વનું નથી, ગુણમાં ટકવું - એ મહત્ત્વનું છે. જ્યારે દીક્ષાર્થી દીક્ષા લેવા નીકળે તેને એટલી તો શ્રદ્ધા હોય ને કે સંસારમાં જે રીતે જીવ્યા છીએ એ રીતે સાધુપણામાં નહિ જિવાય. ત્યાં ઈચ્છા મુજબ જીવતા હતા, અહીં ઈચ્છા મુજબ નહિ જિવાય, ગુરુની અને ભગવાનની આજ્ઞા મુજબ જીવવું પડશે. ત્યાં પૂછ્યા વિના કામ કરતા હતા, હવે સાધુપણામાં પૂછ્યા વિના કામ નહિ કરાય. ત્યાં પ્રમાદ કરતા હતા અહીં પ્રમાદ નહિ કરાય. ત્યાં ઊંચે સાદે બોલતા હતા હવે ઊંચે સાદે નહિ બોલાય. ત્યાં વિકથા કરતા હતા, અહીં વિકથા નહિ કરાય... આ શ્રદ્ધાથી નીકળ્યા છીએ તો એને ટકાવી રાખવી છે. ગમે તેટલાં પગથિયાં ચઢ્યા હોઈએ, ટોચ પર ચડ્યા હોઈએ, પરંતુ જરાક પગ લપસે તો ઉપરથી નીચે જમીન ઉપર

નહિ, ખાડામાં પડે. તેમ ઊંચામાં ઊંચી સાધના કરનાર સહેજ પ્રમાદ કરે તો સાધના નકામી જ જાય ને ? લાખ રૂપિયાનું જોખમ આખી રાત સાચવ્યું, પણ છેલ્લે પાંચ સેકન્ડમાં ઝોકું ખાઓ તો જોખમ જાય ને ? 'આપણે કેટલું કર્યું છે' - એ નથી જોવું 'કેટલું બાકી છે' - એ જોવું છે. કર્યું છે એ કામ નહિ લાગે, બાકી છે એ નડવાનું.

ધર્મ કરતી વખતે સંસારથી તરવાનો ભાવ હોવો જ જોઈએ. ધંધો કરતી વખતે કમાવાનો ભાવ હોય ને ? તેમ ધર્મ કરતી વખતે તરવાનો ભાવ જોઈએ. કોઈ માણસ નહાતા ઊંઘે ? અમારે ત્યાં તો ધર્મ કરતાં ઊંઘે ! શાલ ઓઢીને નહાતા કોઈને જોયા ? અમારે ત્યાં તો શાલ ઓઢીને પગના મોજાં ચઢાવીને ઉપધાનની ક્રિયા કરનારા જોઈએ એટલા મળે. ધર્મ કરતી વખતે દુઃખ ભોગવવાનો અધ્યવસાય જોઈએ જ.

સ૦ દુઃખ ભોગવ્યા વિના ધર્મ ન થાય ?

દુઃખ ભોગવ્યા વિના સંસારનું સુખ પણ નથી મળતું તો મોક્ષની પ્રાપ્તિ દુઃખ ભોગવ્યા વિના ક્યાંથી થાય ? શરીરની દવા પણ દુઃખ ભોગવ્યા વિના નથી થતી, તો આત્માની ચિકિત્સા દુઃખ ભોગવ્યા વિના કઈ રીતે થાય ? ધર્મની સાધના કરતી વખતે આ દુઃખ ભોગવી લેવાનો અધ્યવસાય કેળવવો જ પડશે. ધર્મ કરતી વખતે ભાવના આ જ જોઈએ. દુઃખ ભોગવવાના અધ્યવસાય વિના અથવા દુઃખ ન ભોગવવાના નિર્ણયના કારણે આપણો ધર્મ ભાવ વગરનો બની ગયો છે. હવે આ ધર્મમાં ભાવનાના પ્રાણ પૂરવા માટે આપણે દુઃખ ભોગવવાનો અધ્યવસાય કેળવવો છે. દુઃખ તો આપણા પાપનો ઉદય હશે તો આવશે, પરંતુ દુઃખ ભોગવવાનો અધ્યવસાય તો આપણે કાયમ માટે રાખવો છે.



**धनं दत्तं वित्तं जिनवचनमभ्यस्तमखिलं,**
**क्रियाकाण्डं चण्डं रचितमवनौ सुप्तमसकृत् ।**
**तपस्तीव्रं तप्तं चरणमपि चीर्णं चिरतरं,**
**न चेच्चित्ते भावस्तुषवपनवत्सर्वमफलम् ।।८८।।**

અનંતોપકારી શ્રી અરિહંતપરમાત્માના પરમતારક શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિઓએ આપણી ક્રિયાની સફળતા ભાવના કારણે જ છે - એ આ શ્લોકથી જણાવ્યું છે. આ વાત ક્રિયાને કાઢી નાંખવાની નથી, ભાવને લઈ આવવાની વાત છે. જે અધૂરું હોય તે ફેંકી દેવાની વાત નથી, જે ઓછું હોય તેને પૂરું કરવાની આ વાત છે. રસોઈમાં મીઠું કે મરચું ઓછું હોય તો રસોઈ ફેંકી દો કે મીઠું-મરચું ઉમેરીને વાપરો ? ચામાં કે શરબતમાં સાકર ઓછી હોય તો ઉપરથી નાંખો ને કે ફેંકી દો ? અને અમે જો ક્રિયામાં ભાવ ભેળવવાની વાત કરીએ તો કહે કે આ નિશ્ચયનયની દેશના છે. આપણે એમને પૂછવું પડે કે દહીંવડામાં મીઠું-મરચું, ચટણી નાંખવી - એ નિશ્ચયનયની વાત છે કે વ્યવહારનયની ? શાસ્ત્રકારો આપણી ક્રિયાઓને શુદ્ધ બનાવવાની વાત કરે ત્યારે એને નિશ્ચયનયની વાત કહીને આપણે એની ઉપેક્ષા નથી કરવી. આપણે ધર્મ તો કરીએ છીએ, પરંતુ ધર્મ કરતી વખતે આપણને કરવાનો ભાવ છે કે તરવાનો ભાવ છે ? તમે પણ અહીં આવ્યા તો ઉપધાન કરવા માટે જ આવ્યા છો ને ? કે ઉપધાનથી તરવા માટે આવ્યા છો ? તમે જમવા જાઓ તો તે વખતે જમવાનો ભાવ હોય કે પેટ ભરવાનો અથવા સ્વાદ લેવાનો ભાવ હોય ? માત્ર કરવાનો ભાવ હોય અને ફળ પામવાનો ભાવ ન હોય એવી તો સંસારની એક પણ ક્રિયા નથી.

અહીં સૌથી પહેલાં જણાવ્યું છે કે ઘણું દાન આપ્યું હોય તોપણ ભાવ વિનાનું નિષ્ફળ છે. ગૃહસ્થપણાના ધર્મની શરૂઆત દાનથી થાય છે. તેથી પહેલાં તેની વાત કરી. દાન ઘણું આપ્યું હોય પણ તે વખતે છોડવાની વૃત્તિ હોય કે મેળવવાની ? જ્યાં સુધી ખંખેરવાની વૃત્તિ હશે ત્યાં સુધી દાનધર્મ ભાવ વિનાનો હોવાથી નિષ્ફળ જવાનો. આ ખંખેરવાની વૃત્તિના કારણે આપવાની વૃત્તિ નાશ પામી ગઈ છે. આ દાનધર્મ અવિરતિપ્રત્યયિક છે તેથી બીજા ક્રમે વિરતિપ્રત્યયિક અનુષ્ઠાન જણાવે છે કે સમસ્ત જિનવચનનો અભ્યાસ કર્યો હોય છતાં પણ જો જ્ઞાનથી વિરતિ પામવાનો ભાવ ન હોય તો તે અભ્યાસ પણ નકામો જાય છે. જ્ઞાન વિરતિને લાવવાનું કામ ન કરે તો એ જ્ઞાન જ્ઞાન જ નથી. આજે ભણતી વખતે પણ સુખ ભોગવવાની વૃત્તિ હોય કે જ્ઞાન પામવાની ? અભ્યસ્તદશાનું જ્ઞાન પણ જો આ સંસારથી તરવાના ભાવ વિના મેળવ્યું હોય તો તે જ્ઞાન અજ્ઞાનને ટાળનારું નહિ બને. ત્યાર બાદ જણાવે છે કે ક્રિયાકાંડ પણ ચુસ્તપણે કર્યા હોય, જરા પણ અવિધિ ન કરી હોય છતાં પણ તે ક્રિયા કરતી વખતે જો સંસારથી તરવાનો ભાવ નહિ હોય તો તે ક્રિયાકાંડ પણ સંસારમાં જ રાખવાનું કામ કરશે. ભૂમિ ઉપર અનેકવાર ઊંઘવા સ્વરૂપ કષ્ટ પણ ઘણાં સહન કરવા છતાં પણ જો કર્મનિર્જરાનો ભાવ ન હોય તો તે વેઠેલું કષ્ટ પણ નકામું જવાનું. આગળ જણાવે છે કે તીવ્રકોટિનાં તપ તપ્યાં હોઈએ, લાંબા કાળ સુધી નિરતિચાર ચારિત્રનું પાલન કર્યું હોય પણ જો ચિત્તમાં સંસારથી તરીને મોક્ષે જવાનો ભાવ ન હોય તો આ બધું જ ફોતરા વાવવાની ક્રિયાની જેમ નિષ્ફળ જાય છે. ધાન્યનાં ફોતરાં વાવવાથી અનાજ ન ઊગે, બીજ વાવીએ તો જ અનાજ ઊગે. તેમ ભાવ વિનાની સારામાં સારી ક્રિયા સંસારથી તરવા કામ નહિ લાગે. તો ભાવ વિનાની ક્રિયાથી ચલાવવાનું કે ક્રિયામાં ભાવ લાવવા



પ્રયત્ન કરવાનો ? આ તો અમને પૂછવા આવે કે ભાવ વગરની ક્રિયા નહિ કરવાની ? આપણે એમને પૂછવું પડે કે બીજ ન હોય તો ફોતરાની ખેતી કરીએ તે ચાલે ? કે ફોતરાના બદલે બીજ લાવીને વાવવાં પડે ને ? તેમ અહીં પણ ભાવ લાવીને ક્રિયા કરવી છે.

સ૦ શરૂઆતમાં માત્ર ધર્મ કરવાનો ભાવ હોય તો ચાલે ને ?

આપણે ધર્મની શરૂઆત જ સંસારથી તરવાના ભાવથી કરવી છે. શાસ્ત્રકારો કહે છે કે ધર્મની શરૂઆત ક્રિયાથી નથી થતી, સંસાર તરવાના ભાવથી થાય છે.

સ૦ ભાવમાં તરતમતા હોય ને ?

કરવાના ભાવમાં તરતમતા હોય એ બને - કારણ કે કરવાનું તો શક્તિ મુજબ છે. જ્યારે તરવાના ભાવમાં તરતમતા હોય - એ ન ચાલે. જો તરવાના ભાવમાં તરતમતા હોય તો ગુણઠાણામાં ભેદ પડવાનો. તરવાનો ભાવ શક્તિ મુજબ નથી ભાવવાનો. અમારાં સાધુ-સાધ્વીને પણ ગુરુ ગમી જાય માટે દીક્ષા લેવા તૈયાર થઈ જાય. તેમને દીક્ષા ગમે છે - માટે જ દીક્ષા લીધી છે - એવું કહી શકાય એવું નથી.

### (૨૪) વૈરાગ્ય :

ભાવના પછી વૈરાગ્ય જણાવ્યો છે. કારણ કે સંસારથી તરવાનો ભાવ જેને હોય તેણે રાગ મારવાનો પ્રયત્ન સૌથી પહેલાં કરવો પડશે. આપણે ધર્મ પણ રાગ સાથે જ કરીએ છીએ ને ? શાસ્ત્રકારો કહે છે કે અનંતાનુબંધીનો રાગ ટાળ્યા વિના સમ્યગ્દર્શન પામી નહિ શકાય. આપણે ત્યાગધર્મ કરીએ છીએ, પરંતુ તે વખતે રાગ મારવાનો ઉદ્દેશ

નથી હોતો. તેથી જ બાધા જે દિવસે પૂરી થાય તે દિવસે આનંદ થાય છે. આપણે ત્યાગ કરવા પહેલાં રાગ છોડવાનો ઉદ્દેશ કેળવવો છે. રાગ દૂર કરવાના ઉદ્દેશ વિના ગમે તેટલો ત્યાગ કરવામાં આવે તોપણ તેની કોઈ કિંમત નથી.

ધર્મ આપણે વૈરાગ્યથી વાસિત થઈને કરવો છે. આપણે ધર્મ કરતી વખતે સુખના રાગથી અને દુઃખના દ્વેષથી વાસિત થઈને જ ધર્મ કરીએ છીએ ને ? આપણે ધર્મ કરતી વખતે એટલું નક્કી કરવું છે કે પુણ્ય બંધાય કે ન બંધાય, પરંતુ આપણા ધર્મથી પાપ તો બંધાવું જ ન જોઈએ.

સ૦ ધર્મ કરતી વખતે પાપ કઈ રીતે બંધાય ?

સુખના રાગથી ધર્મ કરે તો તેના કારણે અવિરતિનું પાપ બંધાય છે અને જો એમાં કશું ખરાબ પણ ન લાગે તો મિથ્યાત્વ પણ બંધાવાનું. સુખનો રાગ એ અવિરતિ છે. અવિરતિની હાજરીમાં ધર્મ કરે તોય અવિરતિ બંધાય. એ અવિરતિ ઉપાદેય ન લાગે તો મિથ્યાત્વ ન બંધાય. પણ અવિરતિની ઉપાદેયબુદ્ધિ હોય તો મિથ્યાત્વનું પાપ પણ બંધાવાનું. આપણે ધર્મ કરીએ છીએ, પરંતુ પાપનો બંધ અટકાવવા માટે પ્રયત્ન નથી કરતા. તેથી જ શાસ્ત્રકારોએ વૈરાગ્ય પામવાનું જણાવ્યું છે. રાગના કારણે પાપબંધ થાય છે. પાપબંધ અટકાવવા માટે રાગને દૂર કરવો જ પડશે. આજે આપણા ધર્મમાં સુખની છાયા પૂરતા પ્રમાણમાં વર્ત્તાય છે. સુખ એટલું નથી જેટલી સુખની છાયા વર્ત્તાય છે. આ રાગની છાયા ચોવીસ કલાક આપણા જીવનમાં આપણા ધર્મમાં પણ પડેલી છે ને ? એટલે જ આપણો ધર્મ ફળીભૂત થતો નથી, સંસારથી તારનારો નથી બનતો. આપણા માટે ઊંચામાં ઊંચું સુખ ખાવાનું છે ને ? પૈસા ગમે તેટલા હોય પણ જો ખાવા ન મળે તો ફાવે ખરું ? આપણે



રાગને મારવાની શરૂઆત ખાવાથી કરવી છે. આપણી તપની પ્રવૃત્તિ ટકે કે ન ટકે આપણો રાગ તો જવો જ જોઈએ. અમારા આચાર્યભગવંત પણ કહેતા હતા કે તમે તપ કરવા પહેલાં ખાતાં શીખો. આપણું ભાણું જ આપણા તપને જણાવનારું હોવું જોઈએ. સૌથી પહેલાં ભાણું સુધારવું છે. આજે એટલો નિયમ લેવો છે કે જ્યારે પણ જમવા બેસીએ ત્યારે રોટલી અને ભાત બે વસ્તુ સાથે ન લેવી. રોટલી એટલે રોટલા, થેપલા, ભાખરી વગેરે બધું જ સાથે ગણી લેવું, જો ભાત વાપરીએ તો આ બધાનો ત્યાગ સમજી લેવો. એ જ રીતે રોટલી વાપરીએ ત્યારે ભાતની સાથે ખીચડી, થૂલી, ઘેંસ, ભડકું વગેરેનો પણ ત્યાગ સમજી લેવો. વૈરાગ્યની શરૂઆત ભાણાથી જ કરવાની. ખાવાની પ્રવૃત્તિ તો તેરમા ગુણઠાણા સુધી રહેવાની. તેથી પ્રવૃત્તિ તો ટાળી નહિ શકાય, પરંતુ જેના કારણે રાગ થાય તેવી વસ્તુ વાપરવી નથી. અનુકૂળતાનું અર્થીપણું છોડવું તેનું જ નામ વૈરાગ્યથી વાસિત ધર્મ કરવો. જેને ખાતાં આવડે તેને બધું જ આવડ્યું – એમ સમજવું. જેમ રોટલી અને ભાત સાથે નથી વાપરવા તેમ દાળ અને શાક પણ સાથે ન લેવા. દાળ લીધી હોય તો શાક ન લેવું અને શાક લીધું હોય તો દાળ ન લેવી. રસનેન્દ્રિય બે કામ કરે છે : એક ખાવાનું અને બીજું બોલવાનું. બાકીની ઈન્દ્રિયો તો એક એક જ કામ કરે છે. તેથી સૌથી પહેલાં રસનાને કાબૂમાં લેવી છે. તે માટે બે નિયમ આપવા છે કે એક ભાણામાં રોટલી અને ભાત : બેમાંથી એક જ વસ્તુ લેવી તેમ જ શાક અને દાળ : બેમાંથી એક જ વસ્તુ લેવી. અને બીજો નિયમ એ લેવો કે કોઈ પૂછે નહિ ત્યાં સુધી બોલવું નહિ. પૂછ્યા વિના, વણમાંગી સલાહ આપવી નહિ. રાગ મારવો હોય તો જે જે વસ્તુ અને જે જે વ્યક્તિ ઉપર રાગ થાય તેનાથી અળગા થઈ જવું – આ ઉપાય યોગશતકમાં જણાવ્યો છે. આપણે રાગ મારવા માટે એકત્વભાવનામાં આરૂઢ થવું છે. જો રાગ મારવા માટે પ્રયત્ન

કરવાનું મન ન થાય તો સમજી લેવું કે ધર્મ માત્ર કરવા માટે કર્યો છે, પામવા માટે નથી કર્યો. આપણો તપ જો કીમતી હોય તો તેને સાચવવા માટે પારણાને સુધારવું છે. ગઈ કાલે ઉપવાસ કર્યો છે માટે પારણું ભર્યે ભાણે કરવું છે – એના બદલે એમ કહો કે – ગઈ કાલે ઉપવાસનો તપ કર્યો છે તેથી જ આજે પારણામાં ત્યાગ કરવો છે, તપનું સાટું નથી વાળવું. નહિ તો પારણાના કારણે જ તપ ધોવાઈ જશે. ક્રોધના કારણે ક્રોડ પૂર્વનું સંયમ જાય છે, પરંતુ લોભ તો એના કરતાં પણ ભૂંડો છે, કારણ કે લોભિયાને તો સંયમની યોગ્યતા પણ મળતી નથી. જમવા માટે ગયેલો કોઈ વસ્તુ માંગે તો તેને લોકો પણ સારો નથી ગણતા. વૈરાગ્યથી વાસિત થઈને ધર્મ કરવો હોય તો ત્રીજો નિયમ આપવો છે કે કોઈની પાસે કશું માંગવું નહિ : આટલું બનશે ને ?

### (૨૫) મોક્ષની ઈચ્છા :

આ રીતે મોક્ષના ચોવીસ ઉપાય આપણે વિચારી ગયા. મોક્ષના ઉપાય જણાવનારી ગાથામાં છેલ્લે લખ્યું છે કે निर्वृतिपदे यद्यस्ति गन्तुं मनः । જો તમને મોક્ષમાં જવાનું મન હોય તો... આ ઉપાય સૌથી મહત્ત્વનો છે. જેની પાસે મોક્ષે જવાની ઈચ્છા હશે તે જ ઉપર જણાવેલા ચોવીસ ઉપાયને સારી રીતે આત્મસાત્ કરી શકશે. આપણને મોક્ષમાં જવાની ઈચ્છા છે ને ? જ્યાં સુધી સંસારના સુખની ઈચ્છા પડી હશે ત્યાં સુધી મોક્ષની ઈચ્છા જાગે એ વાતમાં માલ નથી. અત્યાર સુધી આપણે ભક્તિ વગેરે ઉપાયો સેવ્યા નથી એવું નથી પરંતુ સંસારની ઈચ્છા મરી નહિ અને મોક્ષની ઈચ્છા પ્રગટી નહિ માટે તે ઉપાયો મોક્ષને આપનારા ન બન્યા. શાસ્ત્રમાં મોક્ષની ઈચ્છાનું મહત્ત્વ જણાવતાં ફરમાવ્યું છે કે જેઓ મોક્ષની ઈચ્છાથી અજ્ઞાનમૂલક કષ્ટ વેઠે છે, પર્વત ઉપરથી ઝંપાપાત



કરે છે, કાશીમાં કરવત મુકાવે છે તેમને મોક્ષબાધક સામગ્રીનો બાધ થાય છે. જ્યારે મોક્ષની ઈચ્છા વિના માત્ર સંસારસુખની ઈચ્છાથી ભગવાને કહેલાં અનુષ્ઠાન કરવામાં આવે તોપણ તેનાથી મોક્ષસાધક સામગ્રી દુર્લભ બને છે. આપણને સાધક સામગ્રી તો મળી ગઈ છે હવે મોક્ષની ઈચ્છા પ્રગટાવવા માટે પ્રયત્ન કરી લેવો છે. જેને મોક્ષની ઈચ્છા જાગે તેને સંસારમાં રાખવા કોઈ સમર્થ નથી અને જેને મોક્ષની ઈચ્છા ન હોય તેને મોક્ષે પહોંચાડવા કોઈ સમર્થ નથી. તેથી આપણે સૌથી પહેલાં મોક્ષની ઈચ્છા પેદા કરવા પ્રયત્ન કરવો છે. આ રીતે આપણે સૌ આ મોક્ષના ઉપાયો વહેલામાં વહેલી તકે આત્મસાત્ કરી મોક્ષે જવા પ્રયત્નશીલ બનીએ – એ જ એક શુભાભિલાષા...